# સુશાસનના પંથે
# પંચાયતોના પ્રયાસો



# સમગ્ર પ્રક્રિયાની આછેરી ઝલક...

















# સુશાસનના પંથે
# પંચાયતોના પ્રયાસો

સેતુ અભિયાન
કચ્છ નવનિર્માણ અભિયાન

Kutch Nav Nirman
ABHIYAN

**:: સંપાદક ::**
સંજયભાઇ દવે - 'ચરખા'
ઉત્કંઠાબેન ધોળકીયા - 'ચરખા'
જય અંજારિયા - 'ભુજ બોલે છે '

**© : સેતુ અભિયાન**

પ્રથમ આવૃત્તિ : મે - ૨૦૧૮
પ્રત : ૧૦૦૦
કિંમત : નિઃશુલ્ક

:: પ્રકાશક ::
**સેતુ અભિયાન**
કચ્છ નવનિર્માણ અભિયાન
૭૫, ગેટ નં. ૩, બેંકર્સ કોલોની,
ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૨૫૭૭૨/૭૩

મુખપૃષ્ઠ ડિઝાઇન, ટાઇપ સેટીંગ અને મુદ્રણ
**પુજા ગ્રાફીકસ**
સ્ટેશન રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૫૨૯૯૫

# પ્રસ્તાવના...

સુશાસન ના પંથે પંચાયતોના પ્રયાસો....!

આપણે જાણીએ છીએ કે ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. દેશના વિકાસમાં ગ્રામ પંચાયત એ પાયાનું એકમ છે. પંચાયતની રચના પાછળનો મુખ્ય ઉદેશ્ય એ આર્થિક વિકાસ અને સામાજીક ન્યાય પર કેન્દ્રિત થયેલો છે. એટલે એમ કહી શકાય કે વિકાસના મુદાઓનું આખરી ચિંતન ગ્રામ સ્તર પર જ થાય છે અને દેશનાં વિકાસને વેગ અને નવી દિશાઓ મળે છે. ગ્રામ પંચાયતએ ગ્રામ શાસન કે વિકાસની પાયાની સ્થાનિય સરકાર છે. આ સ્થાનિય સરકારને ૭૩માં બંધારણીય સુધારાથી બંધારણીય દરજજો પણ મળેલો છે. સરકાર મારફતે આ માટે પંચાયતોને વિવિધ કામો પણ સોંપવામાં આવેલ છે અને અમુક વહીવટી બાબતો માટે સરકારે વહીવટી વિભાગની પણ રચના કરેલ છે. પંચાયતી રાજનો મુખ્ય ઉદેશ લોકશાહી વિકેન્દ્રિકરણનો એટલે કે સતા લોકોના હાથમાં પહોંચે તે માટેનો છે. આમ પંચાયતી રાજનું અંતિમ ધ્યેય છે સાશન અને નિર્ણયમાં ગ્રામજનોની સહભાગીતા અને સામેલગીરી. ભારતનાં બંધારણની કલમ - ૪૦ માં જોગવાઇ કરવામાં આવી છે કે ગામડાઓનો વહીવટ, આર્થિક, સામાજીક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક બાબતો ગ્રામ પંચાયતની સ્થાપના દ્વારા લોકો મારફતે થાય.

પંચાયતી રાજની સંસ્થાના કાર્યો, કાર્ય પધ્ધતિ અને ભંડોળ વગેરે ગુજરાત પંચાયત અધિનિયમ કાનુન ૧૯૯૩ ના ૧૭૫ સેકશન હેઠળ સમજાવવામાં આવેલ છે. પંચાયતોને સોંપવાનાં ૨૯ વિષયોની યાદીમાંથી ૧૪ વિષયો સંપૂર્ણ રીતે સોંપવામાં આવ્યા છે, ૫ વિષયો આંશિક રીતે સોંપાયા છે અને બાકીના ૧૦ વિષયો હજી સોંપવાનાં બાકી છે. જો કે, ગુજરાતમાં અત્યારે છે તે કરતાં વધારે સત્તા ગ્રામ પંચાયતોને આપવાનો અવકાશ છે. હાલમાં આપણે જોઇએ તો '' પંચાયત માટે ગામનો વિકાસ એટલે, ગામની પાયાની જરૂરીયાતોને શોધી કાઢવી અને ગામના વિકાસને સુગ્રથિત રીતે જોવાને બદલે, ગામમાં જોઇ શકાય તેવું ભૌતિક સુવિધાઓનું માળખું ઉભુ કરવું'' જેવા કે કોમ્યુનિટી હોલ, આર.સી.સી.રોડ, બસ સ્ટેન્ડ વગેરે. એટલે એમ કહી શકાય કે વિકાસ ની સાથે સાથે શાસન પણ એટલું જ મહત્વનું છે. આ વિકાસને અંકિત કરવા માટે શાસનની પ્રણાલી પણ એટલી જ અગત્યની છે કે જેમાં નિર્ણયો લેવા, આયોજન અને અમલીકરણમાં લોકોની સહભાગીતા, દરેક ક્ષેત્રમાં પારદર્શકતા, પંચાયતની કાર્યક્ષમતા અને અસરકારતા વગેરે... જો વિકાસની સાથે શાસનનાં માપદંડો ઉમેરાય તો સોનામાં સુગંધ ભળે.

સેતુ અને અભિયાન દ્વારા પંચાયતની એવી ૧૩૬ પંચાયતની પ્રવૃત્તિઓ કે જેમાં વિકાસ પણ હોય પણ સાથે સાથે સુશાસન પણ હોય તેવી પ્રવૃતિઓનું દસ્તાવેજીકરણ કરી તેની આછેરી ઝલક અને પસંદ પામેલ ૨૪ પંચાયતોની નમૂનેદાર, પ્રેરક પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરી તેની આછેરી ઝલક આ 'સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો'' પુસ્તક સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આશા છે આ પુસ્તકથી પંચાયતો સુશાસન અને વિકાસનો ભેદ સમજશે તેમજ જે પણ પ્રવૃત્તિઓ આ પુસ્તકમાં અંકિત કરવામાં આવી છે જેનાથી આવી પ્રવૃત્તિઓનો વ્યાપ વધશે અને સુશાસનનું વધુ એક પીછું ઉમેરાશે. આ પુસ્તિકાના માધ્યમે જે ગ્રામ પંચાયતો સન્માનિત થઇ છે તે અન્ય પંચાયતો માટે પ્રેરક બનશે તેમજ પોતાની પંચાયતમાં પણ વિકાસની સાથે સુશાસનને વેગ આપશે. આ સુંદર અવસરે ''સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો'' પુસ્તકના વિમોચનની સાથે સાથે પસંદગી પામેલી પંચાયતોને સન્માનવા માટેના અવસરે પંચાયતોને અને સંસ્થાઓને અભિનંદન...

**શ્રી દિનેશભાઇ સંઘવી**
સભ્ય સચિવ
સેતુ અભિયાન

**શ્રી જયેશભાઇ લાલકા**
સભ્ય સચિવ
કચ્છ નવનિર્માણ અભિયાન

# અનુક્રમણિકા...


| ક્રમ | શિર્ષક | પેજ નં. |
|---|---|---|
| ૧ | **“સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો”**<br>સમગ્ર પ્રક્રિયાની સફર | ૧ |
| ૨ | **આડેસર પંચાયત**ની પર્યાવરણ જાળવણી<br>માટેની પ્રેરણાદાયી પહેલ | ૨ |
| ૩ | સુશાસન દ્વારા સર્વસમાવેશી વિકાસ તરફ<br>**કુનરીયા પંચાયત**ની આગેકુચ | ૩ |
| ૪ | એક પણ રૂપિયાના ખર્ચ વગર પીવાનાં પાણી બાબતે<br>સ્વનિર્ભર બનતી **લુડીયા પંચાયત** | ૫ |
| ૫ | સંવેદનશીલતા સાથે વિકાસકામો કરતી<br>**ખંભરા પંચાયત** | ૭ |
| ૬ | અસરકારક આગેવાનીથી ગામની જમીન બચાવતી<br>**જામકુનરીયા પંચાયત** | ૯ |
| ૭ | ગ્રામ સભાની સહભાગીતાથી કુદરતી સંશાધનોનું સરક્ષણ<br>**ધોરાવર પંચાયત**નું પ્રેરણાદાયી પગલું. | ૧૧ |
| ૮ | **ટપ્પર ગ્રામ પંચાયતે** અગત્યના દસ્તાવેજો ગામમાં<br>જ ઉપલબ્ધ કરાવવાની પહેલ કરી | ૧૩ |
| ૯ | અસરકારક વહીવટ દ્વારા મહિલા સુરક્ષાનું<br>પ્રેરણાદાયી કાર્ય કરનારી **કોટડા આથમણા પંચાયત** | ૧૫ |
| ૧૦ | ગામની મિલકતોની આકારણી કરીને<br>વેરાની આવકમાં વધારો કરતી **મોટા દિનારા પંચાયત** | ૧૭ |
| ૧૧ | આયોજન અને સંકલનના સમન્વયથી અધુરાં કાર્યો<br>પુર્ણ કરાવતી **લોડાઇ પંચાયત** | ૧૯ |
| ૧૨ | સ્વચ્છતાના સુત્રને સાર્થક કરતી<br>**રત્નાપર (મઉ) પંચાયત** | ૨૦ |
| ૧૩ | સ્વચ્છતાના મુદાનો કાર્યક્ષમ અમલ કરાવતી<br>**નાની વિરાણી પંચાયત** | ૨૧ |
| ૧૪ | **માણાબા પંચાયત**ની મહેનત ફળી :<br>ચારે કાંઠે છલકાયું તળાવ | ૨૨ |

# અનુક્રમણિકા...


| ક્રમ | શિર્ષક | પેજ નં. |
|---|---|---|
| ૧૫ | **મોડા પંચાયતે** કર્યો ફરજ અને સંવેદનાનો સમન્વય | ૨૩ |
| ૧૬ | લોકભાગીદારી સાથે ટકાઉ કામગીરી કરતી **જનકપુર પંચાયત** | ૨૪ |
| ૧૭ | સહભાગિતા સાથે પારદર્શી વહીવટ પૂરો પાડતી **મમાયમોરા પંચાયત** | ૨૫ |
| ૧૮ | સામાજિક દુષણ દુર કરી વિકાસની પહેલ કરતી **સતાપર ગ્રામ પંચાયત** | ૨૬ |
| ૧૯ | કુદરતી સંશાધનોનું જતન કરવાની રાહ ચીંધતી **ભીમાસર પંચાયત** | ૨૭ |
| ૨૦ | વંચિત સમુદાયો સુધી વિકાસના ફળ પહોંચાડતી **મોટી વિરાણી પંચાયત** | ૨૮ |
| ૨૧ | સાચા અર્થમાં મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ **કાઠડા પંચાયત** | ૨૯ |
| ૨૨ | પર્યાવરણ, રોજગારી અને મહિલાઓના મુદ્દે સચોટ કામગીરી દર્શાવતી **ઝીંકડી પંચાયત** | ૩૦ |
| ૨૩ | ગામ સ્તરે સરકારી યોજનાઓનો લાભ અપાવતી **નારણપર (પસાયતી) પંચાયત** | ૩૧ |
| ૨૪ | સરકાર અને નાગરિકો વચ્ચેનો સેતુ બનતી **કંથકોટ પંચાયત** | ૩૨ |
| ૨૫ | **મીસરીયાડો પંચાયતે** માલ અને માલધારીને આપ્યું નવજીવન | ૩૩ |
| ૨૬ | **વિષય નિષ્ણાંતોના અનુભવ !** | ૩૪ |
| ૨૭ | **અમે છીએ આપના આભારી...** | ૩૫ |

# ''સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો''
## સમગ્ર પ્રક્રિયાની સફર

દસ્તાવેજીકરણ, કચ્છની ગ્રામ પંચાયતો દ્વારા સુશાસનની દિશામાં થયેલી નોંધપાત્ર પ્રવૃત્તિઓનું ! આ પ્રયાસ સેતુ અભિયાનના લર્નિંગ લેબની એક અનોખી પહેલ છે. પંચાયતના સુશાસનને પ્રોત્સાહીત કરવા માટેની આ પહેલ છે. પારદર્શકતા, પ્રતિભાવી, સર્વ સંમતિ, સમાનતા અને સમાવેશક, કાર્યક્ષમ અને અસરકારતા, જવાબદારી, સહભાગીતા તેમજ કાયદા અને નીતિઓ જેવા સુશાસનના આઠ માપદંડોને કેન્દ્રમાં રાખી પંચાયતની પ્રવૃત્તિઓને મુલવવામાં આવી.

સુશાસનની પ્રવૃત્તિઓના આધારે પંચાયતો પારસ્પરિક શિક્ષણ મેળવે અને પોતાના આગામી કાર્યકાળમાં તેનો ઉપયોગ કરીને વિકાસ કાર્યો કરે એ આ પહેલનો મુખ્ય ઉદેશ્ય છે. અહી એક એવો મંચ ઉભો કરવાનો ધ્યેય છે જેમાં પંચાયતની સાફલ્ય ગાથાઓનો વ્યાપ વધે અને નવનિયુકત પંચાયતો માટે આ પ્રક્રિયા પ્રેરક બની રહે !

વિકાસ અને શાસન એકમેકના પર્યાય છે તેથી સમગ્ર પ્રક્રિયામાં અમે સુશાસન અને તેના પાંસાઓને સાંકળવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રક્રિયા ઓગસ્ટ ૨૦૧૭ માં આરંભાઇ ! કચ્છની દરેક પંચાયતોને વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ દરમ્યાન સુશાસનને સાંકળતી પ્રવૃત્તિઓ અરજી માધ્યમે મોકલવા અમે અપીલ કરી. આ પ્રક્રિયાનો પ્રચાર પ્રસાર કરનાર અમારા મીડિયા પાર્ટનર ''કચ્છમિત્ર'' દૈનિકે સુશાસનના પ્રતિબિંબ ઝીલતી પ્રવૃત્તિઓ પ્રકાશિત કરી, જે પંચાયતોને આ પ્રક્રિયામાં જોડવા માટેનું મહત્વનું પાસુ બની રહયું ! લેખિત પત્ર, રેડિયો માધ્યમે, જિલ્લા પંચાયત તેમજ દરેક તાલુકા પંચાયત તલાટી - મંત્રીની બેઠકોમાં, કચ્છ મહિલા વિકાસ સંગઠનના ઉજાસ રેડિયો દ્વારા તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનની વોઇસ મેસેજ સેવા મારફતે કચ્છની ૬૩૧ પંચાયતોને અરજી મોકલી, આ પ્રકલ્પમાં સહભાગી થવા આહવાન કરાયું.

પ્રક્રિયાના ભાગરૂપે નિયત અરજીપત્રક તૈયાર થયું ! જે પંચાયતોને મુશ્કેલી પડી તેમને સેતુ અને કેએમવીએસ સંસ્થાએ અરજીપત્રક ભરવામાં સહયોગ આપ્યો. એક માસના સમયમાં કચ્છની ૧૩૬ પંચાયતોએ આ પ્રક્રિયામાં પોતાની દાવેદારી નોંધાવી, જે અમારા માટે સિદ્ધિ સમાન હતું ! હવે, સ્થાનિય સ્વશાસન ક્ષેત્રના અનુભવી વ્યકિતઓની બનેલી સમિતિએ આ અરજીઓમાંથી સુશાસનના આઠ માપદંડોના આધારે ઉમદા પ્રવૃત્તિઓની તારવણી આરંભાઇ ! ૧૩૬ પંચાયતોની અરજીઓની પુરક દસ્તાવેજોના આધારે ઝીણવટભરી મુલવણીના અંતે સુશાસનના માપદંડોને સમાવતી ૫૦ જેટલી અરજીઓ અલગ તારવવામાં આવી. ત્રીજા તબકકામાં તારવાયેલી ૫૦ અરજીઓ જે પંચાયતમાંથી આવી હતી એ પંચાયતની સ્થાનિકે મુલાકાત લઇ આગળની પ્રક્રિયા કરવામાં આવી. ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાનિય શાસન વ્યવસ્થાપના નિષ્ણાંતોની એક સમિતિ રચાઇ ! આ પ્રક્રિયા અંતર્ગત સમિતિએ ફિલ્ડ વીઝીટ કરી પંચાયત, લાભાર્થી જુથ તેમજ થયેલા કાર્યોની સુશાસનના માપદંડોના આધારે મુલવણી કરી. સમગ્ર પ્રક્રિયાના અંતે દસ્તાવેજીકરણમાં સમાવી શકાય તેવી ૨૪ પંચાયતો ઉભરીને સામે આવી. ઉપરાંતમાં એવી ૬ પંચાયતો પણ પસંદગી પામી જેમની પ્રવૃત્તિઓમાં કંઇક વિશેષ કહી શકાય એવાં પ્રેરણાદાયી પાસાંઓ હતાં.

સમય માંગી લેતી પ્રક્રિયાના નિચોડ સ્વરૂપે સેતુ ટીમ દ્વારા સુશાસનના માપદંડોને ઉજાગર કરતી ૨૪ પંચાયતોની પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ થયું ! અમદાવાદની ''ચરખા'' સંસ્થાએ સંપાદનમાં સહયોગ આપ્યો. આશા છે કે ''સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો''ના દસ્તાવેજ સમી આ પુસ્તિકા પંચાયતો માટે પ્રોત્સાહક તેમજ પ્રેરક બની રહેશે. ૨૪મી મે, ૨૦૧૮ ના રોજ ભુજ ખાતે આયોજીત સન્માન સમારોહમાં આ પુસ્તિકા ''સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો''ને વિમોચીત કરતા આનંદ અનુભવીએ છીએ.

અહિ ઉલ્લેખનીય છે કે, એક ટીમ તરીકે સમગ્ર પ્રક્રિયા અમારા માટે મુલ્યવાન બની રહી છે. આ પ્રયાસને સફળ બનાવવા અમારી સાથે જોડાયેલી કચ્છની દરેક પંચાયતોના અમે આભારી છીએ.

**મનિષ આચાર્ય**
સેતુ અભિયાન

**શ્રેષ્ઠા રોય**
લર્નિંગ લેબ ફોર લોકલ ગવર્નન્સ

# આડેસર પંચાયતની પર્યાવરણ જાળવણી માટેની પ્રેરણાદાયી પહેલ - તા. રાપર

ભારતનાં ગુજરાત રાજયનો કચ્છ જીલ્લો અને આડેસર ગામ એ જીલ્લાનું પ્રવેશદ્વાર ગણાય છે. આ ગામની પંચાયતે ગામનાં હિત માટે વિવિધ કામગીરી હાથ ધરી છે. એમાંયે પર્યાવરણ એટલે કે કુદરતી સંશાધનોની જાળવણી માટે ખૂબ જ સરસ આયોજન અને અમલીકરણ કર્યું છે.

વર્ષ ૨૦૧૬ માં ભગાભાઇ આહિર સરપંચ તરીકે અને તેમની સાથે બાર સભ્યોની પંચાયત બોડી ચૂંટાઇને આવી. તેમનું ધ્યેય ગામનો સાચા અર્થમાં વિકાસ કરવાનું છે. તે માટે તેઓ સાથે મળીને રાત-દિવસ મહેનત કરે છે. ગામલોકોની ભાગીદારી લેવાનું પણ ચૂકતા નથી. કુલ ૮૩૨૫ ની વસ્તી ધરાવતા આ ગામમાં આહિર, મુસ્લિમ, દલીત, કોલી, લોહાણા, જૈન, દરજી, માલી, રબારી, વાંઝા મદારી, ગઢવી, દરબાર, રજપૂજ, સઇ સુથાર, મહારાજ સહિત ૧૮ જેટલી જ્ઞાતિઓ વસવાટ કરે છે.

આરોગ્ય, રસ્તા, શિક્ષણ જેવા મુદાઓની કામગીરીની સાથે, ખાસ તો આ પંચાયતે પર્યાવરણની કામગીરી ઉપર વધુ ભાર મૂકયો છે. ગામલોકોની ભાગીદારીથી ગામમાં ૩૫૦૦ વૃક્ષોનું વાવેતર કર્યું છે. મોટે ભાગે થાય છે એમ માત્ર વૃક્ષ વાવેતર અને તેના ફોટો પડાવી લીધા એટલે કામ પૂરૂં, એવું પંચાયતે નથી કર્યું. તેમણે વૃક્ષોની જાળવણી અને ઉછેર માટે અલગ અલગ ટીમ બનાવી છે. કામ માટેનો ખર્ચ ૨૫ લાખ રૂપિયા, લોકફાળો અને દાતાઓના સહયોગથી ઊભો કર્યો. વૃક્ષો માટે પીંજરાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેથી પ્રાણીઓ નુકસાન ન કરે. ગામલોકો દરરોજ પાણી આપશે અને વૃક્ષો ઉછેરશે. વડ, લીમડા, ગુલમહોર, આંબલી, કણજી, ઉમરો જેવાં ૩૫૦૦ જેટલાં વૃક્ષો વાવવામાં આવ્યાં છે.

કચ્છનાં મોટા ભાગનાં ગામોની જેમ આડેસરમાં પણ પીવાનાં પાણીનો પશ્ન પ્રાણપ્રશ્ન હતો. એના કાયમી ઉકેલ માટે પંચાયતે ગ્રામસભા બોલાવીને તેમાં વોર્ડ મુજબ બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરાવીને પીવાનાં પાણીની અલગ અલગ લાઇન રખાવી. પાણી પૂરવઠા વિભાગ, દાતા અને વોર્ડના સભ્યોને સાથે રાખીને ગામનું જૂનું તળાવ રીપેર કરવામાં આવ્યું. સરકારમાં રજૂઆત કરીને પાણીનો જથ્થો વધાર્યો. નર્મદાનું પાણી બંધ હોય ત્યારે તળાવનું પાણી વાપરી શકાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગેરકાયદેસર જોડાણો કાઢી નાખવામાં આવ્યાં. આ બધી પ્રક્રિયાને લીધે જ આજે આખાં ગામને પાણી મળી રહયું છે. એટલું જ નહીં, ગામની વાંઢ માં પણ પંચાયત ટેન્કરથી પાણી પહોંચાડે છે.

ગામના સરપંચ જણાવે છે કે, **‘‘ગામને સ્વચ્છ રાખવા માટે પંચાયત દ્વારા એક અલગથી સમિતિ બનાવવામાં આવી છે. સવાર - સાંજ બે વાર મજૂરો દ્વારા દરેક શેરીમાંથી કચરો ઉપાડી લેવામાં આવે છે. લોકો પણ સહયોગ આપીને પોતપોતાની શેરીઓ સાફ રાખે છે.**

આડેસરનું મુખ્ય તળાવ, જે ગામની વચ્ચે આવેલું છે, તેને રૂપિયા પાંચ લાખના ખર્ચે રીનોવેટ કરવામાં આવ્યું છે. લોકભાગીદારી અને સરકારની ગ્રાન્ટની મદદથી તળાવને ઊંડું કરવામાં આવ્યું છે, હવે તેની આસપાસ બગીચો અને લાઇટ ફીટીંગ દ્વારા તળાવને પ્રવાસ સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહયું છે. ઉપરાંત પંચાયતે આરોગ્ય, રોડ, શિક્ષણ, આજીવિકા વગેરે ઉપર પણ નોંધપાત્ર કામગીરી કરી છે. આડેસર પંચાયતે બજારમાં ઉભા રહેલા લારી રેકડીવાળા અને નાના ધંધાદારીઓ સાથે ચર્ચા કરી તેમને પોષાય એવા વેરાની રકમ નકકી કરી ગ્રામસભામાં સર્વસંમતિથી ઠરાવ કાર્યો હાથ ધર્યા છે જેમાં લોકભાગીદારીને મહત્વ અપાયું છે. જે રીતે આડેસર પંચાયતે પર્યાવરણનું મહત્વ સમજીને, લોકભાગીદારીથી કુદરતી સંશાધનોને સાચવવાની અને તેનો વ્યાપ વધારવાની પહેલ કરી છે, એ અન્ય પંચાયતો માટે તો ખરી જ, સાથે નાગરિકો માટે પણ એટલી જ પ્રેરણાદાયી છે.







# સુશાસન દ્વારા સર્વસમાવેશી વિકાસ તરફ **કુનરીયા પંચાયત**ની આગેકુચ - તા. ભુજ

સોશ્યલ મિડિયાના આ સમયમાં તમે યુ-ટયુબ ઉપર 'માય વીલેજ, માય પ્રાઉડ કુનરીયા' એવું લખીને સર્ચ કરો કે તરત જ તમને કચ્છ જીલ્લાના ભુજ તાલુકાની કુનરીયા જૂથ પંચાયતે કરેલાં કાર્યોના વીડિયો જોવા મળે. એ જ રીતે આ પંચાયતના ફેસબુક પેજ ઉપર ગ્રામજનો અને પંચાયતને મળવાનું મન થાય. ફેસબુક પેજ અને ગૂગલ ડોકયુમેન્ટ શેરિંગમાં પણ તમે શિક્ષણ જેવા મહત્વના મુદાની ચર્ચા થતી જોઇ શકો. ગામમાં કયા કામને પ્રાથમિકતા આપવી જોઇએ ? પંચાયતે કરેલા આ સવાલના જવાબમાં મોટાભાગના લોકો શિક્ષણ ઉપર ભાર મૂકવાનો અભિપ્રાય આપી રહયા છે એ પણ તમને જોવા મળે. આ રીતે સમય ની સાથે રહીને સોશ્યલ મિડિયાનો હકારાત્મક ઉપયોગ કરનારી કુનરીયા જૂથપંચાયતની નવી બોડી હજુ જાન્યુઆરી ૨૦૧૭ માં જ ચૂંટાઇને આવી છે. ચૂંટાયા પછી એક ઘડીનો પણ વિલંબ કર્યા વગર પંચાયતના સુકાની એવા સરપંચ સુરેશભાઇ ગોપાલભાઇ છાંગાએ ખૂબ ઊર્જા અને આયોજન સાથે ગ્રામવિકાસને વેગ આપ્યો છે.

નાના કુનરીયા, મોટા કુનરીયા, નોખાણીયા અને રૂદ્રમાતા ગામની બનેલી કુનરીયા જૂથપંચાયતની વસ્તી ૩૫૨૧ લોકોની છે. આહિર, મુસ્લિમ, કોળી, દલિત, રબારી, સુથાર તેમ જ બાવાજીની વસ્તી ધરાવતી આ પંચાયતમાં શરૂઆતમાં નવ મહિનાના ગાળામાં જ ૭૮.૭૬ લાખ રૂપિયાનાં કામો કરવામાં આવ્યાં છે.

પંચાયતની કામગીરી વિશે બોલતા સરપંચ સુરેશભાઇ કહે છે કે, **"ગામના વિકાસમાં લોકોની ભાગીદારી વધે તે માટે પંચાયતે નવી સમિતિઓ બનાવીને જુદા-જુદા મુદા હાથ ધર્યા છે. પંચાયતની દેખરેખ હેઠળ યોજનાઓનું અસરકારક અમલીકરણ થાય તેમજ વંચિત લોકોની આર્થિક સલામતી જળવાય તેનું પંચાયતે ખાસ ધ્યાય રાખ્યું છે."** કુનરીયામાં પંચાયતની આગેવાનીમાં સૌના સામૂહિક પ્રયાસોની હકારાત્મક અસર જોવા મળી રહી છે. વિકાસનાં કામો બાબતે લોકોમાં જાગૃતિ આવી છે અને પંચાયત પ્રત્યે ગામલોકોના વિશ્વાસ દ્રઢ બન્યો છે એમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી. નોંધપાત્ર બાબત છે કે આ ગામના સરપંચે કુનરીયા ગ્રામ પંચાયતનો વાર્ષિક અહેવાલ પોતાના ફેસબુક પેજ પર મુકી પારદર્શિતાનો નમુનો દર્શાવ્યો છે.

સુશાસન પુરૂં પાડવા માટે નિયમિત રીતે ગ્રામ સભા યોજાય, તેમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપે અને પંચાયતના કામો તથા ખર્ચનો હિસાબ તેમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. નવી ચૂંટાયેલી પંચાયતે જાન્યુઆરી ૨૦૧૭ તી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધીના નવ મહિનામાં જ જરૂરિયાત પ્રમાણે ૬ ગ્રામ સભાઓ અને ૮ સામાન્ય સભાઓ કરી છે. એટલું જ નહિં, પણ સરકારની યોજનાઓનો લાભ પ્રત્યેક ગ્રામજન સુધી પહોંચે તે માટે ગ્રામ સભામાં તેની જાહેરાત કરવામાં આવી છે. પંચાયત, ગ્રામ સભામાં ખર્ચના હિસાબો પણ રજૂ કરે છે. તે ખૂબ પ્રશંસાપાત્ર છે.

વિકાસની યાત્રામાં કોઇ બાકાત ન રહી જાય તે માટે પંચાયતે ગામના ખેડૂતો, પશુપાલકો, મહિલાઓ, વાલીઓ, મનરેગા યોજનામાં કામ કરતા રોજમદારો વગેરે સાથે મિટીંગો યોજીને તેમના પ્રશ્નોની જાણકારી મેળવી અને તેના ઉકેલની દિશામાં પ્રયાસો કર્યા છે. કોઇ અસુવિધા બાબતે કોઇને કોઇ ફરિયાદ હોય તો તે પંચાયતનું ધ્યાન દોરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. પંચાયત તેનાં નિરાકરણ માટે ખૂબ ઝડપથી પગલાં ભરે છે. કુનરીયા પંચાયતે ગામના કુદરતી સંશાધનોના વ્યવસ્થાપન માટે પહેલીવાર પી.આર.એ. (સહભાગી ગ્રામીણ ચકાસણી) નો ઉપયોગ કરીને સ્થિતિનો કયાસ કાઢયો છે. એટલું જ નહીં, ગામની જરૂરિયાતો સમજવા માટે પંચાયતે આગવું પગલું ભરીને ગામની પગપાળા મુલાકાત પણ કરી છે.

મનરેગા યોજનામાં રોજગારી ઇચ્છતા લોકો, તેમાંય ખાસ કરીને મહિલાઓ સાથે ચર્ચા કરીને કામો નકકી કરવામાં આવ્યાં છે. અનુસૂચિત જાતિ માટેની ગ્રાન્ટ વાપરવા માટે દલિત જ્ઞાતિના લોકોની માંગણી અનુસાર કામોનું અમલીકરણ કરવામાં આવ્યું છે. ઉપરાંત, કુનરીયા પંચાયતે અત્યાર સુધી પ્રાથમિક સુવિધાથી વંચિત રહેલા રૂદ્રમાતા (સંજોટનગર) ગામ તથા નાના કુનરીયાને પ્રાથમિકતા આપીને ૭ લાખ રૂપિયાનાં કામો કરાવ્યાં છે.

કામનું અસરકારક અમલીકરણ થાય અને દરેક કામમાં લોકોની સહભાગિતા રહે તે હેતુ થી પંચાયતે શિક્ષણ સમિતિ, સામાજીક ન્યાય સમિતિ, સંકલન સમિતિ, વાલી સમિતિ, પાણી સમિતિ, નિગરાની સમિતિ જેવી જુદી - જુદી સમિતિઓ બનાવી છે. ગામની પાણી સમિતિના સભ્યો તરીકે બધી જ મહિલાઓ છે. ઉપરાંત, મહિલાઓ સાથે અલગ સભાઓ કરીને તેમના પ્રશ્નોના ઉકેલ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. પંચાયતે જે તે વોર્ડમાં, સભ્યો પોતાના વોર્ડનું ધ્યાન રાખે તેવી વ્યવસ્થા પણ ગોઠવી છે. ગામમાં વાવેલાં દસ હજાર વૃક્ષોનાં જતનની જવાબદારી મનરેગાના કામદારોને સોંપી છે. ગામના યુવકમંડળનો સહયોગ લેવામાં આવ્યો છે.

પંચાયતે આરોગ્ય અંગેના કાર્યક્રમો યોજીને મલેરિયા, સ્વાઇન ફ્લુ, ડેન્ગ્યુ જેવા રોગો બાબતે લોકોને જાગૃત કર્યા છે. પંચાયત સક્રિયતાથી કુપોષણ સામે કરવામાં આવેલી ઝુંબેશનું પણ નોંધપાત્ર પરિણામ મળ્યું છે. કુનરીયા પંચાયતની ઝુંબેશ અને દેખરેખને કારણે કુપોષણ ૫૦ ટકા થયું છે. તે અત્યંત પ્રશંસનીય વાત છે. પંચાયતમાં ૨૦૧૬-૧૭ માં અતિ જોખમી રીતે કુપોષિત મહિલાઓની સંખ્યા ૨૨ અને બાળકોની સખ્યાં ૧૧ હતી. તે વર્ષ ૨૦૧૭-૧૮ માં ઘટીને મહિલાઓની ૧૨ તથા બાળકોની ૬ થઇ ગઇ છે. ગુજરાત રાજ્યમાં કુપોષિત મહિલાઓનું પ્રમાણ ઘણું ઊંચું છે, ત્યારે કુનરીયા પંચાયતની આ સફળતા સમગ્ર રાજ્ય માટે પ્રેરણાદાયી બની છે.



પંચાયતને શાળા વ્યવસ્થાપન સમિતિની મિટીંગો નિયમિત રીતે યોજાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. દર મહિને ફરજીયાત મિટીંગો યોજાવાથી શાળામાં બાળકોની હાજરી વધી અને શિક્ષણની ગુણવતા પણ સુધરી. ગામમાં ખેત તલાવડીઓ બનાવીને તથા જમીન સમથળ કરી ને પંચાયતે ૧૧૮ ખેડૂતોને ફાયદો કરાવ્યો છે. પંચાયતે નોંધ્યું કે, લોકો આડેધડ બોર બનાવીને પાણી ખેંચે છે, તેથી સિંચાઇની સુવિધા પણ મળતી રહે તે માટે પંચાયતે, પંચાયતની મંજૂરી વિના સીમતળમાં બોર ન કરવાનો કડક નિયમ બનાવ્યો છે. એ જ રીતે પીવાનાં પાણીનો બગાડ ન થાય અને લોકોને સમયસર પીવાનું પૂરતું પાણી મળી રહે તે માટે તૂટેલી પાઇપ લાઇનો અંગે પંચાયતને કે પાણી સમિતિને તાત્કાલિક જાણ કરવાનો મહત્વનો નિયમ બનાવ્યો છે.



ગામમાં શાંતિ, સુરક્ષા જળવાળ રહે તે માટે પંચાયતે દારૂ-જુગારના દૂષણ સામે લાલ આંખ કરી છે. દારૂ-જુગાર અંગેની માહિતી આપનારને ૨૫૦૦ રૂપિયાનું ઇનામ આપવાની પણ પંચાયતે વ્યવસ્થા કરી છે. ગામ સ્વચ્છ અને નિરોગી રહે તે માટે ગમે ત્યાં કચરો ન નાખવાની પણ ગ્રામજનોને સૂચના આપવામાં આવી છે તથા નિયમ બનાવવામાં આવ્યો છે.



કુનરીયા પંચાયતે ગામના મંદિરમાં સાઉન્ડ સિસ્ટમ, એસએમએસ, વોટ્સએપ મેસેજ, વોઇસ કોલ, ઇ-મેઇલ, ફેસબુક અને યુ-ટયુબના માધ્યમથી માહિતીના પ્રસારની નોંધપાત્ર વ્યવસ્થા ગોઠવી છે. ગ્રામજનોને આ માધ્યમોથી જુદી-જુદી સરકારી યોજનાઓ, કાર્યક્રમો અને ગ્રામ સભાની જાણકારી આપવામાં આવે છે. પંચાયતે દરેક કામની અલગ-અલગ ફાઇલ સિસ્ટમ ઉભી કરીને ગામના દરેક લોકો માટે તે ઉપલબ્ધ બનાવી છે. ગામની કોઇપણ વ્યકિત આવીને જે-તે ફાઇલ જોઇ શકે એવી વ્યવસ્થા છે. આ પારદર્શિતા, સહભાગિતા, પ્રામાણિકતાનાં મૂલ્યો સાથે સર્વસમાવેશી વિકાસ તરફ કુનરીયા પંચાયતે કૂચ આદરી છે.



# એક પણ રૂપિયાના ખર્ચ વગર પીવાનાં પાણી બાબતે સ્વનિર્ભર બનતી **લુડીયા પંચાયત**, તા. ભુજ

૧૯૪૭ માં ભારતના ભાગલા પડયા ત્યારે ભારત-પાકિસ્તાન સરહદ ઉપર આપણી પાસે પૂરતી સુરક્ષા વ્યવવસ્થા નહોતી. તે વખતે કચ્છના કલેકટર તુલસીદાસ શેઠ સાહેબે છાડબેટનો ઈજારો અને સુરક્ષાની જવાબદારી સ્થાનિક આગેવાનોને આપી હતી. તેમાં બન્ની-પચ્છમના લુડીયા ગામના અગ્રણી સાઘી રાઉ નોડે મુખ્ય હતા. સામે પારથી આવતા ઘૂષણખોરોને અટકાવીને સરહદ ઉપર સુરક્ષા રાખવામાં સફળ થયેલા સાઘી રાઉ નોડેને તે વખતે પશ્ચિમી સ્ટાર મેડલ, સંગ્રામ મેડલ અને પ્રશસ્તિપત્રથી નવાજવામાં આવ્યા હતા. ઉપરાંત ૧૯૪૭ થી ૧૯૭૨ દરમ્યાન તેમને આજીવન સેવા મેડલ પણ એનાયત થયો હતો. આવો યાદગાર અને ગૌરવવંતો ઈતિહાસ ધરાવતું લુડીયા ગામ ખાવડાની બાજુમાં આવેલું છે. ભુજ તાલુકાના આ ગામની જૂથ પંચાયતમાં લુડીયા, અકલી, ગાંધીનું ગામ, ખધરવાંઢ, મેપાઈવાંઢ, મોવારવાંઢ અને ગોવાવાંઢનો સામવેશ થાય છે. નોડે, મારવાડા અને સુમરા જ્ઞાતિ મળીને ૨૦૦૯ લોકોની વસતિ ધરાવતી આ પંચાયત, એક પણ રૂપિયાના ખર્ચ વગર પીવાનાં પાણીની કરોડો રૂપિયાની સુવિધા ઉભી કરનારી અનોખી પંચાયત તરીકે ઉભરી આવી છે.

ડિસેમ્બર ૨૦૧૬માં નવી ચૂંટાયેલી પંચાયતમાં સરપંચ તરીકે નોડે સાઘી રાઉના પૌત્ર અબ્દુ રહેમાન અકબર નોડે જવાબદારી સંભાળે છે. જોકે, અહીં વાત કરવી છે ૨૦૧૨ થી ૨૦૧૬ ના પંચાયત સમયગાળાની. તે વખતે અબ્દુલકરીમ ગુલમામદ સુમરા સરપંચ પદે હતા. નવી પંચાયતમાં તેઓ વોર્ડ ૮ ના સભ્ય છે. બન્ની-પચ્છમની બીજી પંચાયતો જેવી જ લુડીયા પંચાયતની સ્થિતિ છે. પંચાયતની પોતાની સ્વભંડોળ ની આવક નહિવત્ છે. તેથી સરકારી ગ્રાન્ટોના આધારે થોડા-ઘણાં વિકાસના કામો થયાં છે.

અહીંના લોકો મોટાભાગે સૂકી ખેતી, પશુપાલન અને મજૂરી ઉપર આધારિત છે. દલિત સમુદાયના લોકો હસ્તકલામાં પારંગત છે. ભૂતકાળમાં અછતના સમયમાં રાહત કામોમાં, આ પંચાયત વિસ્તારમાં ઘણાં તળાવો બનાવવામાં આવ્યા હતાં. તેમાંથી અમુક તળાવો વોટરશેડ જેવી જુદી-જુદી સરકારી યોજનાઓ હેઠળ સલામત તબકકે લઈ જવામાં આવ્યાં હતા. ભૂકંપ પછી 'માનવ સાધના ટ્રસ્ટ' ના પ્રયત્નોથી અને સ્થાનિક લોકોની મદદથી અમુક નવાં તળાવો પણ બનાવવામાં આવ્યાં. આટલું કરવા છતાં, બારેમાસ ચાલે તેટલી સંગ્રહ - ક્ષમતા એક પણ તળાવમાં નહોતી. લુડીયા પંચાયતના ગામોમાં ૭૦૦૦ જેટલું પશુધન છે, જે ચોમાસામાં તળાવો ઉપર નિર્ભર રહેતું. પરંતુ શિયાળામાં આ તળાવોમાં પાણી ખૂટી પડતું તેથી પાણી પુરવઠાની પાઈપલાઈન ઉપર આધારિત રહેવું પડતું. પાણી ની સમસ્યા વિકરાળ રૂપ ધારણ કરે ત્યારે સાધનસંપન્ન લોકો ટેન્કરનો ખર્ચ કરીને પશુઓ માટે પાણી મંગાવતા. પરંતુ, ગામના નબળી આર્થિક સ્થિતિના લોકો પાણીની તંગી વખતે ટેન્કર માટે નાણા ખર્ચી શકે એવા સક્ષમ નહોતા. તેથી પંચાયત બોડીની દરેક મિટિંગમાં અને ગ્રામ સભામાં, પશુઓ અને માનવ-વસ્તી માટે પીવાનાં પાણીની તંગીનો મુદો પ્રાથમિકતામાં રહેતો. આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પંચાયતે અગાઉ પણ ઘણા પ્રયત્નો કર્યા હતા. ૨૦૧૨ - ૧૩ માં 'સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ', મુંબઈ ના દાતા અને ગામના લોકોના ફાળાથી અકલી ગામની દક્ષિણે આવેલું દુબળાવાળું તળાવ ઊંડું કરાવ્યું. તેમ છતાં તેની સંગ્રહ ક્ષમતા પશુધન માટે અપૂરતી જ રહી. એવામાં તળાવો ઊંડા કરવાની એક તકે જાણે પંચાયતના દરવાજા ખટખટાવ્યા. આવેલી તકને ચૂકી જાય એ બીજા, લુડીયા ગામ નહીં. લુડીયા પંતાયતે આવેલી તક ઝડપી લીધી. વાત એમ હતી કે, ૨૦૧૨ - ૧૪ માં બહુચર્ચીત ઘડુલી-સાંતલપુર રોડને મંજૂરી મળી તેના સેકશન-૩ માંથી ખાવડાના રોડનું કામ શરૂ થયું. આ વિસ્તારમાં કાચી માટી છે. આ સેકશન, રણ અને બન્ની વિસ્તારમાંથી પસાર થયો હોવાથી રોડ માટે જરૂરી એવી મોરમ મોટી મળતી નથી. તેથી મોરમ મેળવવા માટે લુડીયા પંચાયતોનો વિસ્તાર જ સૌથી નજીક હતો. કામ મંજૂર થયું કે તરત જ સેકશન-૩ ના કોન્ટ્રાકટર એસ.કે.સી. ઈન્ફ્રાસ્ટ્રકચર તરફથી લુડીયા ગામના ખેડૂતો સાથે માટી મેળવવા બાબતે ચર્ચા શરૂ થઈ. આ બાબતની પંચાયતને જાણ કરવામાં આવી, એટલે પંચાયતે આ તક ઝડપી લઈને, ગામનાં ૬ તળાવોમાંથી મોરમ માટી ઉપાડવાની પરવાનગી આપી. પંતાયત પાસે તળાવ ઊંડા કરીને પીવાના પાણીની વ્યવસ્થા કરવાનું કોઈ બજેટ નહોતું. તેથી એક પણ રૂપિયો ખર્ચ્યા વગર ગામની સમસ્યા દૂર થતી હોય તો એથી રૂડું શું ? પરિણામે, પંચાયતે ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૪ ના રોજ તાત્કાલિક ગ્રામ સભા બોલાવીને ગામલોકો અને આગેવાનો સાથે ચર્ચા કરી. તેમાં ગામના તમામ સમુદાય અને ફળિયાના પ્રતિનિધિઓ હાજર રહે તે માટે પંચાયત તરફથી બધાને સાદ પાડીને જાણ કરવામાં આવી. આમ પંતાયતે આ નિર્ણયમાં સૌની સહભાગિતા રહે તેનું ખાસ ધ્યાન રાખ્યું. ગ્રામ સભામાં સૌની સંમતિ લીધા પછી જ પંચાયતે તળાવોમાથી માટી ઉપાડવાની મંજૂરી આપી તે ખૂબ પ્રશંસનીય છે.

ક્રમાનુસાર શરૂ થયેલું આ કામ બે-ત્રણ વર્ષ ચાલ્યું. પંચાયતે ઠરાવેલાં છ તળાવોમાંથી પાંચ તળાવોમાં મોરમ માટી હતી તે ઉપાડવામાં આવી. એક તળાવમાં કાચી માટી હોવાથી તેમા કામ શકય બન્યું નહીં. આ પાંચ તળાવોની સાથે-સાથે ૨૦૧૬ માં અન્ય બે તળાવોમાં પણ ખોદકામ કરવામાં આવ્યું. તેની તે બન્ને તળાવોની સંગ્રહ-ક્ષમતા પણ બમણી થઇ. આ કામ દરમ્યાન પણ પંચાયત, કાર્ય આયોજન અને અમલીકરણ બાબતે દર ત્રણ મહિને ગ્રામ સભામાં ચર્ચા કરતી અને સર્વસંમતિથી નિર્ણયો લેવાતા. દરેક સમુદાયના લોકો સહભાગી બને અને દરેક સમુદાયને ઉપયોગી એવાં તળાવો બને તેનું પંચાયતે ખાસ ધ્યાન રાખ્યું.



તળાવની ઊંડાઇ ચાર-પાંચ ફુટથી વધીને ૨૫ થી ૩૦ ફુટ થઇ. પાણી ભરાવાના વિસ્તારમાં પણ વધારો થયો. કામના સફળ પરિણામ રૂપે તળાવોમાં બારેમાસ પાણી રહેવા લાગ્યું. ગામના લોકોને અને પશુઓને પીવાનું પાણી તો મળ્યું જ, સાથે સાથે આમાંથી કેટલાંક તળાવોનું પાણી ખેતીમાં પણ ઉપયોગમાં લેવાયું. ૨૦૧૪ થી શરૂ થયેલું તળાવોનું કામ જયારે ૨૦૧૬ માં પુરૂં થયું ત્યારે ગામના માલધારીઓને ખૂબ ફાયદો થયો. લુડીયા પંચાયતના માલધારીઓનાં ૭૦૦૦ જેટલાં પશુઓનાં પીવાના પાણીની ચિંતા દૂર થઇ. ઉપરાંત, આજુબાજુના ખેડૂતોને પણ સવલત ઊભી થઇ. પંચાયતે, વંચિત સમુદાયથી નજીક હોય એવાં તળાવોને પ્રાથમિકતા આપી હતી. એ ખરેખર નોંધપાત્ર અને પ્રેરણાદાયી છે. લુડીયાના પૂર્વ સરપંચ અબ્દુલકરીમ ગુલમામદ સુમરા ખૂબ ઉત્સાહ અને આનંદ વ્યકત કરતાં કહે છે કે,



**‘‘અમે જે પણ કામ કર્યું તે ગ્રામ સભાએ દર્શાવેલી જગ્યાએ જ કર્યું હતું. વળી, એક તળાવનું કામ પૂરૂં થાય તે પછી જ બીજુ શરૂ કરવામાં આવતું, અમારૂં આવું ભગીરથ અને ખૂબ ઉપયોગી કામ એક પણ રૂપિયા ખર્ચ્યા વગર થયું તેનો અમને બધાને ખૂબ આનંદ છે.’’**



તળાવોના કામો ધારીએ એટલા સહેલાં નહોતાં. કામ દરમ્યાન કેટલાક લોકો પોતાના ખેતરમાંથી તળાવ સુધીનો રસ્તો આપવા તૈયાર નહોતા. કેટલાક લોકો પહેલા પોતાનું તળાવ જ ખોદાય એવો આગ્રહ પણ રાખતા. જોકે, કાબેલ સરપંચ અને સક્રિય પંચાયતે ખૂબ ધીરજપૂર્વક લોકોને સમજાવ્યા અને તે સમસ્યાનો ઉકેલ લાવીને લોકોને એકમત કર્યા. કામની શરૂઆતમાં લોકોનું વલણ નિરાશાજનક હતું. તે તળાવો બન્યા પછી હકારાત્મક બન્યું. ગામના લોકોનો હવે પોતાની પંચાયત ઉપર વિશ્વાસ વધ્યો છે. પંચાયતે સૌની સહભાગિતા અને સમાનતાથી ત્રણ વર્ષના નિર્ધારિત સમયગાળામાં કામ પુરૂં કરાવ્યું.



પાણી સંગ્રહની ક્ષમતા જોયા પછી વધારાનું પાણી આસપાસના ખેડૂતોને વાપરવાની પરવાનગી આપીને લુડીયા પંતાયતે ઉદારતા અને ભાઇચારાનાં પણ દર્શન કરાવ્યા છે.

# સંવેદનશીલતા સાથે વિકાસ કામો કરતી **ખંભરા પંચાયત**, તા. અંજાર

કચ્છના અંજાર તાલુકાની ખંભરા પંચાયત, સ્વતંત્ર ગ્રામ પંચાયત છે. ૫૮૨ કુટુંબો અને ૨૬૨૭ લોકોની વસ્તી ધરાવતા આ ગામમાં મિસ્ત્રી, આહિર, દલિત, રબારી, રાજપૂત, બ્રાહ્મણ, બાવાજી, જત, કુંભાર અને પટેલ સમુદાયના લોકો વસે છે. કુલ ૮ વોર્ડ ધરાવતી ખંભરા પંચાયતમાં જૂના ગામ અને ભૂકંપ પછી બનેલા નવા શાંતિનગરનો પણ સમાવેશ થાય છે. એપ્રિલ ૨૦૧૭ થી નવી ચૂટાયેલી પંચાયતના સરપંચ અઝીઝભાઇ જત આયોજનપૂર્વક કામ કરવામાં માને છે. અઝીઝભાઇના નેતૃત્વમાં ખંભરા પંચાયતે શરૂઆતના માત્ર ૬ મહિનાના સમયગાળામાં જ ગામના એક પછી એક પ્રશ્ન હાથ ધરીને ગામને ઉન્નતિના માર્ગ ઉપર મૂક્યું છે.

નવી ચૂંટાયેલી પંચાયતે મહિલાઓના પ્રશ્નોને વાચા આપવા માટે મહિલા સભા યોજી. તેમાં ગામની મહિલાઓએ ગામના ઐતિહાસિક તળાવની આસપાસ તથા ગામનાં સાર્વજનિક સ્થળો ઉપર અંધારૂં હોવાથી અસલામતીની લાગણી રજૂ કરી. પંચાયતે મહિલાઓની સલામતીનો આ મુદ્દો ગંભીરતાથી લઇ ગ્રામ સભામાં તે અંગેની ચર્ચા-વિચારણા કરી. ચર્ચા-વિચારણાના અંતે સૌની સંમતિથી તળાવ પાસે તથા સાર્વનજનિક જગ્યાઓ ઉપર ઉજાલા સ્ટ્રીટ લાઇટ નાખવાનો ઠરાવ કરવામાં આવ્યો. ઉપરાંત, દરેક પંચાયત-સભ્યની આગેવાનીમાં તે સભ્યના સમાજની ચાર વ્યક્તિને પણ પંચાયતમાં થતા દરેક કામની દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી. પંચાયતનો આ અભિગમ રંગ લાવ્યો અને માત્ર દોઢ જ મહિનાનાં ટૂંકા ગાળામાં ૬ લાખ રૂપિયાના ખર્ચે, ગામમાં ૬૦૦ સ્ટ્રીટ લાઇટો લગાવી દેવામાં આવી. સ્ટ્રીટ લાઇટથી અજવાળું કરવાની સાથે સાથે પંચાયતે તળાવ પાસે બગીચો બનાવ્યો, બાળકો માટે હિંચકા મૂકાવ્યા અને બેસવા માટે બાંકડાની વ્યવસ્થા કરી. ગામના દાતાઓના લોકફાળાથી આ સુવિધાઓ ઊભી થઇ તેથી ગામના લોકો પરિવાર સાથે ત્યાં ફરવા માટે આવવા લાગ્યા. પરિણામે, ત્યાં અંધારામાં વ્યસન કરીને પડી રહેતા અસામાજીક તત્વો આવતા બંધ થયા. પંચાયતે સ્ટ્રીટ લાઇટોનાં ઉદ્દ્ઘાટન માટે પંચાયતે બહારથી કોઇ મહેમાનને બોલાવવાને બદલે એક સંવેદનશીલ પગલું ભર્યું. પંચાયત દ્વારા ગામના વડીલો, અશકતોને માન આપીને, તેમના વરદ્ હસ્તે જ સ્ટ્રીટ લાઇટોનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું. પંચાયતની આવી સરસ વિચારધારા અને સદવ્યવહારથી ગામના વડીલો, અશકતો ખૂબ રાજી થયા.

બગીચાની જાળવણી તેમ જ લાઇટ ફિટિંગ તથા તેની જાળવણી માટે પંચાયતે ત્રણ કર્મચારીઓ રાખ્યા છે. સ્ટ્રીટ લાઇટનો વેરો પણ ગામલોકો પંચાયતમાં સમયસર જમા કરાવે છે. પંચાયતે સ્ટ્રીટ લાઇટની જાળવણી માટે દરેક બલ્બ ઉપર સ્ટીલની જાળી લગાવી છે. સ્ટ્રીટ લાઇટ થી હવે ગામની મહિલાઓ પોતાને સુરક્ષિત અનુભવે છે.

મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કર્યા પછી પંચાયતે પીવાના પાણીનો પ્રશ્ન હાથ ઉપર લીધો. ગામના ઐતિહાસિક તળાવના બે ભાગ છે. એક ભાગમાં પીવાનું પાણી અને બીજા ભાગમાં કપડાં ધોવાનું તથા નહાવાનું પાણી. ચોમાસામાં વરસાદનું પાણી પહેલા, પીવાનાં પાણીનાં તળાવમાં જાય છે. તે ઓવરફલો થાય તે પછી નહાવાનાં અને કપડાં ધોવાના તળાવમાં જાય છે. તેની બાજુમાં જ પશુઓને પીવા માટે અલગ તળાવ બનાવાયું છે. આ આખા તળાવની વખતોવખત સફાઇ કરવામાં આવે છે. અઝીઝભાઇ સરપંચે પોતે પણ સફાઇ કરી ને ગ્રામજનોને સફાઇ કરવા માટે પ્રેર્યા છે. તળાવના સફાઇકામ દરમ્યાન પંચાયતના સભ્યો, ગ્રામજનો અને સરપંચને એક સરસ વિચાર આવ્યો. ગામમાં નવરાત્રી પૂરી થાય પછી આ તળાવમાં ગરબા તરાવવામાં આવે છે. જો આ ગરબા તળાવમાં મૂકીને તરત જ કાઢી લેવામાં આવે તો તળાવનાં પાણીનો બગાડ થતો અટકે. આ ગરબા, તળાવ, પાસેના વૃક્ષો ઉપર દોરી થી બાંધી દેવાનો પણ વિચાર આવ્યો અને તે અમલમાં પણ મૂકાયો. પરિણામે, તે ગરબા ચકલીઘર બની ગયાં.

તળાવની સફાઇ તો થઇ, પણ ગામની જરૂરિયાત પૂરી પાડી શકે એટલું પાણી નહોતું. તેથી મોટાભાગના ફળિયામાં પાણી મેળવવાની તકલીફ રહેતી. આ સમસ્યાના સમાધાન માટે પંચાયતે મહિલા સભા અને ગ્રામ સભા બોલાવી. તેમાં સમસ્યાના ઉકેલ અંગે ચર્ચા કરવામાં આવી. ચર્ચાના અંતે પાણીની નવી લાઇન નાખવાનું, પાણીનો નવો ઓવરહેડ ટાંકો બનાવવાનું નક્કી થયું. આ કામના અમલીકરણ માટે પંચાયતે ૮૦ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ ધરાવતી પાણી સમિતિની રચના કરી. પાણી સમિતિએ ખૂબ ઉત્સાહપૂર્વક કામ આરંભ્યું. મહિલાઓએ ગામમાંથી પાણીવેરો ઉઘરાવ્યો. 'વાસ્મો' સાથે સંકલન કરવામાં આવ્યું. 'વાસ્મો' માં લોકફાળા રૂપે ભરવાના થતા ૬૦,૦૦૦ રૂપિયા ગ્રામજનો પાસેથી ઉઘરાવવામાં આવ્યા. 'વેલસ્પન' કંપની સાથે સંકલન કરીને રૂા. ૩,૫૦,૦૦૦ ની સહાય મેળવવામાં આવી. ત્યાર પછી 'વાસ્મો' સાથે રહીને ૪૦,૦૦,૦૦૦ રૂપિયા ની પાણી યોજના પંચાયતે પૂર્ણ કરાવી.

કામગીરીનો સંતોષ વ્યકત કરતા સરપંચ કહે છે જે **"હવે સૌને ઘેર ઘેર પાણી મળે છે. પાણીની કામગીરીની પ્રકિયા પછી પણ દર ત્રણ મહિને પાણી સમિતિની મિટીંગ કરવામાં આવે છે. અને નિયમિત રીતે પાણી વેરો ઉઘરાવવામાં આવે છે. પાણીના નવા કનેકશનના ચાર્જ અલગથી લેવામાં આવે છે. પાણી સમિતિની મહિલાઓ દ્વારા સમગ્ર વહીવટ ચલાવવામાં આવે છે."**

ગ્રામજનોને પૂરતું પાણી તો મળવા લાગ્યું, પણ તે બોરનું ક્ષારવાળું પાણી હતું. તેથી ગ્રામજનોને શુદ્ધ પાણી મળે તે માટે પંચાયતે 'વેલસ્પન ફાઉન્ડેશન' સાથે સંકલન કરી મીનરલ આર.ઓ.પ્લાન્ટ લગાવ્યો છે. પંચાયતે પ્લાન્ટ માટે પોનાના ખર્ચે રૂમ બનાવ્યો છે. આર.ઓ.નાં. પાણી માટે કાર્ડ સિસ્ટમ રાખવામાં આવી છે. પ્રિપેડ રિચાર્જ કાર્ડ સિસ્ટમ થી ગ્રામજનોને પાંચ રૂપિયામાં ૨૦ લિટર પાણી આપવામાં આવે છે.

ગામની બહેનોને રોજગારી માટે ભરતકામ, સિલાઇ કામ અને વણાટકામનું સેન્ટર ગામમાં શરૂ કરવામાં આવ્યું હતું. તેમાં ૪૦ બહેનો કામ કરીને રોજગારી મેળવે છે. 'વેલસ્પન' ના સહયોગ, અને સરકારની યોજના હેઠળનું આ કામ અગાઉની પંચાયત બોડીએ શરૂ કર્યું હતું. તેને એપ્રિલ ૨૦૧૭ થી ચૂંટાયેલી બોડીએ જાળવી રાખ્યું છે.

આ બધાં કામોની સાથે સાથે ગામમાં સ્વચ્છતાં જાળવી રાખવા માટે કચરાપેટીઓ મૂકવામાં આવી છે. સફાઇ કામદાર દ્વારા શેરીઓમા સફાઇ કરવામાં આવે છે. 'વેલસ્પન' સાથે સંકલન કરીને ગામના દરેક ઘરમાં સૂકા અને ભીના કચરા માટે બે પ્રકારની ડોલ આપવામાં આવી છે. હવે પંચાયત, પોતાનું વાહન ખરીદીને ઘેર-ઘેર થી કચરો એકઠો કરવાનું આયોજન કરી રહી છે. ગામમાં સીસી ટીવી કેમેરા લગાવવાનું પણ પંચાયતે વિચાર્યું છે.

ગામના દરેક કામના ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમ માટે ગામની દલિત મહિલા, વિધવા મહિલા કે ગામના વડીલોને પ્રાધાન્ય આપવામાં આવે છે. તેમના હસ્તે જ નવા કામનો આરંભ કરવામાં આવે છે. આમ કરવાથી મહિલાઓ અને વંચિતો પ્રત્યે સંવેદનશીલ અભિગમ કેળવાય એવો પંચાયતનો ઉમદા હેતુ છે. આમ, સંવેદનશીલતા અને લાંબાગાળાના દ્રષ્ટિકોણ સાથે ખંભરા ગ્રામ પંચાયતે વિકાસની વાટ પકડી છે.









# અસરકારક આગેવાનીથી ગામની જમીન બચાવતી **જામકુનરીયા પંચાયત,** તા. ભુજ

જામકુનરીયા ગામ, જીલ્લા મથક ભુજથી ૯૦ કિમીના અંતરે આવેલું ભુજ તાલુકાનું અંતરિયાળ ગામ છે. રાજાશાહીના સમયમાં પચ્છમ જાગીરનું પાટનગર એવું આ ગામ ૨૦૦૧ ના ભૂકંપમાં સંપૂર્ણ ધરાશાયી થઇ ગયું હતું. ઇ.સ. ૧૪૧૩ માં જામ ગાહોના પાટવી કુંવર જામ રૂકનુદીને આ ગામ વસાવ્યું, ત્યારથી જ હિંદુ-મુસ્લિમ એકતાના પ્રતીક રૂપી આ ગામમાં સમા અને રાયમા તેમ જ લોહાણા, મેઘવાળ, કુંભાર, હજામ, વાઢા, સોઢા, સોની, પાંધી, માંગીચ, શેખ, ભીલ, કોલી જેવી અનેક જ્ઞાતિઓ શાંતિપૂર્વક વસવાટ કરતી હતી.

૭૦ ના દાયકામાં ચીનાઇ માટીની શોધ દરમ્યાન કુરકાણાવાળા મોરામાં સફેદ માટી મળી આવી. તેથી એક કંપનીએ ૧૯૮૨ માં અઢી હેકટર જમીનની લીઝ આપવા, પંચાયત પાસેથી મંજૂરી માંગી. કંપનીની રજૂઆતને સ્વીકારીને તત્કાલીન સરપંચ શ્રી પચાણજી જીલાજી, ઉપસરપંચ શ્રી હાસમ પીરા અને સામાજીક ન્યાય સમિતિના ચેરપર્સન રાણા-વીરા તેમજ પંચાયતની મંજૂરીના આધારે કંપનીએ રાજય સરકારના ખાણ અને ખનીજ વિભાગ તરફથી ૨૦ વર્ષની લીઝ મેળવી, પરંતુ કંપનીએ કામગીરી છેક ૧૯૯૦ માં શરૂ કરીને અઢી હેકટરમાં ખાણ બનાવી.

૧૯૯૩ માં જુણાથી સ્થળાંતર કરીને આવેલા દલિત પરિવારોએ જામકુનરીયાના આગેવાનો પાસે જમીનની માંગણી કરી. તેથી તમામ સમાજોએ સર્વાનુમતે તેમણે ખાણ વિસ્તારથી ૧૦૦ મીટર દૂર પશ્ચિમ દિશામાં જમીન આપી. દલિત પરિવારોએ ત્યાં વસવાટ કર્યો. જામકુનરીયા ગામના કેટલાક પરિવારો પાસે પણ રહેવા માટે યોગ્ય જમીન નહોતી. તેથી તે પરિવારો પણ દલિત પરિવારોની બાજુમાં વસ્યા. ૨૦૦૧ માં ભૂકંપ માં જામકુનરીયા ગામના બધાં ઘર પડી ભાંગ્યા, એટલે ગામના તમામ લોકોએ જૂની જગ્યા છોડી દલિતવાસની પશ્ચિમે નવી વસાહત બનાવી. ત્યાં રહેણાંકના મકાનોની સાથે સાથે પંચાયત ઘર, બે પ્રાથમિક શાળા, એક હાઇસ્કૂલ અને એક મંદિર બનાવ્યું. ગામલોકોએ જૂના ગામતળના બદલામાં આ ગામતળ ફાળવવાની સરકાર સમક્ષ માંગણી કરી.

એવામાં વર્ષ ૨૦૧૪ ના ઓકટોબર મહિનાના અંતિમ સપ્તાહમાં જામકુનરીયા ગ્રામ પંચાયતને એક નોટિસ મળી. નોટિસની જાણ થતાં જ ગામમાં હલચલ મચી ગઇ. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નોટિસમાં લખ્યું હતુ કે, ‘‘ગામની સર્વે નંબર ૩૯૯ પૈકીની ૪૪.૨૦ હેકટર જમીન એક કંપનીને સફેદ માટીની ખાણની લીઝ પેટે ફાળવવામાં આવી છે. તેથી લીઝની જમીનનાં સ્થળ ઉપર તા. ૧૩ નવેમ્બર, ૨૦૧૪ ના રોજ જનસુનાવણી રાખવામાં આવી છે.’’

દલિત વાસના લોકો આ ખાણની સૌથી નજીક હોવાથી તેઓ બહુ ભયભીત હતા. તેથી પંચાયતે સૌ પ્રથમ તેમને આશ્વાસન આપ્યું. એટલું જ નહીં, તેમના વાસમાં એક પરિવારના ઓટલે મિટીંગ કરી. તેમા કુલ ૮૦ લોકો હાજર હતા. સૌએ આ પ્રોજેટકની સામે પ્રચંડ વિરોધ નોંધાવાની તૈયારી બતાવી. પંચાયતે ‘ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ’ એ મોકલેલા અહેવાલની ખામીઓનો ઉલ્લેખ કરીને એક આવેદન પત્ર પણ તૈયાર કર્યું હતું. તેનું તમામ લોકો સમક્ષ મોટેથી વાંચન કરવામાં આવ્યું તમામ લોકોએ પંચાયત દ્વારા તૈયાર થયેલા આ આવેદનપત્રને વધાવી લીધું.જામકુનરિયા પંચાયત લેવલે થઇ રહેલી પ્રક્રિયા અને ગ્રામજનોના વિરોધની વાત કોઇએ કંપનીને પહોંચાડી દીધી અને જોડ-તોડ કરવાનું શરૂ કર્યું. કેટલાક ગામ બહારના વિઘ્નસંતોષી લોકો તો કંપનીને જઇને એવું કહી આવ્યા કે, ‘‘ગામ લોકો તો થોડોઘણો મૌખિક વિરોધ કરશે. બાકી, ચા-પાણી અને જમવાનું મળશે તો વિરોધ કરવાનું ભૂલી જશે.’’ તેથી કંપનીએ જનસુનાવણીના સ્થળ ઉપર ૫૦૦ લોકોના જમણવાર અને ચા-પાણીની વ્યવસ્થા કરી.

આમ કરતાં-કરતાં જનસુનાવણીનો દિવસ આવી ગયો. જનસુનાવાણીની તા. ૧૩ નવેમ્બર ૨૦૧૪ની સવારે આશરે ૫૦૦ લોકોની હાજરીમાં પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવેલું આવેદનપત્ર વાંચવામાં આવ્યું. એટલું જ નહીં, સૌએ સાથે મળીને પંચાયતની આગેવાનીમાં શપથ લીધા કે, ‘‘કંપનીને કોઇપણ ભોગે જમીન આપીશું નહીં. કંપની તરફથી રાખવામાં આવેલાં જમણવાર અને ચા-પાણીનો પણ શાંતિપૂર્વક વિરોધ કરીશું.’’ જનસુનાવણીમાં ભજવવાની ભૂમિકા બાબતે પણ પંચાયતે ગ્રામજનો સાથે ચર્ચા કરીને જવાબદારી વહેંચી. મુદ્દાસર વિરોધ કરવા માટે હાલના સરપંચ, ભૂતભૂર્વ સરપંચો અને પંચાયતના સભ્યોનું ત્રીજું જૂથ રચાયું. આમ, જામકુનરીયા ગ્રામ પંચાયતે અદભૂત મેનેજમેન્ટની પણ મિસાલ પૂરી પાડી.ઘ

દલિતવાસની જાહેર મિટીંગ પછી તરત જ બધા, જનસુનાવણીના સ્થળ ઉપર પહોંચ્યા. જનસુનાવણીમાં કંપનીએ પોતાનું પ્રેઝન્ટેશન કર્યું. જનસુનાવણીમાં નિવાસી નાયબ કલેકટર તથા 'ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયામક હાજર હતા. પંચાયતે કરેલા આયોજન પ્રમાણે તમામ ગ્રામજનોએ શાંતિપૂર્વક, પણ મકકમતાથી, જમીન લીઝ ઉપર આપવા સામે પ્રચંડ વિરોધ નોંધાવ્યો. ઉપરાંત, સૌએ જમણવાર અને ચા-પાણીનો બહિષ્કાર કર્યો. તેમ જ કંપની વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરતા કરતા બહાર નીકળી ગયા.



પંચાયતના કુશળ નેતૃત્વ અને ગ્રામજનોની એકતા સામે જનસુનાવણી નિષ્ફળ ગઇ. પરિણામે, કંપનીએ ૧૧ હેકટર જમીન પરત કરવાનો પત્ર પંચાયતે મોકલી આપ્યો, તેથી હાલના ગામતળની જમીન કંપનીના કબજામાંથી છૂટી થઇ ગઇ.



માજી સરપંચ જુમા હમીર સમા કહે છે કે કંપની પાસેથી જમીન પરત લેવી એ ફકત સરપંચ અને પંચાયત સભ્યો માટે અસંભવ હતું પરંતુ તમામ લોકો ને સાથે રાખી જાણકાર લોકોની વિશેષ મદદ લઇ આ કામને સફળ બનાવી અમારી પંચાયતે એક દાખલો બેસાડયો છે.

દલિતોની વસાહત બચાવીને જામકુનરીયા પંચાયતે એકતા, અસરકારક આગેવાની અને સફળ મેનેજમેન્ટનું આગવું દ્રષ્ટાંત પુરૂં પાડયું છે. પૂર્વ પંચાયત - સભ્ય ઉમર સમા કહે છે કે, **''અમારૂં ગામ ઐતિહાસિક છે. અમારી સંસ્કૃતિ, અમારી જમીન સાથે જોડાયેલી છે. તેને ખાડામાં ફેરવાતી જોવી એ અમારા મોટે સહન કરી ન શકાય એવી વાત હતી.''**



ગામની સામાજીક ન્યાય સમિતિના પૂર્વ ચેરપર્સન અને પૂર્વ પંચાયત-સભ્ય બીજલ રાણા ડુંગળીયા કહે છે કે, ''અમારા ઘર જે જમીન ઉપર હતાં તે કોઇ લેભાગુ કંપનીએ પોતાના નામ ઉપર કરી દીધાં હતાં, તે જાણ્યું ત્યારે અમારી ઉપર તો જાણે આભ તૂટી પડયું હતું. એ ચિંતાજનક પરિસ્થિતિમાં અમારી પંચાયતે અમારી વહારે આવીને અમારાં ઘર બચાવ્યાં તેથી અમે બહુ રાજી છીએ.



જામકુનરીયાના પૂર્વ પંચાયત-સભ્ય અબ્દુલગની સમા બીજી પંચાયતોને સંદેશા આપતા કહે છે કે, આજના જમાનામાં ગ્રામ વિસ્તારોની જમીનો ઉપર બહારની શક્તિઓનો ડોળો છે. સામૂહિક જમીનો તો જાણે બોડી બામણીનું ખેતર હોય એમ, પંચાયત અને ગ્રામ પંચાયતની મંજૂરી વગર અથવા પંચાયતમાં ફાટફૂટ પડાવીને હડપી લેવામાં આવે છે. ત્યારે દરેક પંચાયતે, અમારી પંચાયતની જેમ પોતાની જમીન ઉપર થતી બધી જ પ્રક્રિયાથી વાકેફ રહેવું જોઇએ. ઉપરાંત, કુદરતી સ્ત્રોતોનો પણ અભ્યાસ કરીને નિર્ભયપણે કાયદાકીય માર્ગદર્શન મેળવી લોકહીતમાં નિર્ણય લેવા જોઇએ.

# ગ્રામ સભાની સહભાગીતાથી કુદરતી સંશાધનોનું સરક્ષણ
# **ધોરાવર પંચાયત**નું પ્રેરણાદાયી પગલું - તા. ભુજ

**"અમારી પંચાયતે એકતા દર્શાવીને ગામના સામૂહિક તળાવ ઉપર થઈ રહેલું દબાણ અટકાવ્યું, એ જ રીતે દરેક પંચાયતે સામૂહિક મિલકતો પરનાં દબાણને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા જોઈએ. આપણે સૌએ આવનારી નવી પેઢી માટે તળાવ, વાવ, કૂવા, ગૌચર સલામત રાખીને નેકીનું કામ કરવું જોઈએ." આ શબ્દો છે કચ્છ જીલ્લાનાં ભુજ તાલુકાની ધોરાવર પંચાયતનાં સભ્ય સમા અલાના હમીરના.**

ધોરાવર જૂથ ગ્રામ પંચાયતમાં ધોરાવર, રબવીરી, હરીજનવાસ, નાની સિમરી અને કમાણીવાંઢ ગામનો સમાવેશ થાય છે. ૨૨૫૦૦ લોકોની વસ્તી ધરાવતી આ પંતાયતનાં ગામોમાં સમા, સુમરા, સૈયદ અને હરિજન જ્ઞાતીનાં મળીને કુલ ૪૮૦ કુટુંબો વસે છે. રબવીરી ગામમાં એક હજારથી વધારે પશુધન છે અને મોટાભાગના કુટુંબ પાસે પશુ છે. આ પંચાયતે રબવીરી ગામનાં સામૂહિક તળાવ ઉપર થયેલું દબાણ હટાવવામાં મહત્વની ભૂમિકા ભજવીને પહેલ કરી છે તે આજનાં સમયમાં અન્ય પંચાયતો માટે પ્રેરણાદાયી છે.

રબવીરી ગામની દક્ષીણ-પશ્ચિમ ડુંગરમાંથી વહેતો એક છેલો (ચોમાસુ ઝરણું) જેના વળાંકમાં એક ધ્રો એટલે કે એક નાનકડો કુંડ હતો. ચોમાસા દરમ્યાન ગામના લોકો આ કુંડમાં પશુઓને પાણી પીવડાવતા અને બાજુમાં જ આવેલા વૃક્ષો નીચે પશુઓ આરામ કરતા. સમય જતાં ગામલોકો એ ત્યાં તળાવનું નિમાર્ણ કર્યું. તેથી આ ભૂમિ પરંપરાગત વથાણ તરીકે પ્રખ્યાત થઈ. સરકારની મદદ અને 'ગાઈડ' સંસ્થાના સહયોગથી પંચાયતે આ તળાવનું પાકું ઓગન બનાવીને તળાવને સલામત બનાવ્યું હતું. પરિણામે, આ તળાવમાં ચોમાસામાં પાણી ભરાયા પછી તે બારેમાસ રહે છે. ગામના તમામ પશુઓ, પક્ષીઓ, જંગલી જાનવરો અને ચોમાસા દરમ્યાન રબવીરી ગામના લોકો પણ આ પાણીનો પીવા માટે ઉપયોગ કરે છે. બારેમાસ પાણી અને ઘટાદાર વૃક્ષોથી ઘેરાયેલો આ વિસ્તાર છેલ્લા ઘણાં વર્ષોથી પશુ-પક્ષીઓનું આશ્રય સ્થાન બન્યો છે.

આ તળાવ અને આસપાસનો વિસ્તાર રેતી તથા ચીકણી માટીથી ફળદ્રુપ અને સપાટ છે. વર્ષ ૨૦૧૭ માં સચરાચર વરસાદ થયો તેથી તળાવ પાણીથી છલોછલ થયું અને ચરિયાણની ખુલ્લી જમીન જોઈને આ વિસ્તારમાં દબાણ થવાની શરૂઆત થઈ. સામૂહિક જમીન પરનાં દબાણની સાથેસાથે તળાવ આસપાસનાં વૃક્ષોને કાપી જમીનનું ખેડાણ થવાની પ્રવૃતિઓની શરૂઆત થઈ.

સામૂહિક તળાવ ઉપરના દબાણનો મુદો ગામના નબળા-સબળા તમામ ને સ્પર્શતો મુદો હતો. ગામની જીવાદોરી સમાન પશુઓના આશ્રયસ્થાનને બચાવવું એ સૌથી મોટી પ્રાથમિકતા હતી. તળાવનું મહત્વ સારી રીતે જાણતા ગામલોકોએ રબવીરીના પંચાયત-સભ્ય, સમા અલાના હમીરની આગેવાનીમાં ગ્રામ પંચાયતને ફરિયાદ કરી. સ્થિતિની ગંભીરતા પારખીને ધોરાવર પંચાયતે રબવીરી ગામમાં જ ગામની સ્પેશ્યલ (ખાસ) ગ્રામસભા બોલાવી. આ ગ્રામસભામાં રબવીરી ગામના ૧૧૦ લોકો ઉપરાંત, ધોરાવરથી સરપંચ, ઉપસરપંચ અને બે પંચાયત સભ્યો મળીને કુલ ૧૨૫ થી વધુ લોકોએ ભાગ લીધો. ગ્રામસભાનાં સામૂહિક પ્રયત્નો બાદ પણ જે સફળતાઓ મળવી જોઈતી હતી તે મળી નહીં. પરંતુ પંચાયત અહિથી અટકી નહીં.

પંચાયતે રબવીરીની ગ્રામસભામાં સર્વસંમતિથી નિર્ણય લઈને દબાણ હટાવવા અંગે એક આવેદનપત્ર તૈયાર કર્યું. જે ગ્રામજનોને સહી લઈને જીલ્લા કેલેટકરને રૂબરૂ જઈને આપવામાં આવ્યું. જેની નકલ મામલતદાર ભુજ તથા મામલતદાર કચેરીના સંલગ્ન વિભાગને આપવામાં આવી. સુલેહ - શાંતિનો ભંગ ન થયા તેની તકેદારી રાખવા પંચાયતે ખાવડા પોલીસ સ્ટેશનને તથા જીલ્લા પોલીસ વડાને પણ આવેદનપત્ર આપ્યું. આ મુદા સંદર્ભે લોકમત કેળવવા માટે 'કચ્છ મિત્ર' માં પ્રેસનોટ મોકલીને સમાચાર પ્રકાશિત કરાવ્યા. પંચાયતે સંવેદનશીલ મુદામાં ઘર્ષણ ઊભું ન થાય તે માટે ખૂબ ચોકસાઈ વર્તી તથા સમજદારી પૂર્વક પગલાં ભર્યાં. પંચાયત અને ગ્રામસભાનો દ્રઢ નિશ્ચય, તૈયારી, તટસ્થ અભિગમ, સહભાગીતાયુકત નિર્ણય તેમજ ગામનાં આગેવાનો અને હિતેચ્છુઓની સમજાવટથી આખરે લોકમતને વાચા મળી અને દરેકને અસર કરતા પ્રશ્નનો ઉકેલ થયો. અહિંથી જ દબાણ પ્રવૃતિ અટકી અને સામૂહિક મિલકત સામૂહિક રીતે રહી. પંચાયતે ભવિષ્યનું વિચારીને કુદરતી સંશાધનો પર ફરી થી આવી પ્રવૃતિ ના થાય તે માટે પંચાયત અને ગ્રામસ્તર પર યોગ્ય વ્યવસ્થાપન ઉભું કર્યું. આ પ્રક્રિયા સંદર્ભેના તમામ દસ્તાવેજો પંચાયતે યોગ્ય રીતે સાચવ્યા.

તળાવ સંદર્ભે આગામી આયોજન અંગે ગામના સરપંચ સમા હાજીઅલાના કહે છે કે, ''આ તળાવને ઊંડું કરી તેની પહોળાઇ વધારીને વધુ પાણીનો સંગ્રહ થાય તે માટે જીલ્લા પંચાયતના સભ્ય સાથે રહીને આયોજન કર્યું છે. અમને આશા છે કે ટૂંક સમયમાં તેની મંજૂરી મળી જશે''



ધોરાવર પંચાયતે સામૂહિક તળાવ ઉપર દબાણ થતું અટકાવવાની સાથે-સાથે મીઠાં ઝાડ બચાવીને પણ નોંધપાત્ર ઉદાહરણ પૂરૂં પાડયું છે. થોડા વર્ષો પહેલા કોલસા બનાવવા માટે ગાંડા બાવળ કાપવાનું કામ થતું હતું, ત્યાં બાવળની સાથે - સાથે બીજાં વૃક્ષો કાપવાનું શરૂ થયું. તેથી ધોરાવર પંચાયતે તરત જ મજૂરોને કડક સચૂના આપીને વૃક્ષો કપાતાં બચાવ્યા. પંચાયતે મજૂરોને જણાવી દીધું કે, જે વ્યક્તિ મીઠાં ઝાડ કાપશે તેના કોલસા જપ્ત કરાવી દઇશું. પંચાયતના આવા જાગૃતિભર્યા પગલાંથી ધોરાવર પંચાયતની સફળતાની સાક્ષી પૂરતાં ખીજડાનાં ઘટાદાર વૃક્ષો સીમાડે શોભી રહયા છે.



આમ, ધોરાવર પંચાયતે ગ્રામજનોને કુદરતી સંશાધનોનાં સંરક્ષણની બાંહેધરી સાથેની એક અનોખી ભેટ આપી. નવી યુવા પેઢી તેમાંથી શીખ મેળવીને ગામની સામૂહિક મિલકતોનું રખોપું કરે તે જ તેમનો હેતુ છે. કરેવાય છે ને કે **''મારૂ તે મારૂ જ અને સૌનુ તે કોઇનું નહીં''** પણ, ધોરાવર પંચાયતે ખરેખર આ વાયકાને ખોટી સાબિત કરી.



# **ટપ્પર ગ્રામ પંચાયતે** અગત્યના દસ્તાવેજો ગામમાં જ ઉપલબ્ધ કરાવવાની પહેલ કરી - તા. અંજાર

માહિતી અધિકાર કાયદા હેઠળ સરકારી જાહેર સંસ્થાઓએ, કેટલીક માહિતી સામે ચાલીને જાહેર કરવાની હોય છે. તેને માહિતી અધિકાર કાયદાની ભાષામાં પ્રોએક્ટિવ ડિસ્કલોઝર કહે છે. કાયદામાં સુચવ્યુ હોવા છતા દરેક સ્તરની અનેક પંચાયતો અને સરકારી શાળાઓ, આંગણવાડીઓમાં તેનું પાલન થતું નથી. જો કે ગુજરાતમાં કેટલીક પંચાયતો અને જાહેર સંસ્થાઓએ જાહેર દીવાલો કે બોર્ડ ઉપર આવી માહિતી જાહેર કરી છે. કચ્છ જિલ્લાના અંજાર તાલુકાની ટપ્પર ગ્રામ પંચાયતે પણ આવી પહેલ કરી છે. ગ્રામ પંચાયતની દીવાલ અને બોર્ડ ઉપર ગ્રામ સભાની તારીખની જાણ કરવામાં આવે છે. ઉપરાંત, પંચાયતના હિસાબો પણ મૂકવામાં આવે છે. આવી પારદર્શિતા અને ખુલ્લાપણાથી પંચાયતમાં ગ્રામજનોની વિશ્વસનીયતા વધી છે.

૩૮૨૩ લોકોની વસ્તી ધરાવતા આ ગામમાં આહિર, રબારી, કોળી, મુસ્લિમ, દલિત, બાવાજી વગેરે જ્ઞાતિઓ વસે છે. ગ્રામ પંચાયત દ્વારા મકાનવેરો, સફાઇ વેરો, પાણી વેરો અને ગટર વેરો લેવામાં આવતો. પરંતુ ગામના કેટલાક લોકો વેરો ભરતા ન હોવાનું પંચાયતે જોયું. તેથી પંચાયત બોડીની મિટિંગમાં વેરા વસુલાત અંગે ચર્ચા કરવામાં આવી. તે પછી પંચાયત ની સામાન્ય સભા અને ગ્રામ સભા યોજીને આ પ્રશ્નના નિરાકરણ માટે વિગતવાર ચર્ચા કરવામાં આવી. એટલું જ નહી, ગામનાં કુલ નવ વોર્ડના દરેક પંચાયત સભ્યોને જુદી જુદી સમિતિઓના સભ્યો ને પણ વેરા વસૂલાત માટે જવાબદારી સોંપવામાં આવી. ગામની મહિલાઓ, જ્ઞાતિના આગેવાનો વગેરે એ પણ આ કામના સાથ-સહકાર આપ્યો.

સરપંચ રાંભઇબેન રમેશભાઇ ડાંગર કહે છે કે, **"પંચાયત વેરો ન ભરતા ૬૬૮ કુટુંબોની યાદી બનાવીને તે દરેકને વેરો ભરવા માટે નોટીસ મોકલી. નોટિસનો યોગ્ય પ્રતિસાદ મળે તે માટે દરેક વોર્ડના સભ્યએ પણ ખૂબ મહેનત કરી. આખરે સૌની મહેનત ફળી અને વેરા વસુલાત થવાથી પંચાયતના સ્વભંડોળમાં વધારો થયો. આ ભંડોળમાંથી ગામમાં વિકાસનાં કામો થયાં તે પછી બધા નાગરિકો રાજી થયા."**

એ પછી ટપ્પર ગ્રામ પંચાયતે, ગામના દરેક નાગરિકનું કામ, ગામમાં જ થઇ જાય તે માટે સરસ વ્યવસ્થા ગોઠવી છે. ગ્રામજનોના આધાર કાર્ડ, પાનકાર્ડ, ઇન્કમ ટેક્ષ રિટર્ન, પાસપોર્ટ, લાઇટબીલ વગેરેનું કામ ઇ-ગ્રામ હેઠળ પંચાયતમાં જ કરી આપવાનું શરૂ કર્યું છે. ખેતીવાડીના ૭-૧૨, ૮અ, હકક પત્રકો પંચાયતમાંથી કાઢી આપવાની સાથે સાથે ખેતીવાડીને લગતી તથા અન્ય અરજીઓ પંચાયતમાંથી જ કરવાની સુવિધા ઉભી કરવામાં આવી. પંચાયત ગ્રામજનોને બેંક - ખાતા પણ ખોલી આપે છે. અને ખાતા સાથે આધાર કાર્ડ જોડી આપવાની સેવા પણ પુરી પાડે છે. વળી, જુદી જુદી સરકારી યોજનાના ફોર્મ પણ પંચાયતમાં જ ભરી આપવામાં આવે છે. ગામની પંચાયતમાં જ આ બધી સુવિધાઓ મળવાથી ગ્રામજનોને ખૂબ રાહત થઇ છે. આવી સરસ સુવિધા હોવાના કારણે ગામના કોઇપણ નાગરિક ને તાલુકા મથક સુધી જવાનું ભાડું ખર્ચવું પડતું નથી. ઉપરાંત, મજૂરીનો દહાડો પડતો બચે અને સમય બચે એ મોટો ફાયદો ! ટપ્પર પંચાયતે પોતાના દફતરો પણ વ્યવસ્થિત જાળવ્યા છે. ગામમાં દૂધ ડેરી અને ખેડૂત મંડળ છે. 'સેતુ અભિયાન' સંસ્થા, 'સહજીવન' સંસ્થા તેમજ ઉપજ કંપની દ્વારા 'સીએસપીસી' સંસ્થા અને 'હિન્દુસ્તાન યુનીલીવર' કંપનીના આર્થિક સહયોગથી ટપ્પર પંચાયત વિસ્તારમાં ખેત તલાવડી, બંધપાળા, તળાવ, ખેડૂતોના જૂથ તળાવો વગેરે લોકભાગીદારીથી બનાવવામાં આવ્યા છે. ઉપરાંત, ખેતી અને પશુપાલનની સુવિધા ઉભી કરવામાં આવી છે. તે પછી 'વેલસ્પન' કંપની દ્વારા વૃક્ષારોપણની પણ કામગીરી કરવામાં આવી છે. ગામના લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે માટે વેલસ્પન કંપની દ્વારા આર.ઓ પ્લાન્ટ થવાથી ગામના દરેક કુટુંબને કાર્ડ સિસ્ટમથી પાંચ રૂપિયામાં ૨૦ લીટર પાણી મળતું થયું છે.

ટપ્પર પંચાયત અને તેની પાણી સમિતિએ ભવિષ્યમાં પાણીની તંગી ઉભી ન થાય તે માટે આગોતરું આયોજન કરીને પોતાની સુજના દર્શન કરાવ્યાં છે. પંચાયતે 'વાસ્મો' સંસ્થા સાથે સંકલન કરીને પાણી માટે એકતાલીસ લાખની કામગીરી મંજૂર કરાવી. આ કામ બાબતે ગામના લોકોમાં માલિકીપણાની ભાવના ઉભી થાય તે માટે લોકફાળો ઉઘરાવવામાં આવ્યો. લોકફાળા રૂપે એકઠા થયેલા ૪,૧૨,૫૦૦ રૂપિયા પાણી સમિતિએ બેંક ખાતામાં જમા કરાવ્યા. તેનો હિસાબ તલાટી કમ મંત્રી સારી રીતે નિભાવે છે. આ કામગીરી હેઠળ પંચાયત દ્વારા ઓવરહેડ અને અન્ડરગ્રાઉન્ડ પાણીનો ટાંકો, પાઇપલાઇન અને ઘેરઘેર નળ કનેકશનની વ્યવસ્થા કરવામાં આવી. પંચાયતની પાણી સમિતિ પાણીની સુવિધા પૂરી પાડીને પાણી વેરો પણ ઉઘરાવે છે.

ટપ્પર પંચાયતે ગામના વંચિત સમુદાય અને મેઘવાળ સમાજના ફળીયામાં સીસી રોડ બનાવવાને પ્રાથમિકતા આપી તેમ જ કન્યાશાળામાં પેવર બ્લોકનું કામ દોઢ લાખ રૂપિયાના ખર્ચે કર્યું છે. ઉપરાંત, ગામની સુરક્ષા માટે જાહેર જગ્યાઓએ સીસી ટીવી કેમેરા પણ લગાવ્યા છે. ગામના જરૂરિયાત મંદ લોકોને વિધવા પેન્શન, વૃદ્ધ પેન્શન, મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ વગેરેનો લાભ અપાવ્યો છે.

સો ટકા શૌચાલયો ધરાવતા ટપ્પર ગામે વિકાસના પ્રત્યેક પાસાને સ્પર્શવાની નોંધપાત્ર કોશિશ કરી છે. પ્રામાણિકતા, પારદર્શિતા, શાસનમાં સહભાગિતા અને જવાબદેહીતા પુરા પાડીને સુશાસનની જ્યોત પ્રજ્વલિત કરી છે.









# અસરકારક વહીવટ દ્વારા મહિલા સુરક્ષાનું પ્રેરણાદાયી કાર્ય કરનારી **કોટડા આથમણા પંચાયત**, તા. ભુજ

આજકાલ વર્તમાનપત્રો અને ટીવી ચેનલોમાં મહિલાઓ અને બાળકી ઉપર અત્યાચાર તથા દુષ્કર્મના કિસ્સાઓ ખૂબ જોવા મળે છે. આ પ્રશ્ન માત્ર મહિલાઓ માટે જ નહીં. પણ સમગ્ર સમાજ માટે ગંભીર પ્રશ્ન છે. સમાજની માનસિકતા બદલીને આવા બનાવો ન બને તેવા માહોલ સર્જવો એ સરકાર અને સમાજની અનિવાર્ય ફરજ છે. મહિલા સુરક્ષાની દિશામાં દરેક સ્તરની સરકાર તાત્કાલિક પગલા ભરે અને સક્રિય પ્રયાસો કરે એ સમયની માંગ છે. ત્યારે એક ગામની સરકારે અનુકરણીય પગલું ભરીને બીજા ગામોની સરકારને દિશા ચીંધી છે. હા જી, ગામની એ સરકાર એટલે ગ્રામ પંચાયત અને તેનું નામ કોટડા આથમણા.

કોટડા આથમણા અને સણોસરા (કૈલાસનગર) ની જૂથ પંચાયત, કચ્છ જીલ્લાના ભુજ તાલુકામાં આવેલી છે. કુલ ૩૪૭૫ લોકોની વસ્તી ધરાવતી આ પંચાયતમાં પટેલ, રબારી અને મહેશ્વરી સમુદાયની મુખ્ય વસ્તી છે. ઉપરાંત સોની, સુથાર, બાવાજી અને મુસ્લિમ સમુદાયના કેટલાંક કુટુંબો વસે છે.

કોટડા આથમણા ગામમાં છેલ્લા થોડાંક વર્ષોથી દારૂડીયાઓનો ત્રાસ વધ્યો હતો. દારૂડીયા દારૂ પીને રસ્તા ઉપર બેસતા અને ગામની બહેન-દીકરીઓ સાથે અસભ્ય વર્તન કરતા. આસપાસ ખૂબ ઝાડી-ઝાંખરા હતા તેથી કૈલાસનગરથી કોટડા ભણવા આવતી છોકરીઓ હંમેશા ભયમાં રહેતી.

મહિલાઓની સુરક્ષાઓને લગતી આ સમસ્યાની ગ્રામ પંચાયતને જાણ થઇ. તેથી પંચાયતે ૨૦૧૨ માં આ સમસ્યાના ઉકેલ માટે પ્રવૃતિ હાથ ધરી. જોકે, મહિલા સુરક્ષાના કાર્યોને જાન્યુઆરી ૨૦૧૭ માં નવી ચૂંટાયેલી પંચાયત બોડીએ વેગ આપ્યો. સરપંચ કાનજીભાઇ (શંભુભાઇ) રબારી અને ઉપસરપંચ નર્મદાબહેન માકાણીના નેતૃત્વમાં ૯ સભ્યોએ મહિલાઓને સુરક્ષા પૂરી પાડવાના કામને પ્રાધાન્ય આપવાનું નકકી કર્યું. પંચાયતે મહિલાઓને લગતા તમામ પ્રશ્નો હાથ ધરી શકાય તે માટે મહિલા સભા કરવાનું ઠરાવ્યું. દરેક ગ્રામ સભાથી પહેલા, મહિલા સભા યોજીને મહિલાઓને પોતાના પ્રશ્નો રજૂ કરવાનો એક મજબૂત મંચ પંચાયતે પૂરો પાડયો ઉપરાંત, ગામની મહિલાઓ ગામના નિર્ણયની પ્રક્રિયામાં ભાગ લઇ શકે તે માટે વધુ ને વધુ મહિલાઓ ગ્રામ સભામાં ભાગ લે તેવા પ્રયત્નો આદર્યા. સ્વૈચ્છિક સંસ્થા 'કચ્છ મહિલા વિકાસ સંગઠન' ના મદદ અને માર્ગદર્શનથી ગામ પંચાયતમાં જ 'પંચાયત મહિલા સલામતી કેન્દ્ર' શરૂ કરવામાં આવ્યું જે મહિનામાં બે દિવસ મહિલાઓ માટે ખુલ્લું રાખવામાં આવે છે.

પંચાયતના સક્રિય પ્રયાસોથી દરેક ગ્રામ સભામાં આશરે ૩૦ થી ૩૫ બહેન સહભાગી થવા લાગી. છેલ્લા પાંચેક વર્ષમાં ૫૦૦ થી વધુ મહિલાઓએ ગ્રામ સભામાં ભાગ લીધો છે. વર્ષ ૨૦૧૨ થી શરૂ થયેલા સ્ત્રી સશકિતકરણના પ્રયાસોને ૨૦૧૭ થી ચૂંટાયેલી નવી પંચાયત બોડીએ વેગ આપ્યો છે. પંચાયતે આગવી પહેલ કરીને ગ્રામસભા દરમ્યાન, મહિલા સુરક્ષા તથા મહિલા સશક્તિકરણ માટે ૧૨ મહિલાઓની 'મહિલા સુરક્ષા સમિતિ' ની રચના કરી છે. પંચાયતે ગામની મહિલાઓ સાથે ચર્ચા કરીને આ સમિતિની ભૂમિકા પણ નકકી કરી છે. સમિતિએ મહિલા સુરક્ષા પોલીસ હેલ્પલાઇન શરૂ કરી છે. પંચાયતે ગામના જાહેર રસ્તાઓની દીવાલો ઉપર વ્યસનના મુદા સહિત જુદી જુદી હેલ્પલાઇનના નંબરો પણ કાયમી ધોરણે લખાવ્યા છે. પરિણામે, ગામની યુવતીઓ અને મહિલાઓમાં જાગૃતિ આવી છે.

સરપંચ કાનજીભાઇએ મહિલા સુરક્ષા માટે મહત્વનું પગલું ભરી ને ૧ લાખ ૩૦ હજારના સ્વભંડોળ માંથી સી.સી. ટીવી કેમેરા લગાવ્યા છે. પંચાયતના ખર્ચે ગામને જોડતા રસ્તા ઉપર લાઇટ પણ નખાવી છે. અને પંચાયતે તેનો તમામ હિસાબ ગ્રામ સભામાં રજૂ કર્યો છે. ગામની દીકરીઓને રસ્તા ઉપરના ઝાડી-ઝાખરાને કારણે ડર લાગતો હતો તેથી ઝાડી-ઝાંખરા દૂર કરાવી ને જગ્યા ખુલ્લી કરાવી છે. ગામના શૌચાલય - વિહોણાં કુટુંબોની મહિલાઓને જાહેરમાં શૌચક્રિયા કરવામાંથી મૂક્તિ મળે તે માટે આશરે ૧૦૦ શૌચાલયો પંચાયતે બનાવ્યા છે. એટલું જ નહીં, શૌચાલયના ઉપયોગ બાબતે જાગૃતિ આવે તે માટે દેખરેખ સમિતિની પણ રચના કરી છે.

ગામમાં આરોગ્ય અને સ્વચ્છતા જળવાઇ રહે તે માટે પણ પંચાયતે નોંધપાત્ર કામગીરી કરી છે. પંચાયતે પહેલા તો નિયમિત સફાઇ અભિયાન ચલાવ્યું. ત્યાર પછી મહિલાઓને દૂર સુધી કચરો નાંખવા ન જવું પડે તે માટે ઘેર-ઘેરથી કચરો એકઠો કરવાની કામગીરી શરૂ કરી દર મહિને ગ્રામ પંચાયતના જાહેર સ્થળોની સફાઇનું અભિયાન પણ ચલાવ્યું. ઉપરાંત, ગામની મહિલાઓને સાથે ચોમાસા દરમ્યાન શાળા રસ્તા તથા ધાર્મિક સ્થળો તેમજ પડતર જમીનમાં વૃક્ષારોપણની સરાહનીય કામગીરી કરી, વૃક્ષારોપણ હેઠળ ૧૦૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર અને જતન કરવામાં આવ્યું.

પંચાયતના નોંધપાત્ર કામોમાં સરપંચ, ઉપસરપંચ અને પંચાયતના સભ્યો મધુબહેન માકાણી, ચેતનાબહેન માકાણી, કેસરબહેન મહેશ્વરી, રૂખસારબહેન સુમરા તથા દેવાભાઇ રબારીએ મહત્વની ભૂમિકા ભજવી.



પંચાયતે મહિલા સુરક્ષા માટે સીસીટીવી કેમેરા અને સ્ટ્રીટ લાઇટનું જે કામ કર્યું તે જોઇને આજુબાજુનાં ગામોની આઠેક પંચાયતોએ પ્રેરણા મેળવી છે. એ પંચાયતો પણ મહિલા સુરક્ષાનાં આવાં નોંધપાત્ર કામો કરવાનું આયોજન કરી રહી છે, એ કોટડા પંચાયત માટે મોટી સિદ્ધિ છે.



ગામના ઉપસરપંચ નર્મદાબહેન અને પંચાયત-સભ્ય ચેતનાબહેન કહે છે કે, અમારા ગામનાં છોકરા - છોકરીઓ બાજુના ગામ કોટડા ઉગમણામાં ભણવા જતા નિશાળમાં રાતે કોઇ કાર્યક્રમ હોય ત્યારે તેમને અસામાજીક તત્વોનો હંમેશા ડર રહેતો, પણ હવે સીસી ટીવી કેમેરા અને રોડ ઉપર લાઇટ આવી ગઇ એટલે અમારી ચિંતા ઓછી થઇ.

સીસી ટીવી કેમેરા લગાવવાથી થયેલા ફાયદાની સાબિતી આપવા સરપંચ કાનજીભાઇ એક ઘટનાની વાત કરે છે, થોડા મહિના પહેલાં ગામના વેપારી નારણભાઇ મહેશ્વરીએ રસ્તા ઉપરથી પસાર થતી વખતે ચોર તેમનો થેલો ચોરીને ભાગી ગયો હતો. વેપારીએ ચોરીના આ બનાવની પંચાયતને જાણ કરી તેથી પંચાયતે સીસી ટીવી ફુટેજ તપાસીને ચોરને પકડયો અને વેપારીનો બધો માલ પરત અપાવ્યો.



ગામના નાગરિક કરશન ગોવિંદ મહેશ્વરી કહે છે, **''સીસી ટીવી કેમેરા હવે અમારી જીવન - જરૂરિયાતની વસ્તુ બની ગઇ છે. હુ તો કહું છું કે હજુ વધારે સીસી કેમેરા લગાવો કારણ કે, અમારા ગામની બહેન-દીકરીઓ એકલી પણ હવે નીકળી શકે છે. તેમનો ડર દૂર થઇ ગયો છે.''**

સરપંચ કાનજીભાઇ, બીજી પંચાયતોને સંદશો આપતા કહે છે, કે ''ગ્રામ પંચાયતને વિશ્વાસનું એવું ઘર બનાવો કે વિરોધીઓ પણ વિરોધ કરતા પહેલા એક વાર વિચાર કરે.'' કોટડા આથમણા પંચાયતે સૌને સાથે રાખીને નિર્ણય લેવાનું ઉદાહરણ પુરૂં પાડયું છે. સહભાગિતા, અસરકારક અને કાર્યક્ષમ વહીવટ, જવાબદેહિતા, સમાનતા અને સૌનો સમાવેશ જેવાં મૂલ્યોને કોટડા આથમણા પંચાયતે ચરિતાર્થ કર્યો છે.



# ગામની મિલકતોની આકારણી કરીને વેરાની આવકમાં વધારો કરતી **મોટા દિનારા પંચાયત,** તા. ભુજ

ગામનું નામ મોટા દિનારા. ૪૪૭૧ લોકોની વસ્તી ધરાવતું આ ગામ ભુજથી ૮૦ કિલોમીટર ના અંતરે આવેલું ગામ છે. અનુસૂચિત જાતિ, સમા, હિંગોરજા (મુસ્લિમ) જ્ઞાતિનાં મળીને ૮૮૦ કુટુંબો ધરાવતાં આ ગામની જૂથ પંચાયતમાં મોટા દિનારા, નવાવાસ, ઢંઢી, તલવાંઢ, અને મોટા બાંધા ગામનો સમાવેશ થાય છે. ૧૧ વોર્ડમાં વહેંચાલી આ પંચાયતના, સરપંચ સહિત ૧૨ સભ્યો છે. ૨૦૧૪ માં ચૂંટાયેલી આ પંચાયતે ગામના બધાં જ મકાનોની આકારણી કરવાની પ્રક્રિયા કરીને ઉદાહરણ રૂપ કામ કર્યું છે.

છેલ્લાં ૧૦ વર્ષથી ગામની મિલકતોની આકારણી ન થઇ હોવાથી ગામના લોકોને અને પંચાયતને પણ અનેક તકલીફો પડતી. લાઇટના જોડાણ, આધારકાર્ડ, પાનકાર્ડ અને મતદાર યાદીમાં નામ-નોંધણી જેવાં કામો માટે રહેણાંકના આધાર વગર, પંચાયત દાખલો પણ આપી શકતી નહીં. મકાનવેરો અને અન્ય કરવેરા વસૂલ ન કરી શકતી હોવાથી પંચાયતે આવક ગુમાવવી પડતી. લોકોને કુટુંબનું અલગ રેશનકાર્ડ બનાવવામાં પણ મુશ્કેલી પડતી. આકારણી ન થઇ હોવાથી લોકો આવાસ યોજનાના લાભો પણ મેળવી શકતા નહોતા. સરકારની યોજના મુજબ પંચાયતે જેટલો સફાઇ વેરો એકત્રિત કર્યો હોય તેટલું જ પ્રોત્સાહક ફંડ આપવામાં આવે છે. પરિણામે, મોટા દિનારા ગામને ઓછું ફંડ મળતું.

પંચાયતી રાજ કાયદા મુજબ દર ચાર વર્ષે મિલકતોની આકારણી થવી જોઇએ. આ વાત ધ્યાનમાં રાખીને આ સમસ્યાની ચર્ચા કરવા માટે વર્ષ ૨૦૧૬ ની બીજી ઓકટોબરે પંચાયતે ગ્રામસભા યોજી. ગ્રામસભામાં ગ્રામજનોએ પોતાની મુશ્કેલીઓ રજૂ કરી. ચર્ચાના અંતે ગ્રામ સભાની સંમતિથી આકારણી કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. પંચાયતે, આકારણી કરવા માટે ૬ સભ્યોની એક આકારણી સમિતિ બનાવી. સરપંચ અને પંચાયતના સભ્યો આ સમિતિના સભ્ય પદે હતા. ગ્રામ સભા પૂરી થયાના એક અઠવાડિયામાં જ ૮ મી ઓકટોબરના રોજ આકારણી સમિતિની એક મિટીંગ યોજવામાં આવી. મિટીંગ દરમ્યાન આકારણી સમિતિના સભ્યોએ ચર્ચા - વિચારણા કરીને પહેલી જાન્યુઆરી, ૨૦૧૭ થી જ આકારણીની પ્રક્રિયા શરૂ કરવાનો દ્રઢ નિર્ણય કર્યો.

આકારણી સમિતિ અને તલાટી અજીતભાઇ એ સાથે મળીને વોર્ડ પ્રમાણે જવાબદારીની વહેંચણી કરી. તેને અનુસરીને ઘેર-ઘેર જઇ મિલકતોની આકારણી કરવામાં આવી. જૂની આકારણીના નંબરો પણ સંદર્ભ તરીકે રહે તેવી ચોકસાઇ વર્તીને પંચાયતે જૂની આકારણીના નંબરો યથાવત રાખ્યા. ઉતરાંત, બાજુમાં જ મકાનોને પેટાનંબરો આપવામાં આવ્યા. બન્ની પચ્છમ વિસ્તારમાં પહેલી જ વાર ઓઇલ પેઇન્ટથી જ આકારણી નંબર લખવામાં આવ્યા.

આકારણીની આ પ્રક્રિયા અંગે મોટા દિનારા ગામના સરપંચ શકુર મલુક સમા કહે છે કે, ‘‘ગામ લોકોના સહકારથી આકારણીનું કામ આસાન બની ગયું.’’

આકારણી તો થઇ ગઇ, પણ એમાં કોઇને કોઇ વાંધો હોય એવું પણ બને, તેથી પંચાયતે તા. ૮ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ પંચાયતના નોટિસ બોર્ડ ઉપર આકારણી અંગેની યાદી પ્રસિદ્ધ કરીને લોકોના વાંધા-સૂચનો મંગાવ્યા. તે પછી ત્વરીત કદમ ઉઠાવતા, પંચાયતે તા. ૧૦ મી ફેબ્રુઆરીએ સામાન્ય સભાની મિટીંગ બોલાવી તેમ જ ઠરાવ નં. ૫ થી તમામ સભ્યોને આકારણીની જાણકારી આપવામાં આવી. પંચાયતે વાંધા - સૂચનો મંગાવ્યા હતા, તેના પ્રતિસાદ રૂપે ૨૦ વાંધા-અરજીઓ આવી. તા. ૨૪ માર્ચ ૨૦૧૭ ના રોજ ઠરાવ નં. ૧ થી તમામ વાંધાઓનો નિકાલ કરવામાં આવ્યો. પંચાયતે ઠરાવ નં. ૪ થી સર્વાનુમતે તા. ૧૦ એપ્રિલ ૨૦૧૭ થી અમલીકરણનો નિર્ણય લીધો.

ગ્રામ પંચાયતે, જાહેર-ખાનગી મિલકતો, ખુલ્લા પ્લોટ, ભુંગા, નળિયાંવાળા મકાન, પાકાં મકાનો વગેરેને આકારણી હેઠળ આવરી લીધાં. પંચાયતે આ આકારણી કરી તે પહેલાં પંચાયતના ચોપડે કુલ ૧૫૨૩ મિલકતો નોંધાયેલી હતી. આકારણી કરવાને કારણે ૩૩૦ નવી મિલકતો ઉમેરાઇ, તેથી કુલ ૧૮૨૩ મિલકતો હવે પંચાયતના ચોપડે નોંધાઇ છે. આમ, આકારણી થવાથી નવી મિલકતો વિશે જાણકારી મળી અને વેરાની આવકમાં પણ વધારો થયો.

એટલું જ નહીં, ૩૦૦ જેટલાં લોકોને કે કુટુંબોને લાઇટ કનેકશન, રેશનકાર્ડ, શૌચાલય યોજના વગેરે માટે આકારણી ખૂબ ઉપયોગી બની.

આકારણીથી થનારા ફાયદા અંગે પૂર્વ સરપંચ ગનીભાઇ કહે છે. ‘‘આકારણીથી સ્વભંડોળ વધશે અને પાણીની સમસ્યાના નાના-મોટા કામો કરવામાં આસાની થશે.’’

આમ સહભાગીતા, સર્વસંમતિ, જવાબદારી લેવાની પહેલ તથા કાર્યક્ષમ આયોજન કરીને મોટા દિનારા પંચાયતે મિલકતોની આકારણીનું કામ પાર પાડ્યું. આ રીતે સેવા અને વેરા વસૂલાતની સરળતા ઊભી કરીને પંચાયતે એક સરસ ઉદાહરણ પૂરૂં પાડ્યું.









# આયોજન અને સંકલનના સમન્વયથી અધુરાં કાર્યો પુર્ણ કરાવતી **લોડાઇ પંચાયત,** તા. ભુજ

પંચાયતને 'ગામની સંસદ' કહે છે. એની જવાબદારી બને છે કે ગામના તમામ નાગરિકોને જરૂરી સગવડ મળી રહે. ભુજ તાલુકાની લોડાઇ જૂથ પંચાયતે આવો જ દાખલો બેસાડયો છે. લોડાઇ, ઉમેદપર અને વાત્રા એમ ત્રણ ગામની આ જૂથ પંચાયત ૯૬૨ કુટુંબો અને ૪૩૪૩ ની વસ્તી ધરાવે છે. જેમાં આહીર, મુસ્લિમ, દલિત, રબારી, કાપડી, જૈન, લોહાણા અને બારોટ જેવી જ્ઞાતિઓ વસવાટ કરે છે. વર્ષ ૨૦૦૧ માં આવેલા ધરતીકંપમાં આ ગામ કેન્દ્રબિંદુ હતું એટલે લોડાઇમાં ઘણું નુકસાન થયું હતું. ત્રણેય આંગણવાડી અને પ્રાથમિક આરોગ્યની સેવા આપતું સબસેન્ટર સંપુર્ણ ક્ષતિગ્રસ્ત થયાં હતાં. આ બેય સેવા હંગામી આવાસમાં એક બે નહીં, પણ સત્તર વર્ષ સુધી આપવામાં આવી. ૨૦૦૯ થી મંજૂર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળા પણ હંગામી આવાસમાં ચાલતી હતી.

લોડાઇ ગામ આસપાસનાં બારથી પંદર ગામો વચ્ચે કેન્દ્રનું ગામ છે. તેમને ગામના અંદાજે ૮૦ બાય ૪૦ મીટરના લંબગોળાકાર વથાણ ચોકમાંથી પસાર થવું પડે. દર ચોમાસે એ ચોકમાંથી પસાર થવું ખુબજ મુશ્કેલ જેવું બની જતું. અત્યંત હાલાકી હોવા છતાં, કામનું બજેટ વધુ હોવાથી કોઇ વિભાગ તરફથી રીપેરીંગ કામ કરવા માટે મંજૂરી નહોતી મળતી આ તકલીફ તો પંચાયતી રાજ અસ્તિત્વમાં આવ્યું એનાથી પણ પહેલાની છે. આવી સમસ્યાઓથી ગ્રસ્ત લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. વર્ષ ૨૦૧૨ થી ભરતભાઇ હરિભાઇ ડાંગર સરપંચપદે આવ્યા. તેમણે ગામલોકોની જરૂરિયાત અને સમસ્યાઓને સમજીને, એના ઉકેલ માટે પ્રાથમિકતા નકકી કરી. હવે સવાલ હતો નાણાનો. તેમણે લાગતા-વળગતા સરકારી વિભાગો સાથે સંકલન કર્યુ. નાણા તો મંજૂર થયાં પછી વાત આવી અમલીકરણની, ભરતભાઇએ દરેક કામની ગુણવત્તા જળવાઇ રહે એ માટે ખાસ ધ્યાન રાખ્યું. એટલું જ નહીં, નબળાં કામોમાં વધુ સખતાઇ કરીને અને ખાસ ધ્યાન આપીને ફરી પણ કરાવ્યાં.

આંગણવાડીઓનાં કામ માટે રૂપિયા ચાલીસ લાખ અને સબસેન્ટર માટે રૂપિયા આડત્રીસ લાખનું બજેટ મંજૂર થયું. સબ સેન્ટરનું નવું માળખું તો બની જ ગયું, સાથે સ્ટાફ માટે રહેઠાણની સુવિધા હોતાં ચોવીસ કલાક સારવાર ઉપલબ્ધ બની. તેની જગ્યા બદલીને ગામની વચ્ચે કરવામાં આવી હોવાથી સેવા લેવામાં ઘણી સરળતા રહે છે. આંગણવાડી બાબતે કામ નબળું થતાં નાગરિકોએ ફરિયાદ કરી. સરપંચે કામ બંધ કરાવી, ફરી કરાવ્યું અને મજબુત થયું છે તેવી ખાતરી મેળવી. આંગણવાડીનું કામ પૂર્ણતા તરફ છે.ગામની ઉચ્ચતર માધ્યમિક શાળાને વર્ષ ૨૦૧૩ માં મંજૂરી મળી જતાં, વધારે સુવિધાવાળા વર્ગખંડો, પ્રયોગશાળા અને અન્ય આધુનિક સાધનોની સગવડ સાથે અસરકારક શિક્ષણવાળું વાતાવરણ ઊભુ કરી શકાયું છે. દરેક ચોમાસામાં કાદવ-કીચડથી ભરાઇ જતા વથાણ ચોકમાં રૂપિયા સાઠ લાખના ખર્ચે સિમેન્ટ કોન્ક્રીટ નાખી ચોકની મરંમત કરવામા આવી. માર્ગ અને મકાન વિભાગ માં પંચાયતે આ બજેટ મંજૂર કરાવ્યું.

ગામના નાગરિકોની સલામતી માટે ૧૬ મુખ્ય જગ્યાઓએ સીસીટીવી કેમેરા નાખવામાં આવ્યા છે. **સરપંચ ભરતભાઇ ડાંગર કહે છે કે ''ભવિષ્યમાં વીજળી માટેની આધારિતતા દૂર કરવા પંચાયત પોતાનો સોલાર પ્લાન્ટ નાખવા માગે છે. વધારાની વીજળીનું વેચાણ કરીને આવક વધારવાનું આયોજન પણ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રની સુવિધા ઊભી કરવી છે. શિક્ષણની ગુણવત્તા સુધારવા સતત કાર્યરત રહેવું એ પણ આગામી આયોજન છે.''**

વ્યવસ્થિત આયોજન, યોગ્ય સંકલન અને પાછળ પડીને કામ કરાવવાની ધગશ હોય તો કોઇ કામ અશકય નથી એ લોડાઇ પંચાયતે સાબિત કરી બતાવ્યું છે.





# સ્વચ્છતાના સુત્રને સાર્થક કરતી
# **રત્નાપર (મઉ) પંચાયત,** તા. માંડવી

કોઇ ગામની પંચાયત ઘણી જ સક્રિય હોય પણ ગામ લોકોનો બિલકુલ સહયોગ ના હોય. તો કયાંક વળી ઉંધુ પણ હોય કે ગામલોકો સક્રિય હોય પણ પંચાયત નિષ્ક્રિય હોય. પણ જો પંચાયત અને નાગરિકો બંને જાગૃત જવાબદાર અને સક્રિય હોય તો ? તો કચ્છના માંડવી તાલુકાના રત્નાપર (મઉ) જેવો સંતોષપ્રદ વહીવટ થાય.

માત્ર ૧૨૨ કુટુંબો અને ૬૫૩ જેટલી પ્રમાણમાં નાનકડી સંખ્યાની વસ્તી ધરાવતું આ ગામ બહુ જ સરસ રીતે અને આયોજન પૂર્વક આગેકુચ કરી રહયું છે. ૧૧૨ જેટલા પટેલ પરિવારોની સાથે સુથાર, લુહાર, દરજી અને રબારી સમુદાયના લોકો આ ગામના રહેવાસી છે. વિક્રમ સવંત ૧૯૫૩ ની સાલમાં સ્થપાયેલા આ ગામે ૧૨૦ વર્ષ પુરા કર્યા. સાથે સાથે વિકાસની હરણફાળ ભરી રહયું છે.

પાણી, લાઇટ, ગટર વ્યવસ્થા, શિક્ષણ, રસ્તા, મકાનો, ખેતી વગેરે બાબતોમાં ક્રમવાર કામ થતાં આવ્યાં છે. હાલમાં હાઇસ્કુલનું કામ પૂર્ણ થવાને આરે છે. જેની જમીન ગામના શિક્ષણપ્રેમી સ્વ. દેવકાબેન રતનશી રામજી ચોપડા પરિવાર તરફથી દાન મળેલી છે.

આ ગામના લોકો માને છે કે જો આપણે સ્વચ્છ કપડાં પહેરીને ફરવાનું પસંદ કરતા હોઇએ તો કેવો આનંદ આવે તો આપણું ઘર, રસોડું, ગામની શેરી, શાળા કે પછી જાહેર જગ્યાઓ પણ સ્વચ્છ હોય તો તો વિશેષ આનંદ આવે એ સ્વાભાવિક છે.

આ માટે ગામના તમામ લોકો, સરપંચ તરૂણાબહેન રામાણી સાથે આખી પંચાયત બોડી ખૂબ જ સક્રિય છે. ગામના તમામ લોકો સાથે મળીને માત્ર દસ જ મિનિટમાં ગામની સફાઇ કરીને ગામને ચોખ્ખુ ચણાંક બનાવી નાખે છે. સ્વચ્છતાના મંત્રને સફળ બનાવવા બાળકથી માંડી વયોવૃધ્ધ સુધી પંચાયત પહોંચી છે. ગ્રામસભામાં ભાઇઓ અને બહેનોએ સ્વચ્છતાના મુદે વિચારોના આદાન પ્રદાન બાદ કાર્યને વેગ આપ્યો. ગ્રામજનોએ સ્વચ્છતાની જવાબદારી હસતા મોએ સ્વેચ્છાએ સ્વીકારી. આજે માત્ર દશ મિનિટમાં રસોડું, આંગણું અને શેરીઓ સ્વચ્છ કરવામાં સફળતા મળી છે. માત્ર રત્નાપર જ નહીં, બાજુનાં ગામોના પણ તેઓ સ્વચ્છતાનો સંદેશ પહોંચાડે છે. મકડા ગામને તો તેઓએ સ્વચ્છ બનાવવા દતક લીધેલું. આવી સરસ કામગીરીનું પરિણામ પણ સરસ મળે છે.

માજી સરપંચ શ્રી મહેન્દ્રભાઇ રામાણી કહે છે કે, **વર્ષ ૨૦૦૯-૧૦ માં જયારે અતિવૃષ્ટિ થઇ ત્યારે આજુબાજુનાં ગામોમાં ચિકનગુનિયા અને અન્ય તાવ અને બિમારીનું સારું એવું પ્રમાણ હતું. પણ રત્નાપર તેમાંથી બચી ગયું. ગામની એકપણ વ્યકિત રોગની ઝપટમાં ન આવી. ‘‘ જયાં સૌનો સાથ હોય ત્યાં કોઇ કામ અશકય નથી હોતું ’’**

આરોગ્યની જાળવણી માટે વ્યસન મુકિત કાર્યક્રમ ગોઠવવામાં આવે છે. સરપંચ, પંચાયત બોડી અને ગ્રામજનો સાથે મળીને, સરકારની યોજનાઓ સાથે તાલમેલ રાખીને જાતજાતના નવિન કાર્યો કરે છે. ગામને નિર્મલ ગામ, શ્રેષ્ઠ ગામ પંચાયત, સ્વચ્છ ગામ, યશોદા અને સમરસ એવોર્ડ મળી ચૂકયા છે.

‘ સ્વચ્છ રહેવું સ્વચ્છ કરવું અને સ્વચ્છ કરાવવું ’ આ સૂત્રને ગામલોકોએ પોતાના જીવનમાં ઉતાર્યું છે. સફાઇ તરફનું એક નાનું પગલું માંદગી મુકત ગામ તરફ લઇ ગયું છે એ બહુ જ મોટી સફળતા છે.







# સ્વચ્છતાના મુદ્દાનો કાર્યક્ષમ અમલ કરાવતી
# **નાની વિરાણી પંચાયત,** તા. માંડવી

દરેક વ્યકિત પોતાનું આંગણું વાળી નાખે તો આખું ગામ સ્વચ્છ થઇ જાય. આ વિચારને સાર્થક કર્યો છે. કચ્છ જિલ્લાના માંડવી તાલુકાની નાની વિરાણી પંચાયતે સરપંચ તેજબાઇ લાલજી મહેશ્વરી અને તેમની પંચાયત બોડીના સાત સભ્યોને સાથે મળીને આખું ગામ સ્વચ્છ રહે એવી કામગીરી કરી છે. ઘરેઘરેથી અને જાહેર જગ્યાએથી કચરો એકત્ર કરીને તેના સલામત નિકાલ માટેની કાયમી વ્યવસ્થા ઉભી કરી છે. નાની વિરાણી એ જુથ ગ્રામ પંચાયત છે. આ ગામની વસ્તી ૧૭૪૧ છે જેમા પટેલ, મહેશ્વરી, મુસ્લિમ, ગુસાઇ અને કોલી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.

સહુ પ્રથમ તો આંખાયે ગામમાંથી સુકાઇ ને તુટી પડેલા વૃક્ષો ઉપડાવીને ગામની બહાર નિકાલ કરવામાં આવ્યો. તેની સાથે ગામના કચરાનો પણ નિકાલ કરવામાં આવ્યો. સફાઇ કામદારના પગારમાં વધારો કરીને તેની કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવી. ગામની પંચાયત ગામની સ્વચ્છતા માટે કામ કરી રહી છે એ અહેસાસ લોકોને થયો. સેવાઓમાં સુધારો કરીને લોકોના વિશ્વાસ મેળવીને ગ્રામસભામાં બધા હિસાબો રજુ કરવામાં આવ્યા. સાથે વિવિધ સરકારી યોજનાઓની માહિતી અને પંચાયત હેઠળની અલગ અલગ સમિતિઓની કામગીરીની વિગત સમજાવવામાં આવી.

સ્વચ્છતા માટેની કામગીરીની યાદી નકકી કરીને તેનો પણ ગ્રામસભામાં ઠરાવ કરવામાં આવ્યો. જેમાં ગામનાં દરેક ઘરનો કચરો લેવાનું આયોજન ઉકરડા તથા મૃત પશુના નિકાલ માટેની જગ્યા ગામની બહાર નકકી કરવી. બાકી રહેતા સેનિટેશનના કામ તરત પુરા થાય એ જોવું. ગામની મુખ્ય જગ્યાઓએ કચરા પેટી મુકાય. સ્વચ્છતા અંગેના સુત્રો લખવા, શિબિર આયોજીત કરવી જેવી કામગીરી કરવી. શાળામાં વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાની આદત કેળવાય. ખુલ્લામાં વહેતું પાણી બંધ કરવું. જાહેર રસ્તાઓની સફાઇ થાય. આવી તમામ ઝીણી ઝીણી બાબતો આવરી લેવામાં આવી.

કરવેરામાં વધારો કરીને ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન માટેનો કર અને તે સેવા દાખલ કરવામાં આવ્યા. લોકોથી પણ સારો પ્રતિસાદ મળ્યો. જે કચરો હાથ ગાડી મારફતે ઉપડતો હતો, તે ટ્રેકટર દ્વારા ઉપડાવવા લાગ્યા. તેનો કમ્પોસ્ટ પીટમાં સલામત નિકાલ કરવામાં આવતો. તે સિવાય પણ નાગરીકોને કચરો નાખવા માટે બે કમ્પોસ્ટ પીટ બનાવવામાં આવી. પ્રવાહી કચરાનો નિકાલ ગટર દ્વારા કરવામાં આવે છે. મૃત પશુઓને જેસીબી અથવા લોડર થી ઉપાડીને સલામત જગ્યાએ દાટવામાં આવે છે. પીવાના પાણીના ટાંકાની સફાઇ પાણી સમિતિ વડે નિયમિત કરવામાં આવે છે. પંચાયત તેની સમયાંતરે ચકાસણી પણ કરે છે. શાળાનાં બાળકોને નાની ઉમરથી સ્વચ્છતાની આદત પડે તે માટે આ બધા જ કાર્યક્રમોમાં તેમને હાજર રાખીને યોગ્ય સમજ આપવામાં આવે છે. શાળામાં નિબંધ, ચિત્ર, સમુહ સફાઇ, વકતૃત્વ જેવા કાર્યક્રમ આયોજીત કરીને આ અંગે જાગૃતિ લાવવામાં આવે છે. આ તમામ કામગીરીમા સરકાર અને દાતા બેચનાં નાણાનો સમન્વય કરવામાં આવ્યો છે.

ગામની મહિલા સુરક્ષા સમિતિના પ્રમુખ જયશ્રીબેન રામાણી અભિપ્રાય આપતા કહે છે કે, **“ મહિલાઓ માટે ઘન કચરાનો નિકાલ માથાના દુઃખાવા સમાન હોય છે. પરંતુ જયારથી ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન ની સેવા શરૂ થઇ છે ત્યારથી કચરાનો નિકાલ સાવેય સરળ બની ગયો છે.”**

આમ નાની વિરાણીનાં નામમાં ભલે ને ‘નાની’ શબ્દ આવે છે, પણ સફાઇના મુદે તેની પંચાયતે ખરેખર મોટું કામ કર્યું છે. એક અસરકારક પંચાયત તરીકે સ્વચ્છતાના મુદાને કાર્યક્ષમ રીતે અમલીકૃત કરવામાં નાની વિરાણીને સફળતા મળી છે.







# માણાબા પંચાયતની મહેનત ફળી : ચારે કાંઠે છલકાયું તળાવ ! - તા. રાપર

પાણી એટલે જીવાદોરી, એનું એક એક ટીપું ખૂબ મહત્વનું છે. નાગરિકો અને સરકારી તંત્ર સાથે મળીને એને બચાવે, સંગ્રહ કરે એ અત્યંત જરૂરી છે. કચ્છ જેવા જળસંકટવાળા વિસ્તારમાં તો ખાસ આ માટે સતત પ્રયત્ન કરવા પડે છે. કચ્છ જીલ્લાની રાપર તાલુકાની માણાબા પંચાયતે આ માટે સરસ પગલાં લીધાં છે. ગામમાં આવેલાં ઐતિહાસિક તળાવને સમારકામ કરીને તેની સંગ્રહ ક્ષમતા વધારી છે. ૧૭.૫ એકર જેટલા વિસ્તારમાં ઝાડી કટિંગ કરીને તળાવની આવ સાફ કરી છે. એટલું જ નહીં, એના વપરાશ માટેના નિયમો પણ બનાવ્યા છે.

રાપર તાલુકા મથકથી ૪૫ કિલોમીટર દૂર આવેલું માણાબા ગામ ૫૫ વર્ષથી ગ્રામ પંચાયત ધરાવે છે. પણ અત્યાર સુધી જળસંચયનાં કામ ખાસ થયાં નથી. ગામમાં એક જૂનું તળાવ આવેલું છે. ઝાડી ઉગી જવાથી, તળાવનું મોટું કદ હોવા છતાં પાણી ઓછું ભરાતું અને સંગ્રહ થતો નહોતો. પશુઓને પીવા માટે પણ કામ ન આવતું. ગામની કુલ વસ્તી ૧૮૨૭ છે. મુસ્લિમ, દલિત, કોલી, ભરવાડ, પટેલ સહિતની જ્ઞાતિઓ ગામમાં વસે છે જેમાં સાધુ અને લુહારના એક એક પરિવારનો પણ સમાવેશ થાય છે. ડીસેમ્બર ૨૦૧૬ ના વર્ષમાં જે પંચાયત ચૂંટાઇને આવી એના સરપંચશ્રી અને સભ્યો ખૂબ ઉત્સાહી અને નાગરિકો પ્રત્યે જવાબદાર છે. જયારે ગ્રામસભામાં ફરી એક વાર આ તળાવની કામગીરી અંગે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી ત્યારે પંચાયતે તાત્કાલિક ધોરણે એનાં અમલીકરણનું આયોજન કર્યું.

સ્થાનિક ધારાસભ્યની મદદથી ગુજરાત જમીન વિકાસ નિગમમાં આ અંગે દરખાસ્ત મૂકી. સરપંચશ્રીએ ત્યાં વારંવાર રજૂઆત કરીને આખરે મંજૂરી મેળવી. મંજૂર થયેલાં નાણાંની વિગત આપવાની સાથે, સરપંચશ્રીએ કામગીરી દરમ્યાન નિરીક્ષણ અને દેખરેખ માટેની જવાબદારી પંચાયત સભ્યો અને આગેવાનોને સોંપી. તળાવનો ઘેરાવો આશરે ૧૭.૫ એકર જેટલો હોવાની સાથે તેમાં ગાંડા બાવળની ઝાડીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. એટલે તળાવનું સમારકામ અને ઝાડી કટિંગનું કામ પંચાયતે લીધું. સ્થાનિક દાતાની મદદથી શરૂ કરેલું કામ નકકી કરેલ સમયમર્યાદામાં પૂર્ણ કરી લીધું. ગામના અગ્રણી કહે છે કે, **''અત્યારે આ તળાવ ચારે કાંઠે ભરેલું છે. પંચાયતે તળાવની જાળવણી માટે નીતિનિયમો પણ બનાવ્યા છે. નવાણી અગિયારસને દિવસે ગામના તમામ લોકો તળાવને સાફ કરીને, તળાવની જાળવણીમાં પોતાનું યોગદાન સતત આપતા રહે છે.''**

વીસ દિવસ ચાલેલી આ કામગીરીમાં ઊંડાઇ અને સમારકામનો ખર્ચ રૂપિયા પાંચ લાખનો થયો. તેમાંથી ૫૦ હજાર રૂપિયા સરપંચ દ્વારા સ્વખર્ચ અને લોકભાગીદારીથી મેળવવામાં આવ્યા. કામગીરી દરમ્યાન લોકોની ભાગીદારી રહી. વહીવટ પારદર્શી રહયો. જવાબદારીનું વિભાજન કરવાથી કામ ઝડપી બન્યું. સમગ્ર કામગીરીને લગતી દરેક કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી.

આ કામગીરી ઉપરાંત પંચાયતે ઘર દિઠ બે વૃક્ષનું વાવેતર કરાવીને તેના ઉછેરની જવાબદારી ઘરના સભ્યોને સોંપી છે. પશુસારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલું. તેમાં ૫૦૦ જેટલાં પશુઓને આવરી લેવામાં આવેલાં. ૬૦ વર્ષ થી ઉપરની ઉંમરના નાગરિકોનાં વયવંદના યોજના હેઠળ ફોર્મ ભરવામાં આવ્યા છે. જેનું પંચાયત ફોલોઅપ કરે છે. ગામના તમામ નાગરિકોને આધારકાર્ડ બનાવી આપ્યા છે. બેન્કમિત્રની વ્યવસ્થા ઊભી કરી છે. આખાં ગામમાં ગટર વ્યવસ્થા ઉભી થાય. ગંદકીના પ્રશ્નો હલ કરવા. દરેક પરિવારને મીનરલ પાણી ઉપલબ્ધ થાય એ માટેની વ્યવસ્થા ઉભી કરવી. ગામને ડીજીટલ કન્સેપ્ટમાં આગળ લઇ જવું. વાઇફાઇ અને સીસીટીવી કેમેરાની સગવડ ઊભી કરવી. બહેનો માટે સ્નાનઘાટની સુવિધા ઊભી કરવી. પશુઓ માટે હવાડો બનાવવો. પંચાયત હવે આ સપનાંઓને સાકાર કરવા મહેનત કરી રહી છે જેમાં તેમને ગામના દરેક નાગરિકનો સાથ છે.








# મોડા પંચાયતે કર્યો ફરજ અને સંવેદનાનો સમન્વય, તા. રાપર

વિકાસ ત્યારે થયો કહેવાય કે જ્યારે નાના ગામોમાં બધી જ પ્રાથમિક સુવિધાઓ પહોચેં ! એમાં પણ ગામના છેવાડાના માણસો સુધી તેનો લાભ મળે ત્યારે સાચું અમલીકરણ થયું કહેવાય. આ બધા ઉપરાંત, જ્યારે અચાનક કોઈ તકલીફ આવી પડે ત્યારે તેનું પણ નિરાકરણ થાય એ જોવાની ભુમિકા ગામની પંચાયતની છે. કેમ કે પંચાયત એ ગામના સુચારું વહીવટનું માળખું છે.

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના મોડા ગામની પંચાયતે આવું જ કશું કરવાનો સરસ અને સફળ પ્રયત્ન કર્યો છે. ૫૮૦ પરિવાર અને ૨૦૫૩ જેટલી વસ્તી ધરાવતા મોડા ગામમા પટેલ, રબારી, મેઘવાળ, વાલ્મિકી, કોળી, બ્રાહ્મણ, સાધુ, મુસ્લિમ, દરબાર, લોહાણા અને જૈન જેવી વિવિધ કોમની વસ્તી છે.

સરપંચ ધનીબહેન અને તેમની સાત સભ્યોની પંચાયત બોડી સતત કાર્યરત રહે છે અને ગામ લોકોને વિવિધ સુવિધાઓ પુરી પાડવા તત્પર રહે છે. રોડ, આંગણવાડી, પ્રાથમિક અને માધ્યમિક શાળા, પાણી, હવાડા, જેવી પ્રાથમિક સગવડો તો હતી જ. પણ ગામના ઈન્દિરા આવાસ કે જ્યા દલિત સમુદાયો રહે છે, ત્યા એક ગંભીર તકલીફ ભુકંપના સમયથી હતી. આ વિસ્તાર નીચાણમાં આવેલો છે. એટલે જ્યારે વરસાદ આવે ત્યારે આ વિસ્તારમાં એટલું પાણી ભરાય કે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની જાય. એટલું જ નહિ, એ પાણી ઘરમાં આવી જાય એટલે માલ-સામાનની નુકશાની પણ થાય. પાણી ઓસરી જાય એટલે ગંદકી અને કાદવને લીધે બિમારી ફેલાય એ તો અલગ. વિસ્તારમાં લોકો આ તકલીફથી ત્રાહિમામ પોકારી ગયેલા. તેમણે પંચાયત સામે રજુઆત કરી.

પંચાયતે તાત્કાલિક આ વિસ્તારમાં દીવાલ બનાવવાનો સર્વસમંતિથી નિર્ણય લીધો. આમ તો અગાઉની દીવાલ હતી જ, પણ તે જર્જરિત અને ઠેર ઠેર તુટી ગઇ હતી. વિસ્તારની જરૂરિયાત મુજબ પંચાયત દ્વારા લોકભાગીદારીથી ૭૦ મીટરની લંબાઇ અને ૨.૪૦ મીટર ઉંચાઈની દીવાલ બનાવવામાં આવી. ૨.૨૫ લાખ ખર્ચ થયો. આ ખર્ચ ૨૦૧૬ માં ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યો હતો. કામ ચાલતું હતું એ દરમ્યાન સતત દેખરેખ અને નિરીક્ષણ કરવામાં આવતું. આખુ કામ ૩ મહિનાની નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થઇ ગયું. સાથે એ પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે કે હવે વરસાદ આવે ત્યારે એનું પાણી બીજા ફળીયાઓમાં ન જાય.

ગામના એક વતની જણાવે છે કે, **''૪૦ પરિવારોને આ તકલીફમાંથી હવે કાયમી છુટકારો મળી ગયો છે. તેમને થતું માલ - સામાનનું નુકશાન બંધ થઇ ગયું એટલે આર્થિક ફાયદાને લીધે જીવન ધોરણમાં પણ ફરક આવ્યો.''**

અન્ય વિસ્તારોમાં ભરાતું પાણી અટકે, મહિલા સલામતી માટે સ્ટ્રીટ લાઇટસ નાખીને રોડ ઉપર અજવાળું પાથરવું, બાકી રહેલા શૌચાલયનું બાંધકામ પૂર્ણ કરવું અને ગ્રામસભામા બહેનોની ભાગીદારી થાય તેવા પ્રયત્નો કરવા વગેરે કામગીરી પંચાયતનું આગામી આયોજન છે.

પ્રાથમિક સગવડો ઉભી કરવી એ તો પંચાયતની ફરજ છે. પણ જ્યારે ફરજની સાથે સંવેદનશીલતા ભળે ત્યારે લાગે કે લોકશાહીનો સાચો અર્થ સાકાર થઇ રહયો છે.





# લોકભાગીદારી સાથે ટકાઉ કામગીરી કરતી
# **જનકપુર પંચાયત,** તા. માંડવી

દરેક ગામની અને તેની પંચાયતની અલગ અલગ ખાસિયત હોય છે. અલબત, આખરે તો સારૂં શાસન થાય એ જ હેતુ હોય છે. કચ્છ જીલ્લાના માંડવી તાલુકાનું જવાહરપુર જનકપુર જૂથ ગામ એવું જ એક ગામ છે. જયાંની પંચાયત સુશાસન માટેનાં તમામ શકય પગલાં લે છે. ૧૬૫ પરિવારો અને ૮૪૧ જેટલી વસ્તી ધરાવતાં આ ગામમાં પટેલ, મહેશ્વરી, મુસ્લિમ, વાળંદ અને રબારી સમુદાયો રહે છે.  જનકપુર પંચાયત સુશાસનનાં મૂલ્યોને ધ્યાનમાં રાખીને કામગીરી કરે છે, સરપંચ જયંતીભાઇ ચોપડા અને તેમની પંચાયત બોડી આ માટે સતત કાર્યરત રહે છે. તેમની કામગીરી જોતા લાગે કે પોતાનાં ગામ માટે પંચાયત જે કરી શકે તે તમામ પ્રયત્નો તેમણે કર્યા છે.

ગ્રામસભા બોલાવવા અઠવાડિયા અગાઉ જાહેર સ્થળોએ અને પંચાયત ઘર ઉપર નોટીસ લગાવાય છે. વોટ્સએપ જેવી આધુનિક સુવિધાઓનો પણ આ માટે ઉપયોગ કરવામાં આવે છે. ગામનું પોતાનું વોટ્સએપ ગ્રુપ છે. તેમાં પણ ગ્રામસભાની જાહેરાત કરવામાં આવે છે. હજી આટલું ઓછું હોય તેમ ગ્રામસભાના આગળના દિવસે સાદ પડાવવામાં આવે છે. એટલે જૂની અને આધુનિક દરેક પદ્ધતિ વાપરવામાં આવે છે. જેથી ગામની કોઇ વ્યકિત ગ્રામસભાની જાણ વિનાની રહી ન જાય. મહિલામંડળો, યુવકમંડળો તથા સખી મંડળોમાં માજી મહિલા સરપંચ શારદાબેન ઠાકરાણી દ્વારા બહેનોને ગ્રામસભાનું મહત્વ સમજાવવામાં આવ્યું. જેથી છેલ્લા સાત-આઠ વર્ષો માં ગ્રામસભામાં મહિલા ભાગીદારી ૪૦ ટકા થી વધી ને ૭૦ ટકા સુધી પહોંચી છે.

ઉપરાંત, ૧૦૦ ટકા વેરા વસુલાત, ૧૦૦ ટકા શૌચાલય, આખાં ગામમાં ઘરે ઘરે નળ, અન્ડગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા જેવી કામગીરી કરવામાં આવી છે. કેશલેસ યોજનાનો અમલ પણ કરેલો છે. પંચાયતે સુરક્ષાના આગોતરા પગલાં લઇ આખા ગામને ૫૫ સીસીટીવી કેમેરા અને સોલાર લાઇટથી સજ્જ કર્યું છે. ગામમાં આકસ્મિક ઘટના સમયે ગ્રામજનોને જાણ કરવા ચેતવણી ઘંટની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ગામની મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની સલામતી ને ધ્યાનમાં રાખીને ફેરિયાઓને ગામમાં ફરવાની મનાઇ છે. પંચાયતે હજી પણ પંચની પરંપરા જાળવી રાખી છે. તેથી પોલીસ ચોપડે કેસ નોંધાયો નથી. આ ગામમાં પર્યાવરણનાં હિત માટે અને શારીરિક નુકસાન ના થાય એ માટે દિવાળીમાં ફટાકડા અને ધૂળેટીમાં રંગથી ના રમવાનો સર્વસંમતિથી નિર્ણય લેવાયો છે. આરોગ્ય અને બૌદ્ધિક ક્ષમતા જળવાઇ રહે એ માટે આખાં ગામમાં દેશી ગાય જ પાળવામાં આવે છે.   આ   તમામ કામગીરી માટે પ્રથમ સામાન્ય સભામાં એકમત થયા પછી ગ્રામસભામાં રજૂઆત કરવામાં આવી. તેમાં સહમતિ મળ્યા બાદ કાર્યોને પ્રાથમિકતા આપીને વિવિધ સમિતિઓને પંચાયત દ્વારા જવાબદારી સોંપવામાં આવી. કોઇપણ કામની ગુણવતામાં બાંધછોડ ન થાય એ માટે ગામમાંથી જે તે વિષયના જાણકારને માનદ વેતન ઉપર રાખવામાં આવ્યા. ગામલોકો પાસેથી શ્રમ, સમય અને આર્થિક એમ જે અનુકૂળ હોય એમ ભાગીદારી લેવામાં આવી.

ગામમાં એક પણ સમુદાય પ્રાથમિક સુવિધાથી વંચિત નથી એમ સરપંચશ્રી જયંતીલાલ ચોપડાનું કહેવું છે કે, **‘‘સામાજીક એકતા વિના પંચાયતમાં સુશાસન લાવવું શકય નથી. આ વાતને પાયામાં રાખીને એ જ રીતે ઉપ સરપંચશ્રી સાંયાભાઇ મહેશ્વરી અને તેમની પંચાયત બોડી કામ કરી રહી છે. એકતાના મૂલ્યને ધ્યાનમાં રાખીને કામ થાય તો સુશાસન આવ્યા વિના રહે ખરૂં ?’’**

આ પંચાયતની અવિરત કામગીરીમાં કાર્યક્ષમતા, અસરકારકતા અને લોકભાગીદારી જેવા માપદંડો દેતીની રીતે જોવા મળે છે.





# સહભાગિતા સાથે પારદર્શી વહીવટ પૂરો પાડતી **મમાયમોરા પંચાયત,** તા. માંડવી

ગામના ખેડૂતોને ખેતી માટે ૨૪ કલાક પાણી મળે, ગામનાં પશુઓ માટે પૂરતું ગૌચર હોય, ગામના લોકો પાસેથી ૯૦ ટકા વેરા વસૂલાત કરીને ગામ એટલી જ સરકારી ગ્રાન્ટ મેળવવામાં સફળ બનતું હોય એવું ભાગ્યે જ જોવા મળે કચ્છ જિલ્લામાં આવું પણ એક ગામ છે, નામ છે મમાયમોરા. મુખ્યત્વે પટેલ, મુસ્લિમ, રબારી અને ગઢવી સમુદાયના મળીને ૩૨૪ કુટુંબોની ૧૬૬૩ લોકોની વસ્તી ધરાવતા આ ગામે પાયાની અનેક સુવિધાઓ ઊભી કરીને વિકાસપથ કંડાર્યો છે.

ગામમાં ૮૫૦ એકર ખેતીલાયક જમીન છે. ગામનું ભૂગર્ભજળ સારૂં હોવાથી ત્રણેય સિઝનના પાક લેવાય છે. કપાસ, એરંડા, મગફળી, ધાણા અને જીરૂંની સાથે સાથે ગામની ૩૦ ટકા જમીનમાં બાગાયતી ખેતી થાય છે. ગામનાં નાના-મોટા ૭૦૦ પશુઓ માટે ૧૩૬ એકર ગૌચર પંચાયતે ફાળવ્યું છે અને બીજા ૫૦ એકરની સુધારણા થઇ રહી છે તે નોંધપાત્ર છે. ગામની બે દૂધમંડળીઓમાં રોજ ૨૫૦૦ લિટર જેટલું દૂધ જમા થાય છે.

ગામની સક્રિય પંચાયતે ૨૪ કલાક પીવાના પાણીની સુવિધા ઉભી કરી છે. ગામના ૯૫ ટકા રોડ સીસી રોડ છે. નોંધપાત્ર વાત તો એ છે કે, ગામના પ્રત્યેક ઘરમાં શૌચાલય છે અને ભૂગર્ભ ગટર પણ છે. આમ, મમાયમોરા ગામ સાચા અર્થમાં ખુલ્લામાં હાજતથી મુકત ગામ બન્યુ છે. પંચાયતે ગ્રામજનોને મહત્વની જાણકારી આપવા અને અગત્યની જાહેરાત કરવા માટે માઇક સિસ્ટમ પણ વસાવી છે. ઉપરાંત, દાતાઓના સહયોગથી ગામમાં સીસીટીવી કેમેરા લગાવવાની પણ તૈયારી કરી છે. ગામમાં થયેલા વિકાસકામો અંગે ગામના સરપંચ મનીષાબહેન જબુઆણી કહે છે, ‘‘ગામમાં પંચાયતે મોટાભાગની સગવડો ઊભી કરી છે. વોટરશેડ હેઠળ અમે ૧૭ ચેકડેમ બનાવ્યા છે.’’ ગામના ખેડૂત જીવરાજભાઇ સેંઘાણી કહે છે, **‘‘અહીંની જમીન અને આબોહવા, બાગાયતી ખેતીને માફક આવે તેવી છે. ગામના ખેડૂતોને ખેતીનાં સાધનો, નહીં નફા, નહીં નુકસાનના ધોરણે આપવાની વ્યવસ્થા છે.’’**

મમાયમોરા પંચાયતે શ્રેષ્ઠ વથાણનો પુરસ્કાર મેળવીને પશુઓની માવજત તરફ અંગૂલીનિર્દેશ કર્યો છે. પંચાયતે ગામના લોકો પાસેથી ૯૦ ટકા વેરા વસૂલવાની સફળતા મેળવી છે. તેથી એટલી જ ગ્રાન્ટ મેળવીને વિકાસનાં કામોને વેગ આપવાની તક મળે છે. ગામની પ્રાથમિક શાળામાં પૂરતા શિક્ષકો છે અને અહીં પ્રજ્ઞા વર્ગોનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. શાળામાં કોમ્પ્યુટર લેબ એન સ્માર્ટ લર્નિંગ કલાસ પણ ચલાવવામાં આવે છે. ગામમાં બે આંગણવાડી પણ છે. સિનિયર સિટિઝનો માટે ગામની શિક્ષણ સમિતિ દ્વારા પાર્ક બનાવવાનું આયોજન છે. ગામના પાર્ટી પ્લોટમાં રૂા. ૫૦૦ ટોકન ચાર્જ આપીને ગામનું કોઇ પણ કુટુંબ સામાજિક પ્રસંગો યોજી શકે છે. ગામના લોકો દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ કાર્યક્રમમાં ભેગા થાય અને સાથે ભોજન લે છે.

ગામ માટેના બધા નિર્ણયો ગ્રામસભા અને સામાન્ય સભામાં ચર્ચા કરીને સૌની સંમતિથી લેવાય છે. હિસાબો પણ ગ્રામ સભામાં વંચાણે લેવામાં આવે છે એ નોંધપાત્ર છે. દરેક કામ, પંચાયત દ્વારા સમયમર્યાદામાં પુરૂં કરવામાં આવે છે. દરેક કામ માટે સમિતિ બનાવવામાં આવી છે અને દરેક કામ લોકભાગીદારીથી જ થાય છે. ગામની દરેક જ્ઞાતિને નિર્ણય-પ્રક્રિયામાં અને વિકાસનાં કામોમાં જોડવામાં આવે છે તે ખૂબ નોંધપાત્ર છે. એટલું જ નહીં, ગામના સૌથી નબળાં કુટુંબોને વિકાસકાર્યમાં પહેલી પસંદગી આપવામાં આવે છે.

મમાયમોરા પંચાયત દ્વારા સરકારની ગાઇડલાઇન પ્રમાણે જ બધાં કામો થાય છે. બજેટ પ્રમાણે કામ પણ થાય છે અને તે ગ્રામ સભામાં વંચાણે પણ લેવામાં આવે છે તે નોંધનીય છે. ગ્રામજનોની સહભાગિતા, શ્રમ, સહકાર, સંપ અને આયોજનબદ્ધ વિકાસનું પ્રેરણાદાયી ઉદાહરણ મમાયમોરા પંચાયતે પૂરૂં પાડયું છે.







# સામાજીક દુષણ દુર કરી વિકાસની પહેલ કરતી **સતાપર ગ્રામ પંચાયત**, તા. અંજાર

કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં આવેલા આ ગામમાં ૪૦૦ કુટુંબો વસે છે. મુખ્યત્વે આહિર, મેઘવાળ, રબારી, અને કોળી સમુદાયની મળીને ૨૫૦૧ લોકોની વસ્તી ધરાવતા આ ગામની પંચાયતના ૮ વોર્ડ છે. સતાપરમાં જુગારની બદી સાથે દારૂ, ગુટખાનું વેંચાણ પણ થતું હતું. ગુટખાના કારણે યુવાનો તો ખરા પણ નાના બાળકો અને મહિલાઓમાં પણ ગુટખા ખાવાનું પ્રમાણ વધી રહયું હતું. મોડી રાત સુધી શેરીઓમાં જુગારની રમતો રમાતી હતી. આ દુષણોને નાથવા સતાપર પંચાયતે પહેલ કરી અને આ કામગીરી માં સીતેર ટકા જેટલી સફળતા મેળવી છે.

દારૂ - જુગારની બદી દુર કરવાનું કામ ગ્રામ પંચાયતના ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીના કાર્યકાળ દરમ્યાન થયું. તત્કાલીન સરપંચના સમયમાં દારૂ-ગુટખા અને જુગારનું દુષણ વધારે પ્રમાણ માં હતું. વ્યસનના કારણે ઘરમાં ઝઘડા થતા અને આ વ્યસન પાછળ ઘણો ખર્ચ થતો. જુગારની બદી બાબતે લોકો જાગૃત થાય તે હેતુથી પંચાયત દ્વારા ગાયત્રી પરિવાર, પોલીસ તંત્ર એન ગ્રામસભાને પણ આ ઉમદા કામમાં જોડાવાનું આહવાન કરવામાં આવ્યું. સૌએ સાથે મળીને સતાપર ગામમાં જાગૃતિ રેલી યોજી. તેમાં ૧૫૦૦ થી વધારે લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો. રેલીના અંતે વ્યસન - મુકિતનો જાહેર કાર્યક્રમ યોજવામાં આવ્યો.

તે પછી પંચાયતે શેરીનાટકના માધ્યમથી ગ્રામજનોને ગુટખા - દારૂથી થતી કેન્સર જેવી જીવલેણ બીમારીઓ વિશે જાણકારી આપી. એટલુ જ નહિ, ગામમાં ગુટખા વેચતી દરેક દુકાને જઇને તેમને ગુટખા વેચવાનું બંધ કરવાની અપીલ કરવામાં આવી. પંચાયતે આ અભિયાન ઉપાડયું ત્યારે દારૂ બનાવતા અને વેચતા બુટલેગરોએ તેમાં અવરોધ ઉભો કરવાનો પ્રયત્ન કર્યો અને ગુટખા અને દારૂ જુગાર બંધીને કારણે સરપંચ અને એડવોકેટ દિનેશભાઇ માતાને સરપંચ પદેથી હટાવવા અવિશ્વાસની દરખાસ્ત પણ થઇ હતી. તેમ છતાં, પંચાયતે હિંમત હાર્યા વગર પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા. પંચાયતની પહેલ અને સૌના સાથ - સહકારને કારણે સતાપર ગામમાં દારૂ-ગુટખા અને જુગારનું દુષણ દુર કરવામાં ૭૦ ટકા સફળતા મળી એમ કહી શકાય. ગામના લોકો કહે છે તેમ જો પોલીસ સાથ આપે તો આ દુષણ નાથવામાં ૧૦૦ ટકા સફળતા મળે.

ગામમા અગાઉ ગુટખા વેચતા દુકાન - માલિક કહે છે કે, **“પંચાયતે જયારે આ કામ ઉપાડયું ત્યારે શરૂઆતમાં અમે ખુબ નારાજ થયા હતા, પરંતુ અમને સમજાયું કે, ગુટખાનું વ્યસન દુર થાય તો અમારા ગ્રામજનોનું સારું જ થશે. હવે અમે ગુટખાનું વેચાણ બંધ કરીને દાબેલી વેચીને જીવન ગુજરાન ચલાવીએ છીએ. તેનાથી અમને એટલી જ આવક મળી રહે છે.”**

પંચાયતે પીવાનું પાણી, શિક્ષણ, આરોગ્યને લગતા કામો કર્યાં. ઉપરાંત વિધવા - સહાય, રાશન કાર્ડ, મા અમૃતમ કાર્ડ તથા આધાર કાર્ડનો કેમ્પ કરીને ગ્રામજનો ને તે ઉપલબ્ધ કરાવ્યા. ગામના વિદ્યાર્થીઓની માંગ મુજબ અંજાર એસ.ટી. બસ ડેપોને રજુઆત કરીને સવારે અને બપોરે બસ ચાલુ કરાવી છે. પંચાયતે ગ્રામ વિકાસ માટે પંચાયત ની તમામ સમિતિઓ પણ રચી છે. સરપંચ દિનેશભાઇ માતાને તેમના નોંધપાત્ર કામ માટે વર્ષ ૨૦૧૫ માં સરકારના સ્વચ્છ ભારત મિશન દ્વારા ‘આઇકોનીક સરપંચ એવોર્ડ’ પણ એનાયત થયો છે. ૨૦૧૭ સુધી દિનેશભાઇ સરપંચ પદે હતા અને ૨૦૧૭ પછી તેમના પત્નિ આરતીબેન દિનેશભાઇ માતા સરપંચ પદે ચુંટાયા હતા. તેમણે પણ દુષણો નાથવા અને ગામનો યોગ્ય અને સાચી દિશામાં વિકાસ થાય તેના પ્રયત્નો ચાલુ રાખ્યા છે.







# કુદરતી સંસાધનોનું જતન કરવાની રાહ ચીંધતી **ભીમાસર પંચાયત,** તા. અંજાર

**જાહેર ચેતવણી ''ઈસ તાલાબ કે પાની કા ઉપયોગ લોગો કે પીને કે લિયે કિયા જાતા હૈ. ઈસલિયે યહાં કોઈ મૂર્તિ, પૂજા સામગ્રી, કચરા ડાલના મના હૈ. યહ ચેતાવની કા ભંગ કરને વાલો કો ભીમાસર પંચાયત કી ઓર સે દંડ એવમ્ ઉનકે સામને કાનૂની કાર્યવાહી કી જાયેગી.''** - ભીમાસર ગ્રામ પંચાયત, તા. અંજાર-કચ્છ.

કચ્છ જીલ્લાના અંજાર તાલુકાના ભીમાસર અને પશુડા ગામની સંયુકત પંચાયતે પોતાના મહત્વના કુદરતી સંશાધનોમાં ૨૧ તળાવો માટે ઉપર મુજબના અનેક નિયમો બનાવ્યા છે અને તેનો મકકમતાપૂર્વક અમલ પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ ની પંચાયતના કાર્યકાળ દરમ્યાન પંચાયતે જળપ્રબંધન સમિતિની રચના કરી. સક્રિય જળપ્રબંધન સમિતિએ કરેલાં સૂચનો સ્વીકારીને ભીમાસર ગ્રામ પંચાયતે ગામના ૨૧ તળાવોના નીતિ-નિયમો બનાવ્યાં છે. નીતિ-નિયમો પ્રત્યે લોકો ગંભીર બને અને તેનું પાલન કરે તે માટે પંચાયતે સામાન્ય સભામાં નીતિ-નિયમોનો લેખિત ઠરાવ પણ કર્યો છે. નીતિ-નિયમો બનાવ્યાં તે પહેલા, પંચાયતે પોતાના સ્વભંડોળમાંથી તથા લોકફાળાની મદદથી ગામતળના ચકાસર તળાવની ૨૨ લાખની કામગીરી કરી છે. એટલું જ નહીં, ગામતળ અને સીમતળનાં દફતરો પણ પંચાયતે સારી રીતે નિભાવ્યાં છે. તળાવોની જાણવણી માટે જે સ્વભંડોળ વાપરવામાં આવ્યું તે પંચાયતે ૯૯ ટકા વેરા વસૂલાતમાંથી મહામહેનતે ઊભું કરેલું ભંડોળ હતું. એટલે જ ગામમાં કુદરતી સંસાધનો એવાં તળાવોની સાચવણી માટે પંતાયતે ખૂબ કાળજી રાખી છે.


પંચાયતના સભ્યો અને જુદી જુદી સમિતિઓના સભ્યો કુદરતી સંશાધનોનું મૂલ્ય સમજે તે હેતુ થી એક તાલીમ પણ યોજવામાં આવી. તે પછી પૂરેપૂરા મરામત કરેલાં તળાવોના રખોપા માટે કેટલાક નીતિ-નિયમો ઘડયા તે આ રહ્યા તળાવના આવક્ષેત્રમાં કોઈએ દબાણ કરવું નહીં, તળાવનો પીવાનાં પાણી તરીકે ઉપયોગ કરવાનો હોવાથી તેનો નહાવાં કે કપડાં ધોવા જેવો વૈકલ્પિક ઉપયોગ કરવો નહીં. તળાવના ઓગનની નિયમિત દેખરેખ રાખવી અને ફરજીયાત રીતે મરામત કરવી. તળાવમાં આવેલા કાંપ કે માટી નિયત સમયે ઉપાડવી અને ખાણેત્રું કરવું. તળાવની આવમાં ગટર કે ઉદ્યોગનું પ્રદૂષિત પાણી અને ઘન કચરો નાખવા દેવો નહીં. ગણેશ ઉત્સવ પછી મૂર્તિઓ તળાવમાં પધરાવવી નહીં. આ તો થઈ ગામના તળાવની વાત. પંચાયતે ગામનાં ૨૧ સીમતળાવો માટે આવા કેટલાંક નિયમો ઘડીને ઠરાવ કર્યો છે. સીમ તળાવોમાં કચરો કે ગંદકી ન પ્રવેશે તેનું ધ્યાન રાખીને તે સ્વચ્છ રાખીશું. આવક્ષેત્રમાં રહેણાંક વસાહતો ઊભી ન થાય તેની કાળજી રાખવી. તળાવની પાળ ઉપર વૃક્ષો વાવવા. તળાવની પાળે સિનિયર સિટિઝન અને ગ્રામજનોને બેસવા માટે બાંકડાની વ્યવવસ્થા કરવી.

તળાવોની સાથેસાથે પંચાયતે ગામમાં કોઈપણ બાંધકામ કરતાં પહેલા પંચાયતની મંજૂરી લેવાનો નિયમ પણ ફરજીયાત કર્યો છે. પંચાયતે તમામ ભૌતિક સુવિધાઓ ઊભી કરી છે. દરેક ઘરમાંથી ઘન કચરો એકઠો કરવા માટે વાહનો અને સફાઈ કર્મચારીઓ રાખવામાં આવ્યા છે. ભૂકંપ પછી સહારા ઈન્ડિયાએ વ્યવસ્થિત આયોજનથી ગામની કાયાપલટ કરી હતી. તેથી તે જોવા માટે નેપાળના પૂર્વ અને વર્તમાન વડા પ્રધાન પણ ભીમાસર પંચાયતની મુલાકાત લઈ ચૂકયા છે. વર્લ્ડ બેંકના પ્રતિનિધિઓ પણ ગામની મુલાકાતે આવ્યા હતા. ભીમાસર પંચાયતને શ્રેષ્ઠ કામગીરી બદલ રાષ્ટ્રપતિ અને મુખ્ય મંત્રી દ્વારા અનેક એવોર્ડ એનાયત થયા છે.

ગામના દરેક સમુદાયની ભાગીદારી સાથે ગામનાં કુદરતી સંશાધનોનું જતન કરવાની આગવી સૂઝબૂઝ ધરાવનાર ભીમાસર પંચાયતને આદરભરી સલામ !







# વંચિત સમુદાયો સુધી વિકાસના ફળ પહોંચાડતી **મોટી વિરાણી પંચાયત,** તા. નખત્રાણા

ગાંધીજીએ કહ્યું હતું કે, ‘‘જ્યાં સુધી વિકાસના ફળ, ગામના ગરીબોમાંથી પણ સૌથી ગરીબ અને છેવાડાના લોકો સુધી ન પહોંચે તો તે સાચો વિકાસ નથી.’’ મહાત્મા ગાંધીના આ ઉમદા વિચારને સાર્થક કરતી હોય તેમ મોટી વિરાણી ગ્રામ પંચાયતે સૌથી વંચિત અને નબળા કુટુંબો સુધી વિકાસના ફળ પહોંચાડ્યા છે.

કચ્છ જીલ્લાના નખત્રાણા તાલુકામાં આવેલા મોટી વિરાણી ગામની જુથ પંચાયતમાં મોટી વિરાણી, નાની વિરાણી અને સુખપર વિરાણી ગામનો સમાવેશ થાય છે. કુલ ૧૦ વોર્ડમાં મુખ્યત્વે પટેલ, દરબાર, દલિત, મુસ્લિમ, રબારી, ભીલ, લોહાણા ની મળીને ૫૧૮૭ લોકોની વસ્તી ધરાવતા આ ગામના સરપંચ છે ઉમરાબહેન બુદ્ધભાઇ જેપાર. ૧૧ સભ્યોની બનેલી મોટી વિરાણી પંચાયતની સામાજીક ન્યાય સમિતિના ચેરમેન હીરાબેન ચંદુલાલ બડીયા તેમજ સભ્યો હમેંશા વંચિતોના પ્રશ્નો હાથ ધરવા તત્પર હોય છે. વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ ના પાંચ વર્ષ માટે ચુંટાયેલી આ પંચાયતે ગામમાં શાળા, આંગણવાડી, બસ સ્ટેન્ડ, પાણીની ટાંકી, સ્ટ્રીટ લાઇટ, સમાજવાડી, રસ્તા વગેરે જેવી માળખાકીય સુવિધાઓ ઉભી કરી છે. ગામમાં જીએમડીસી દ્વારા બનેલી શાળા ગ્રામ વિકાસ મંડળ તેમજ પંચાયત ચલાવે છે. સ્થાનિક ધારાસભ્ય આ જ ગામના વતની હોવાથી ગ્રામ પંચાયતને કામ કરવામાં સરળતા રહે છે એમ સરપંચ કહે છે. સક્રિય ધારાસભ્ય દ્વારા ગ્રામ પંચાયતને જાણકારી મળતી રહી છે અને વિકાસ ના કામોમાં પણ મદદ મળે છે.

મોટી વિરાણી પંચાયતનો વોર્ડ નં. ૮, જાગરીયા વાસ તરીકે ઓળખાય છે. ત્યા અનુસુચિત જાતિનાં ૫૦ અને અનુસુચિત જનજાતિના ૯૦ ઘરો છે. પંચાયતે જોયું કે વંચિત સમુદાયોના આ વોર્ડમાં ખુબ ગંદકી છે. કુલ ૧૪૦ ઘરોમાંથી ૭૦ ઘરોમાં શૌચાલયની સુવિધા નથી. તેથી લોકો ખુલ્લામાં શૌચક્રિયા માટે જાય છે. વળી, ન્હાવા માટે બાથરૂમની સુવિધા પણ ન હોવાથી આ વાસમાં રસ્તા ઉપર પાણી ભરાઇ રહેતું. પંચાયતે આ સ્થિતિ જોઇને જાગરીયા વાસના શૌચાલયથી વંચિત કુટુંબોની સમસ્યા દુર કરવાનો નિર્ધાર કર્યો. પંચાયત બોડીની મિટિંગમાં સૌ સભ્યોએ જાગરીયા વાસમાં શૌચાલય અને ગટર વ્યવસ્થા કરવાનો સર્વાનુમતે નિર્ણય લીધો. ગ્રામ પંચાયતના ગામના વંચિત સમુદાયના લોકો માટેના કામોને પ્રાથમિકતા આપવામાં આવે એવું ઓછું જોવા મળતું હોય છે ત્યારે મોટી વિરાણી ગ્રામ પંચાયતનો આ નિર્ણય ખરેખર સરાહનીય છે.

પંચાયતની સક્રિય સામાજીક ન્યાય સમિતિના અને પંચાયતના સભ્યોએ વોર્ડ નં. ૮ ની મુલાકાત લીધી અને ત્યાંની સ્થિતિનું આકલન કર્યું. તે પછી દોઢ લાખ રૂપિયાનું બજેટ ફાળવીને એ ફળીયામા ૨૧૫ મીટરની ગટર લાઇન નાંખવામાં આવી. ઉપરાંત, એ ફળિયામાં એક જાહેર શૌચાલય પણ બનાવવામાં આવ્યું. પંચાયતના માર્ગદર્શનથી કેટલાક પરિવારોએ સરકારી યોજનામાંથી પોતાના ઘરે વ્યકિતગત શૌચાલયો પણ બનાવ્યા. આમ, જાગરીયા વાસના દલિત અને આદિવાસી પરિવારો મળીને કુલ ૭૦ કુટુંબોએ ખુલ્લામાં હાજતે જવાથી મુકિત મેળવી. એક યાદગાર પ્રસંગ વિશે સરપંચ કહે છે કે, **‘‘ ૨૮ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ અમારા ગામમાં યોજેલી ગ્રામ સભામાં અમે પહેલીવાર કામના હિસાબો જાહરેમાં રજુ કર્યા હતા. ગ્રામજનોએ પણ અમારી આ પહેલને બિરદાવી. તેથી અમારો ઉત્સાહ ખુબ વધ્યો છે. આગામી સમયમાં પણ અમે આ પ્રથા ચાલુ રાખીશું. ’’**

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગામના દલિત અને અન્ય પછાત વર્ગના લોકો માટે ૨૨ ઘર બનાવવામાં આવ્યાં છે. પંચાયત હવે ઝુંપડામાં રહેતા તમામ પરિવારોને આવાસ પુરા પાડવા માટે પ્રતિબદ્ધ છે. છેલ્લા ૧૫૦ વર્ષથી શૌચાલયની સુવિધાથી વંચિત સમુદાયોને ઘર આંગણે શૌચાલય પુરા પાડીને મોટી વિરાણી યશભાગી બની છે. ગામ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષીને મોટી વિરાણી પંચાયતે એક અસરકારક અને કાર્યક્ષમ પંચાયતની છાપ ઉપસાવી છે.





# સાચા અર્થમાં મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ **કાઠડા પંચાયત**, તા. માંડવી

કોઇપણ વ્યકિત માટે એનો સામાજીક દરજ્જો ખુબ મહત્વનો હોય છે. એમાં પણ જયારે એ વ્યકિત સ્ત્રી હોય ત્યારે સમાજના બધા જ માપદંડ બદલી જાય છે. કોઇપણ સ્ત્રીની સામાજીક સ્થિતિ એની સાથે જોડાયેલા પુરુષોથી ઓળખાતી હોય છે. પરણિત, કુંવારી, અપરિણિત, ત્યકતા, વિધવા.. કોઇપણ સરકારી યોજનામાં દરેક સ્ત્રીએ પોતાનો આ દરજ્જો બતાવવો પડે છે. એ જ રીતે એની સાથે વર્તન કરવામાં આવે છે.

જેનો પતિ મૃત્યુ પામ્યો છે, એવી સ્ત્રીની સ્થિતિ બહુ કફોળી થાય છે. બાળક ન હોય અથવા નાના બાળકો હોય એ વિધવા સ્ત્રી વળી અલગ પ્રશ્નોનો સામનો કરે છે. જેમાં આર્થિક તકલીફોનો સામનો પણ આવી જાય છે.

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કાઠડા ગામની પંચાયતે આવી જરૂરીયાત મંદ બહેનોને પંચાયત માળખા તરીકે સહયોગ આપીને એક નવું ઉદાહરણ રજુ કર્યું છે. મોટા ભાગે એવું માનવામાં આવે છે કે, પંચાયતની કામગીરી એટલે રોડ, પાણીની ટાંકી, લાઇટ, નળ જેવી પ્રાથમિક સગવડો ઉભી કરવાની હોય. પણ કાઠડા પંચાયત ના સરપંચ ભારમલભાઇ ગઢવીને અનોખો વિચાર આવ્યો. સરપંચ થયા બાદ વિવિધ સરકારી યોજનાઓની માહિતી મેળવતાં તેમને જાણવા મળ્યું કે સરકાર દ્વારા વિધવા બહેનને ૧૦૦૦ અને નિરાધાર વૃદ્ધા બહેનને ૫૦૦ રૂપિયા સહાય કરવામાં આવે છે. તે પંચાયત આવી મહિલાઓ માટે શું કરી શકે ? આવા વિચારના પગલે તલાટી પાસે માહિતી માંગતા માલુમ પડયું કે પંચાયત પાસે આવી કોઇ વ્યવસ્થા નથી પણ જે વેરા વસુલે છે તે માફ કરી શકે છે. સરપંચ ગઢવીભાઇ એ ગ્રામસભામાં ઠરાવ પસાર કરાવી નિરાધાર મહિલાઓ પાસેથી કરવેરા ન લેવાનો નિર્ણય લીધો. ગામની ૬ વિધવા અને ૯ નિરાધાર એમ કુલ ૧૫ જેટલી મહિલાઓનો પાણી વેરો માફ કરીને સંવેદનશીલતાનો દાખલો ઉભો કર્યો છે. વર્ષ ૨૦૧૭ થી આ મહિલાઓને ૭૦૦ રૂપિયા પાણીવેરો, રૂા. ૫૦ સફાઇ વેરો, તેમજ ૧૫૦ રૂપિયા દિવા બતી એમ કુલ મળીને ૯૦૦ રૂપિયાના વેરા માફ કરવામાં આવ્યા.

૮૮૭ કુટુંબો અને ૨૮૪૮ જેટલી વસ્તી ધરાવતા કાઠડા ગામમાં ગઢવી, બાવાજી, મહેશ્વરી, મુસ્લિમ, દરબાર, પટેલ અને દાતણીયા સમુદાયના લોકો રહે છે. પંચાયતે આ તમામ જ્ઞાતિની જરૂરતવાળી વિધવા મહિલાઓને પાણી વેરો માફ કર્યો છે. આ વેરા માફ થવાથી ફાયદો મેળવનાર એક વિધવા બહેન કહે છે કે **''પંચાયત તરફથી અમારા જેવી મહિલાઓ પર ૯૦૦ રૂપિયા જેટલો વેરો માફ કરવામાં આવ્યો છે ત્યારે લાગે છે કે અમારી પીડા અને લાગણી સમજનાર કોઇ તો છે ને !''**

ગ્રામસભા અને સામાન્ય સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારી કાયદા મુજબ ૨૧ વર્ષનો પુત્ર હોય એવી બહેનોને આમાં આવરવામાં નથી આવી. ગામની કુલ ૮૮૭ પરિવારો સામે માત્ર ૧૫ જ બહેનોના કરવેરા માફ કરવામાં આવ્યા છે તેથી પંચાયતની આવકમાં કોઇ નોંધપાત્ર અસર પડી નથી. તેમજ પંચાયત દ્વારા અન્ય વેરા વસુલાતની પ્રક્રિયાને વેગ આપવામાં આવતાં વેરાની આવકમાં વધારો થયાનું સરપંચ જણાવે છે.

વિધવા, વૃદ્ધ અને નિરાધાર મહિલાઓની આર્થિક પરિસ્થિતિ સમજીને સંવેદનશીલતાના ગુણને સાર્થક કરતાં કાઠડા પંચાયતે અનોખો આયામ સર્જ્યો છે. તેમજ અન્ય વેરાની વસુલાત વધારી અસરકારક પંચાયતની ભુમિકા નિભાવી છે.



# પર્યાવરણ, રોજગારી અને મહિલાઓના મુદ્દે સચોટ કામગીરી દર્શાવતી **ઝીંકડી પંચાયત,** તા. ભુજ

મહાત્મા ગાંધીજીનું નામ જેની સાથે જોડાયું છે એવી મનરેગા એટલે કે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી કાયદાનું અમલીકરણ વ્યવસ્થિત રીતે થાય તો ખરેખર એ યોજના વડે લોકોને લાભ થઇ શકે છે.

આ વાતનું જીવંત ઉદાહરણ છે ભુજ તાલુકાની ઝીંકડી પંચાયત. આ જૂથ પંચાયત છે, જે ઝીંકડી સહિત પાંચ ગામને આવરી લે છે. ૮૩૪ પરિવાર અને ૩૮૭૬ની વસ્તીમાં આહિર, મુસ્લિમ, દલિત, કોળી, કુંભાર, બાવાજી વગેરે જ્ઞાતિઓ વસવાટ કરે છે.

સરપંચશ્રી વાલજીભાઇ લખમણ બતા અને તેમની પંચાયત બોડી આ માટે સતત મહેનત અને આયોજન કરે છે. આ કામની બે મુખ્ય વિશેષતા છે. એક તો આ કામ હેઠળ વૃક્ષો વાવીને પર્યાવરણ માટે ફાયદાકારક કામ થયું છે. બીજું કે આ કામમાં ૯૯ ટકા જેટલી બહેનોની ભાગીદારી છે. વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીમાં મનરેગામાંથી રૂપિયા ૮૩.૭૦ લાખનાં કામો થયાં છે.

દસ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં દરેક જ્ઞાતિનાં બહેનો જોડાય તે માટે ગ્રામસભામાં ચર્ચા ઉપરાંત ઘરેઘર જઇને બહેનો સાથે વાત કરવામાં આવી. પંચાયત દ્વારા સાત સભ્યોની સમિતિ બની છે, જેમાંથી ૬ બહેનો છે. સમિતિ દર પંદર દિવસે કામની સમીક્ષા કરે છે. કોઇ સમસ્યા કે સૂચન હોય તો તરત ધ્યાનમાં લેવામાં આવે છે. વૃક્ષોને પાણી આપવું અને તેની કાળજી લેવી એ બધું કામ વહેંચી લેવામાં આવ્યું છે. હાજરી, માપણી, ચુકવણું વગેરે સરકારના નીતિ નિયમો મુજબ જ થાય છે. આ પ્રક્રિયાના પરિણામે ૧૬૦ થી વધુ બહેનોને રોજગારી મળતાં તેમને આર્થિક ફાયદો પણ થયો.

બેરોજગાર અને નબળા વર્ગને સ્થાનિકે રોજગારી મળી. જેમને કામ કરવાની ઇચ્છા હતી તે બધાંને કામ મળ્યું છે. પંચાયત માને છે કે વિકાસનાં બીજા કામ તો ગ્રાન્ટ મળેથી સમાંતરે ચાલતા રહેશે પણ સ્થાનિકે રોજગારી મળે તે અગત્યનું છે. મનરેગા માં જોડાયેલા રાધાબેન પોતાની વાત મુકતાં જણાવે છે કે, **“પહેલા માત્ર ચોમાસાના ૩ મહિના અને તે પણ બીજા ગામે કામ કરવા જવું પડતું પરંતુ હવે સ્થાનિકે જ કામ મળી રહે છે અને દર ૧૫ દિવસે કામનું વેતન પણ મળી જાય છે. આમ રોજગારી મળવા સાથે બાળકો અને ઘર પરિવારની જવાબદારી પણ નિભાવી શકાય છે. ૧૦૦ દિવસ પછી શું કરવાનું ? જો મનરેગામાં કામના દિવસો વધારી શકાય તો ઘર પરિવારની જવાબદારી પણ સારી રીતે નિભાવી શકાય અને મહેનતના રૂપિયા પણ મળે.”**

આમ સરકારી યોજનાનું સરસ અને સફળ અમલીકરણ કરવાની સાથે પર્યાવરણની જાળવણી અને સાચવણીનું કામ જોડીને ઝીંકડી પંચાયતે અમલીકરણનું સફળ ઉદાહરણ પુરું પાડ્યું છે. એટલું જ નહીં, ભાવિ પેઢીને લીલુછમ ગામ પણ વારસામાં આપ્યું છે. સાથે જાળવણીની સમજ અને જવાબદારી પણ..







# ગામ સ્તરે સરકારી યોજનાઓનો લાભ અપાવતી **નારણપર (પસાયતી) પંચાયત,** તા. ભુજ

કોઇપણ સરકારી યોજના આખરે તેના નાગરિકો માટે હોય છે. છતાં ઘણા લોકો યોજનાઓથી વંચિત રહી જતા હોય છે. યા તો પુરી માહિતી નથી મળતી હોતી અથવા શું શું પુરાવા આપવાના છે એ ખ્યાલ નથી હોતો. ઘણી વાર કયા અધિકારીને મળવું એ પણ ખબર નથી હોતી.

ભુજ તાલુકાના નારણપર (પસાયતી) પંચાયત માને છે કે દરેક નાગરિકનો હક છે કે એની જરૂરીયાત મુજબ તેને સરકારી યોજનાઓનો લાભ મળવો જોઇએ. ૨૦૧૧ સેન્સેક્સ મુજબ ૧૨૧૮ કુટુંબો અને ૫૩૦૭ (હાલ ૭૦૦૦) ની વસ્તી ધરાવતી આ એક સ્વતંત્ર પંચાયત છે. ગામમાં પટેલ, મહેશ્વરી, સથવારા, બ્રાહ્મણ, કોળી, બાવાજી, વગેરે સમુદાય વસવાટ કરે છે.

પંચાયત દ્વારા હમેશાં એ પ્રયાસ કરવામાં આવે છે કે સરકારશ્રીની યોજનાઓનો લાભ ગામમાં જ મળી રહે, જેથી લોકોને તાલુકા કે જિલ્લા સ્તરે ધકકો ન ખાવો પડે. તેમના પૈસા અને સમય બેય બચે. ગરીબ અને મજુરી કરતા લોકોને પુરતી માહિતીના અભાવે ઉપસરપંચ રાજાભાઇ હમીરભાઇ રબારીનું નોંધપાત્ર યોગદાન રહેલું છે.

આધાર કાર્ડના કેમ્પ દ્વારા ૭૦૦૦ લોકોના કાર્ડ બનાવેલા છે. મા અમૃતમ યોજના હેઠળ ૭૫૦ કાર્ડ બનાવવામાં આવ્યા છે. ૬૫૦ જેટલા રેશનકાર્ડ ધારકોને તેમના માટે ફિંગર પ્રિન્ટ અપાવીને કાર્ડ સાથે જોડવામાં આવ્યા. શ્રમ કલ્યાણ વિભાગ સાથે સંકલન કરીને કેમ્પ આયોજીત કરવામાં આવ્યો. જેમા ૮૦ લોકોને શ્રમયોગી કાર્ડ આપવામાં આવ્યા હતા. એકસેલ કંપની અને સરકાર સાથે રહીને ૨૮ કુટુંબોને શૌચાલય આપવામાં આવ્યા. બ્લડ ડોનેશન કેમ્પ સુદ્ધાં કરવામાં આવ્યો છે.

આવી વિવિધ કામગીરી પંચાયત દ્વારા સીધી અથવા જરૂરી સંકલન કરીને કરવામાં આવી છે. જાન્યુઆરી ૨૦૧૭ થી વિવિધ સરકારી વિભાગો અને યોજનાઓના ભંડોળમાંથી રૂપિયા ચાલીસ લાખના ગટર, પાણી રોડ, રોડલાઇટ જેવા વિકાસના કામ શરૂ કરવામાં આવ્યા છે. તેમાંથી ત્રીસ લાખના કામ પુરા થઇ ગયા છે. એટલું જ નહિ, કોઇને પણ કોઇ પ્રશ્ન કે મુશ્કેલી હોય તો સીધુ પંચાયતને કહી શકે છે. ગામના વડીલો અને પંચાયત સાથે મળીને તેનું નિરાકરણ લાવે છે. તેને લીધે ગામમાં કોઇ વિખવાદ કે ઝઘડા ઉભા નથી થયા કે નથી કયારેય ગામમાં પોલીસ આવી.

ગામમાં રહેતા વિમળાબેન ડાભી મા અમૃતમ કાર્ડની સેવાનો લાભ વર્ણવતા આભારની લાગણી સાથે કહે છે કે, **"મને મગજમાં રસી સાથે ફેફસાની તકલીફ હતી જેનો અમદાવાદમાં ઈલાજ કરાવવાનો ખર્ચ દોઢ થી બે લાખ થાય એમ હતું. આ અંગે પંચાયતના ઉપસરપંચને જણાવતાં તેમણે સહાય કરી અને તાત્કાલીક ધોરણે 'મા અમૃતમ કાર્ડ ' અપાવ્યો! મે ૨૭ દિવસ અમદાવાદમાં દવા કરાવી જેના ખર્ચમાં આ કાર્ડને કારણે સંપૂર્ણ રાહત મળી અને સાથે સાથે મારી બિમારી પણ દુર થઇ ગઇ. ખરેખર આભારી છું પંચાયતના સહકારની !"**

આમ આ પંચાયત લોકોની જરૂરીયાતને સમજીને સરકારી યોજનાઓ સાથે સંકલન કરે છે. લોકોનો સમય, શકિત અને નાણાનો બચાવ કરે છે.







# સરકાર અને નાગરિકો વચ્ચેનો સેતુ બનતી **કંથકોટ પંચાયત,** તા. ભચાઉ

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાની કંથકોટ ગામની પંચાયતે આ તાલમેલ માટે સારા એવા પ્રયત્નો કર્યા છે, જે સફળ પણ રહયા છે. કંથકોટ સહિત ચાર ગામને સમાવતી આ જુથ પંચાયત ૭૧૫ પરિવારો અને ૨૬૦૩ જેટલી વસ્તીને આવરે છે. જેમાં સંઘાર, દરબાર, રબારી ભીલ, કોળી, પટેલ, લુહાર, દલિત, બ્રાહ્મણ, દરજી, સુથાર, મેમણ, વાઢા જેવા સમુદાયો છે.

કંથકોટમાં વર્ષ ૨૦૧૬ માં સરપંચ લખમણભાઇ કરમણભાઇ પરમાર, અને તેમની આઠ સભ્યોની પંચાયત બોડી ચુંટાઇને આવી, ત્યારે જ તેમણે નક્કી કરેલું કે રોડ, પાણી, વિજળી, વિવિધ બાંધકામ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે અગાઉ કામ થયેલું છે અને હજી અમે પણ કરીશું જ. પણ સહુથી અગત્યનું એ છે કે સરકારશ્રીની વિવિધ યોજનાઓ અને કાયદાઓની માહિતી લોકો સુધી પુરી અને સાચી રીતે પહોંચે, જેથી ગામના નાનામાં નાના અને વંચિતમાં વંચિત પરિવાર સુધી તેનો લાભ મળી શકે. એમનું જીવન ધોરણ બદલી શકે. એ સમયે 'મારો હકક મારે દ્વારે' અને સેવાસેતુ જેવા સરકારી કાર્યક્રમના અમલીકરણ માટે યોજાતા કાર્યક્રમો ન હતા. ત્યારે કંથકોટ પંચાયતે ગ્રામ્ય સ્તરે સરકારી યોજના લોકો સુધી પહોંચે એ માટે કેમ્પનું આયોજન કરીને લોકોને વિવિધ યોજનાઓનો લાભ અપાવેલો. પછી જયારે ઉપરોકત કાર્યક્રમો અમલમાં આવ્યા ત્યારે પણ પંચાયતે ખાસ મહેનત કરીને તાલુકા સ્તરે ઉકેલ આવે એવા રાશનકાર્ડ, મા અમૃતમ કાર્ડ, આવાસ યોજના જેવા પ્રશ્નોના ગામ સ્તરે ઉકેલ લાવેલા.

દેશનો આટલો વિકાસ થયેલો ગણાય છે. છતાં હજી દહેજ, બાળ લગ્ન, ઘરેલુ હિંસા જેવા સામાજીક દુષણો મોટી સંખ્યામાં જોવા મળે છે. આ દરેક દુષણને ડામવા માટે કાયદા છે જ, પણ તેની માહિતી લોકો સુધી પહોંચતી નથી. કંથકોટ પંચાયતે તે લોકભોગ્ય રીતે બધા સુધી પહોંચે એ માટે ગામની શાળાના બાળકોને પ્રોત્સાહિત કરીને નાટક તૈયાર કરાવ્યું. બાળલગ્ન વિરુદ્ધના કાયદાની સમજ આપતું આ નાટક જયારે પહેલી વાર ગામ લોકો સામે રજુ થયું ત્યારે તેનું વિડીયો શુટિંગ કરવામાં આવ્યું, જેથી તક મળ્યે વારંવાર તેને રજુ કરી શકાય.

એ જ રીતે વન અધિકાર કાયદા હેઠળ પંચાયત ની વન અધિકાર કાનૂન સમિતિ દ્વારા વનનો સામુહિક અધિકાર મળે તેના માટે તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને અરજી આપવામાં આવેલી. જેનાં પરિણામરૂપે પ્રાંત સ્તરની સમિતિની રચના થઇ છે. ભચાઉ અને રાપર તાલુકામાંથી માત્ર કંથકોટ પંચાયતે આ પહેલ કરી છે. આ ઉપરાંત, ઇન્દીરા આવાસ અને સરદાર આવાસ, પ્રધાનમંત્રી આવાસ યોજના, વિધવા સહાય, માં અમૃતમ અને વાત્સલ્ય કાર્ડ, વૃદ્ધ સહાય, વિકલાંગ એસ. ટી. પાસ, વીમા યોજના, અન્નપૂર્ણા યોજના જેવી વીસ સરકારી યોજનાઓના લાભની સાથે, રાશન કાર્ડ તથા આવકના દાખલા જેવી કામગીરી સતત ચાલુ છે. જેનો અત્યાર સુધીમાં અંદાજે ૧૫૦૦ લાભાર્થીઓને ફાયદો થયો છે. ગામનાં એક વૃદ્ધ મહિલા બાઇસાબાની આર્થિક સ્થિતિ ખુબ નબળી હતી. વૃદ્ધ સહાય માટે કરેલી અરજીને સાત- આઠ મહિના થઇ ગયા હતા. તે તપાસ કરે તો પણ કયાં અને કેવી રીતે જાય ? તેમણે ઉપસરપંચ ખેંગારભાઇ ને વાત કરી અને તેમણે રૂબરૂ મામલતદાર ઓફિસે જઇને ઘટતી વિગતો પૂરી કરીને બહેનની સહાય શરૂ કરાવી.

ખેંગારભાઇ કહે છે કે, **''અમારું સપનું છે કે પંચાયતના માધ્યમથી બહેનોને કાયમી રોજગારી મળી રહે એવી વ્યવસ્થા ઉભી કરવી. જેના સંદર્ભે સિલાઇ સેન્ટર શરૂ થાય તેની સરકાર અને સંસ્થાઓ સાથે સંકલન ચાલુ છે.''**

પંચાયત અને તેની હેઠળની વિવિધ સમિતિઓ સતત પોતાની કામગીરી કરે છે. જેને લીધે પંચાયતની એક નકકર છાપ સ્પષ્ટ દેખાઇ આવે છે. કંથકોટ પંચાયત સાચા અર્થમાં સરકાર અને નાગરિકો વચ્ચે સેતુની ભૂમિકા ભજવે છે.







# મીસરીયાડો પંચાયતે માલ અને માલધારીયતને આપ્યું નવજીવન - તા. ભુજ

ભુજ તાલુકાની એક વિશ્વ પ્રસિદ્ધ ખાસિયત એટલે બન્ની. એશિયાનો સહુ થી મોટો ચરિયાણ પ્રદેશ. ભુતકાળમાં અહી ગાયો ઘણી હતી. પણ બધા પ્રકારનું ઘાસ લુપ્ત થયું. ગાંડા બાવળનો ઉપદ્રવ વધી ગયો. આવી બીજી અનેક મુશ્કેલીઓને લીધે હવે ગાયોનું સ્થાન ભેંસોએ લીધું છે. બન્ની ની કુંઢી ભેંસને દેશની અગિયારમી અને રાજ્યની ચોથી ઓલાદ તરીકે માન્યતા મળવાથી, સમગ્ર બન્નીમા તેનો દબદબો છે. છતાં, આ જ વિસ્તારમાં મીસરીયાડો ગામમાં હજી ગાયોની પરંપરા જળવાઇ રહી છે. આ જૂથ પંચાયતના ત્રણ ગામોમાં મળીને ૪૦૦૦ ભેંસ અને ૧૨૦૦૦ થી પણ વધુ ગાયો છે. અહીંની વઢિયારી નસલની ગાયો પ્રખ્યાત છે.

પહેલા બન્નીમાં ખુબ ઉંચુ ઘાસ થતું. ગાયો ખુલ્લા ચરિયાણમાં મોજથી ચરતી. પણ તેરથી ચૌદ વર્ષ પહેલાં લોકોએ વાડા બનાવીને ખેતી કરવાનું શરૂ કર્યું. જેમાં દેખાદેખીથી વધારો થતો ગયો. પરિણામે ચરિયાણ વિસ્તાર ઘટતો ગયો. પછી તો સ્થિતિ વધુ વણસવા લાગી. કેમ કે સ્થાનિક લોકોની મદદથી અન્ય વિસ્તારના લોકો પણ વાડા બનાવતા ગયા. જેને લીધે પંચાયતનો મોટો વિસ્તાર ખેતીમાં રોકાઇ ગયો. છેલ્લા ત્રણ વર્ષથી પંચાયત આ વાડા હટાવવા માટેના પ્રયત્નો કરતી હતી. પરંતુ વ્યકિતગત સ્વાર્થને લીધે સફળતા મળતી ન હતી. આખરે પંચાયતે કડવો નિર્ણય લીધો અને ગયા ઉનાળામાં તમામ લોકોને જણાવ્યું કે આ ચોમાસામાં કોઇએ ખેતી કરવી નહી. લેખિતમાં પાકું કરવા પંચાયત કલેકટરશ્રીને પત્ર પાઠવીને તેની જાણ ગ્રામજનોને કરી.

ચોમાસા પહેલા ગ્રામસભા બોલાવવામાં આવી. તેમા અંદાજે ૩૦૦ થી પણ વધુ ગ્રામજનો અને બન્નીનાં અગ્રણીઓ હાજર રહેલા. ગ્રામસભામાં વાડા હટાવવા અંગે પંચાયતે પોતાનો નિર્ણય જાહેર કર્યો વાડાઓને લીધે માલધારીઓને પડતી મુશ્કેલીની ચર્ચા કરવામાં આવી. વાડા બનાવનારાઓએ સારી એવી આનાકાની કરી. કેમ કે તેઓએ વાડા બનાવવામાં ઘણો ખર્ચ કરેલો. પણ પંચાયતનો નિર્ણય આખરી ગણાયો. સહુએ દબાણ હટાવવા સહમતિ આપી. હજી એક મુશ્કેલી હતી. જેમણે દબાણ કરેલું તેમણે જમીનની સુરક્ષા માટે દરેક ખેતરને ફરતે ખાઇ ખોદી હતી અને કાંટાળી વાડ પણ કરી હતી. એથી જમીન દબાણમુકત થવા છતાં પશુઓ સરળતાથી અવર જવર કરી શકતા નહોતાં. વાડ અને ખાઇ સરખા કરીને રસ્તા બનાવવા જરૂરી હતા. પંચાયત પાસે હવે ભંડોળ ન હતું. પણ પંચાયતે એનો રસ્તો કાઢયો. 'સહજીવન' સંસ્થા સાથે સંકલન કરીને એક લાખ રૂપિયાનો નાણાકીય સહયોગ મેળવ્યો. એ ભંડોળમાંથી ૧૨૧ કલાક સુધી લોડર ચલાવીને આખરે રસ્તા પશુઓને ચાલવા યોગ્ય કર્યા.

પૂર્વ સરપંચ અને હાલે પંચાયત સભ્ય એવા બંભા બુધા હાજી ખમીસાએ પંચાયતનું આગામી આયોજન જણાવ્યું હતું કે દબાણમુકત જમીન ઉપર ફરી દબાણ ન થાય તે હેતુથી દર ચોમાસા પહેલા પંચાયત સભ્યો અને માલધારી આગેવાનો ચરિયાણ ભૂમિ ઉપર સ્થાનિકે નજર રાખશે. તો પુર્વે પંચાયત સભ્ય અને હાલે પાણી સમિતિ અને એફ આર સી ના સક્રિય સભ્ય એવા નેરી ગામના હાલેપોત્રા મિચલ તાજમામદભાઇ એવું સપનું જુવે છે કે બન્નીની જાહોજલાલી પહેલાં જેમ જ લહેરાઇ ઉઠશે. પૂર્વ ઉપસરપંચ એવા મજના અલી બંભાએ આસપાસની પંચાયતોને અપીલ કરતા જણાવ્યું હતું કે **''તેઓ પોતાની જમીન ઉપરથી આવા વાડા હટાવીને ચરિયાણ જમીનને આઝાદ કરાવવાની જવાબદારી પણ ઉપાડે તેમજ ફકત તેમનાં પશુઓને મીસરીયાડોના ચરિયાણમાં જ ચરાવે.''**

તેમણે ઉમેર્યું હતું કે સતા ઉપર કોઇપણ વ્યકિત હોય, આખરી નિર્ણય બન્નીનાં હિતમાં અને ચરિયાણની પરંપરા જીવંત રાખવા થવો જોઇએ. માલધારી માટે તેનો માલ એટલે કે પશુ સંતાન સમુ હોય છે. મીસરીયાડોની પંચાયતે તેમની મદદ કરીને માલધારી અને માલને તો જીવતદાન આપ્યું જ છે, સાથે કચ્છની આગવી ઓળખ એવી બન્નીને શાન આપીને દાખલો બેસાડયો છે. આ રીતે મીસરીયાડો પંચાયતે સહકારની ભાવના સાથે સંવેદનશીલતાનો નમૂનો ઉભો કર્યો હતો.







# વિષય નિષ્ણાંતોના અનુભવ !

"

આ પંચાયતો દ્વારા કઇ રીતે સુશાસન થયું ; તેમના સુશાસનની બાબતો અને પ્રયાસો શું છે ; જે શાસન અને વ્યવસ્થાના મુલ્યોને ટકાઉ બનાવે છે ! ગ્રામ પંચાયતોને સુશાસનની નજરે જોવાનો મારો આ વિશિષ્ટ અનુભવ રહ્યો. કચ્છની કેટલીક પંચાયતોએ સુશાસન પ્રક્રિયાને પ્રેરક અને ઉમદા આદત બનાવી છે. ગામની જરૂરીયાતોને પ્રાથમિકતા આપીને પંચાયતે સ્થાનિક સ્વરાજની પ્રક્રિયાને મજબુત કરી છે. વિકાસમાં સુશાસન અને માનવિય જરૂરીયાતોને પ્રાથમિકતા આપતી કચ્છની પંચાયતોએ કેટલીક આદર્શ બાબતોને સ્થાપીને સુશાસનની કેડી કંડારી છે.

**- શ્રી લતા સચદે (સ્થાનિય સ્વશાસન વ્યવસ્થાના નિષ્ણાંત - ગુજરાત)**

"

"

સુશાસનની દિશામાં કચ્છની ગ્રામ પંચાયતોના પ્રયાસોના દસ્તાવેજીકરણની સંકલ્પના અને તેમાં સામેલ મુલ્યાંકનની મહત્વપૂર્ણ પ્રક્રિયામાં જોડાવું મારા માટે ઉત્સાહ પુર્વકનો અનુભવ રહ્યો ! પ્રક્રિયા દરમ્યાન ગ્રામ પંચાયતોની પ્રશાસનિક પ્રક્રિયા અને વ્યાપક વિકાસ વચ્ચેના સંબંધો પ્રત્યે કદરની ભાવના ખુબ જ વધી છે.

**- શ્રી વી. એસ. વૈદ્ય (સ્થાનીય સ્વશાસન વ્યવસ્થાના નિષ્ણાંત - મહારાષ્ટ્ર)**

"

"

આ પ્રક્રિયા દરમ્યાન પંચાયતના વિવિધ પાસાંઓનો પરિચય થયો અને પંચાયતી રાજની વ્યવસ્થા પ્રત્યે વિશ્વાસ વધ્યો. કેટલી પંચાયતો સામુદાયિક સંરચનાનો ઉપયોગ કરે છે, જ્યારે ક્યાંક સમસ્યાઓને અવસરમાં પરિવર્તિત કરવામાં આવી છે ! ક્યાંક ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને નવિનતા લાવવામાં આવી છે તો ક્યાંક પારંપરિક જ્ઞાન અને પ્રશાસનનો ઉપયોગ જોવા મળે છે ! અહીં મને અનેક નવી બાબતો શીખવા મળી છે તેમજ આપણા કામનું મહત્વ ગુજરાત અને ભારતના અન્ય વિસ્તારોમાં પ્રસારવામાં મદદ મળી છે.

**- શ્રી ગોવિંદ દેસાઇ (એ. કે. આર. એસ.પી. - અમદાવાદ)**

"

# અમે છીએ આપના આભારી...

કચ્છની ગ્રામ પંચાયતો સાથેની આ પહેલને સાર્થક કરનાર આપ સૌના આભારી છીએ. આપ સૌના સહકાર વિના આ પ્રકલ્પનું આયોજન અશકય હતું !

સમગ્ર પ્રક્રિયામાં સહભાગી થઇ આ વિચારને ગ્રામ પંચાયતો સુધી પહોંચાડવા માટે માધ્યમ પુરુ પાડવા બદલ જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના અમે આભારી છીએ. સેતુ અને કેએમવીએસની ટીમના સહયોગથી અરજી પ્રક્રિયાને સમજીને પોતાની દાવેદારી નોંધાવનાર દરેક ગ્રામ પંચાયતની અમે સરાહના કરીએ છીએ.

આ પહેલના પ્રારંભથી સમગ્ર વિચારને અખબારમાં પ્રસિદ્ધ કરી દરેક પંચાયતો સુધી માહિતી પહોંચાડનાર આ કાર્યક્રમના મીડિયા પાર્ટનર ''કચ્છમિત્ર'' ના તંત્રીશ્રી દિપક માંકડનો અમે હૃદય પૂર્વક આભાર માનીએ છીએ. 'સાંપ્રત' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર પહેલને રેડીયોના માધ્યમે ગામે ગામ પહોંચાડનાર આકાશવાણી, ભુજના સહયોગને અમે બિરદાવીએ છીએ. ગ્રામ પંચાયતોની રૂબરૂ મુલાકાત લઇ મુલવણીની પ્રક્રિયામાં સહભાગી થનાર ''કચ્છ મહિલા વિકાસ સંગઠન'' તેમજ રેડીયોના માધ્યમથી પ્રસાર પ્રસાર કરનાર ''ઉજાસ રેડીયો'' નો અમે અંતરથી આભાર માનીએ છીએ. આ વિચારને કચ્છની દરેક ગ્રામ પંચાયતના સરપંચો સુધી ''વોઇસ મેસેજ'' સેવા દ્વારા પહોંચાડી સહકાર આપવા બદલ 'રિલાયન્સ ફાઉન્ડેશન' નો આભાર માનીએ છીએ.

સમગ્ર પ્રક્રિયામાં અમને સતત માર્ગદર્શન પુરું પાડવા માટે શ્રી ભીમ રાસ્કર (રિસોર્સ એન્ડ સપોર્ટ સેન્ટર ફોર ડેવલપમેન્ટ, મહારાષ્ટ્ર) ના અમે આભારી છીએ. પોતાનો અમુલ્ય સમય આપી તારવાયેલી પંચાયતોની રૂબરૂ મુલાકાત લઇ સમગ્ર પ્રક્રિયાને સચોટ બનાવવા બદલ વિષય નિષ્ણાંતો શ્રી વી. એસ. વૈદ્ય (સ્થાનિય સ્વશાસન વ્યવસ્થાના નિષ્ણાંત - મહારાષ્ટ્ર), શ્રી ગોવિંદ દેસાઇ (એ.કે.આર.એસ.પી. - અમદાવાદ) તેમજ શ્રી લતા સચદે (સ્થાનીય સ્વશાસન વ્યવસ્થાના નિષ્ણાંત-ગુજરાત) નો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. પસંદગી પ્રાપ્ત ગ્રામ પંચાયતોના દસ્તાવેજીકરણ રૂપી પુસ્તિકા '' સુશાસનના પંથે પંચાયતો'' નું સંપાદન કરનાર 'ચરખા' ના શ્રી સંજય દવે અને શ્રી ઉત્કંઠા ધોળકિયાનો ખુબ ખુબ આભાર !

આ પ્રકલ્પના આયોજનમાં સહયોગ આપવા બદલ 'દસરા' તેમજ 'ડીસીબી બેંક ભુજ' નો અત્રેથી આભાર માનીએ છીએ. બાંગ્લાદેશ ખાતે થયેલા 'પારસ્પરિક શિક્ષણ' ના કાર્યક્રમ સાથે અમને જોડી પ્રેરણા પુરી પાડવા બદલ 'લોગીન' ના આ અવસરે આભાર વ્યકત કરીએ છીએ. અંજાર - ગાંધીધામ ગ્રામ પંચાયત સંગઠને ''પારસ્પરિક શિક્ષણ'' નો પ્રકલ્પ આયોજીત કરી આ આયોજન માટે પ્રેરક ઉદાહરણ પુરૂં પાડ્યું છે, જે બદલ આભાર વ્યકત કરીએ છીએ.

આ પ્રકલ્પની વિચારધારા આપવા સાથે સતત દિશાસુચન અને માર્ગદર્શન પુરું પાડનાર 'લર્નિંગ' લેબ ફોર લોકલ ગવર્નન્સ'' (સેતુ અભિયાન) એડવાઇઝરી મેમ્બર્સ શ્રી અજીત ચૌધરી, શ્રી કજરી મિશ્રા, શ્રી સુષ્મા આયંગર, ડો. જોય ઇલામોનનો અમે ખાસ આભાર વ્યકત કરીએ છીએ.

સમગ્ર પ્રક્રિયાને સ્વરબદ્ધ દશ્ય માધ્યમમાં આપણી સમક્ષ મુકનાર શ્રી સુરેશ બીજલાણીનો આભાર વ્યકત કરીએ છીએ. 'સુશાસનના પંથે પંચાયતોના પ્રયાસો' પુસ્તિકાનું મુદ્રણ, આલેખન અને પ્રકાશન કરનાર પૂજા ગ્રાફીકસ, ભુજ નો આભાર !

સમગ્ર પ્રક્રિયાને સફળ બનાવવા માટે વિવિધ પ્રક્રિયાઓ માટે કચ્છની પંચાયતોની માહિતી એકત્રિતકરણ તેમજ સંદર્ભ સાહિત્ય મેળવવામાં સહયોગ આપનાર સેતુટીમના દરેક કાર્યકરોની અમે સરાહના કરીએ છીએ. આ પ્રકલ્પમાં સહયોગ આપનાર દરેક નામી અનામી સહયોગીઓનો હૃદય પૂર્વક આભાર !

# સમગ્ર પ્રક્રિયાની આછેરી ઝલક...





















સુશાસન
GOOD GOVERNANCE

## LEARNING LAB FOR LOCAL GOVERNANCE (LLLG)

The LLLG is an incubator of concepts, ideas and initiatives to strengthen the value of local governance in the public domain. It undertakes and facilitates research, and learning events in partnership with local governance institutions, civil society organisations and academia.

## SETU ABHIYAN

SETUs, under the aegis of Kutch Nav Nirman Abhiyan, emerged as cluster level facilitation centers post the 2001 earthquake. After a decade of facilitating developmental initiatives in the region, SETU got registered in 2014 as SETU Abhiyan, The organisation presently covers 5 blocks in Kachchh district, Gujarat, through its 8 centres. SETU Abhiyan functions with the prime objective of enabling local government bodies and citizens to enhance their access to knowledge systems, perspectives, learning opportunities, and other resources by which they can improve their capacities for decentralised governance.

learninglab@setuabhiyan.org
setuabhiyan@gmail.com

SETU Abhiyan
www.setuabhiyan.org

## સહયોગ

**સેતુ અભિયાન,** ૭૫, ગેટ નં. ૩, બેંકર્સ કોલોની, ભુજ-કચ્છ. ૩૭૦ ૦૦૧ • ફોન : (૦૨૮૩૨) ૨૨૫૭૭૨/૭૩